દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 16 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 January 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૮ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# WHY USA WITH URVI TOURS ?

## 21 NIGHTS / 22 DAYS

## અમારા ટુરની વિશેષતાઓ

- ૨૨ દિવસની ટુરમાં ૨૦ દિવસ માણો આપણું Indian Breakfast.
- ૨૧ રાત્રીમાં થી ૧૯ રાત ૪ સ્ટાર હોટેલમાં મુકામ.
- Orlando માં ૩ Theme પાર્ક ટુર કોસ્ટમાં સામેલ.
- ૨ રાત Utah માં મુકામ Antelope Canyon સાથે.
- Las Vegas માં ૪ રાત્રિનો મુકામ.
- ૩ National Park ની મુલાકાત ફક્ત Urvi Luxury Destination સાથે.
- ૨ ઇન્ટરનલ ફ્લાઈટ ટુર કોસ્ટમાં સામેલ.
- આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજનની મજા માણો Urvi Luxury Destination સાથે.

**SAN FRANCISCO | LOS ANGELES | UTAH | LAS VEGAS | NIAGARA | WASHINGTON D.C | NEW YORK | ORLANDO**

### 2 NIGHTS SAN FRANCISCO


- Guided City Tour
- Lombard Street
- Twin Peaks
- Golden Gate Bridge Recreation Area Etc.
- Golden Gate Bay Cruise
- 17 Miles Drive.

### 3 NIGHTS LOS ANGELES



- Guided City Tour
- Kodak Theatre
- Chinese Theatre
- Hollywood Walk Of Fame Etc.
- Santa Monica Beach
- Universal Studio

### 4 NIGHTS LAS VEGAS


- The Sphere
- David Copperfield Magic Show
- Helicopter Ride
- Limousine Ride
- Fremont Street
- Outlet Mall.

### 2 NIGHTS UTAH


- Horseshoe Bend
- Antelope Canyon
- Bryce Canyon
- Zion National Park.

### 2 NIGHTS NIAGARA FALLS


- Maid of the Mist
- Cave of the Winds
- Scenic Trolley

### 1 NIGHT WASHINGTON


- Hershey's Chocolate Factory
- Guided City Tour of Washington D.C

### 3 NIGHTS NEW YORK


- Statue Of Liberty
- Guided City Tour
- The Edge
- Summit One Vanderbilt
- Beast Boat Ride

### 4 NIGHTS ORLANDO


- Magic Kingdom
- Islands Of Adventure
- Epcot Center

## DEPARTURES OF 2025 :

**APR : 19 | MAY : 3, 17 ( SOLD OUT ) , 31 | JUNE : 14, 28**

URVI LUXURY DESTINATION PVT. LTD.
Where U & V meet to create memories.

JITEN DHAROD +91 98191 33199 | NAYAN SONI +91 97570 25247 | HARDIK PAREKH +91 99677 72530 | SOHIL SHAH +91 98701 53149

1/A, PALM VIEW, L.N. ROAD, NEAR SWAMINARAYAN MANDIR, OPP. VIDYALANKAR CLASSES, DADAR EAST, MUMBAI - 14.
CONTACT US : +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 16 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ- ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 January 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૮ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રશિયન સૈન્ય વતી લડતા ૧૬ ભારતીય 'ગુમ': ૧૨ શહીદ

નવી દિલ્હીઃ યુક્રેનની સામે રશિયાના લશ્કર વતી લડતા ઓછામાં ઓછા ૧૬ ભારતીય 'ગુમ' થયા છે, અંદાજે ૧૨ શહીદ થયા છે, આશરે ૧૮ ભારતીય હજી લડી રહ્યા છે, જ્યારે બાકીના ૯૬ ભારતીય રશિયાથી પાછા ફર્યા હતા.

ભારતના વિદેશ મંત્રાલયે શુક્રવારે આ આંકડાને સમર્થન આપવાની સાથે રશિયાને યુક્રેનની સામે લડી રહેલા ભારતીયોને પાછા સ્વદેશ મોકલવા વિનંતિ કરી હતી.

દરમિયાન, યુક્રેન સામેની લડાઈમાં રશિયાના લશ્કર વતી લડી રહેલો કેરળનો એક નાગરિક તાજેતરમાં શહીદ થયો હતો અને અન્ય એક ભારતીય ઘાયલ થયો હતો. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે જણાવ્યું હતું કે અમે મોસ્કોને તેના (રશિયાના) લશ્કરમાંના ભારતીયોને ફરજમાંથી તાત્કાલિક મુક્ત કરવા વિનંતિ કરી હતી. રશિયાના લશ્કરમાંના ૧૬ ભારતીય હજી 'લાપતા' છે અને અન્ય અંદાજે ૧૮ ભારતીય હજી રશિયાના સૈન્યમાં ફરજ બજાવી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે રશિયાએ પણ પોતાના લશ્કરમાંના ૧૬ ભારતીય 'લાપતા' હોવાનું કબૂલ કર્યું હતું.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે યુક્રેન સામેના યુદ્ધમાં રશિયાના લશ્કર વતી લડી રહેલા કેરળના બિનિલ બાબુની શહાદત અંગે અમને ખેદ છે. તેમનો મૃતદેહ કે અવશેષો ભારત પાછા લાવવા માટે ભારતની મોસ્કોમાંની એલચી કચેરી રશિયાના સત્તાવાળાઓના સંપર્કમાં છે.

તેણે જણાવ્યું હતું કે યુક્રેન સામેના યુદ્ધમાં રશિયા વતી લડી રહેલો ભારતીય નાગરિક જૈન ટી. કે. ઘાયલ થયો છે અને મોસ્કોમાં તેની સારવાર કરાઈ રહી છે. આ ભારતીય સારવાર પૂરી થાય તે પછી સ્વદેશ પાછો ફરે એવી આશા છે. અમે આ યુદ્ધમાં શહીદ થયેલા અથવા ઘાયલ થયેલા ભારતીયોના પરિવારોનો સંપર્ક કરી રહ્યા છીએ.

અગાઉ, અનેક ભારતીય યુવાનને રશિયામાં નોકરીની લાલચ આપીને ત્યાં લઈ જઈને તેઓની યુક્રેન સામે લડવા રશિયાના લશ્કરમાં ભરતી કરાઇ હોવાના કિસ્સા પણ બહાર આવ્યા હતા. ■

## દિલ્હીમાં 'આયુષ્માન મિશન' સંદર્ભે કેન્દ્રને નોટિસ

નવી દિલ્હીઃ દિલ્હીમાં 'પીએમ આયુષ્માન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશન'નો અમલ કરાવવા કેન્દ્રના આરોગ્ય મંત્રાલયની સાથે સમજૂતી કરવાનો દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારને આદેશ આપતા દિલ્હી વડી અદાલતના હુકમનો અમલ સર્વોચ્ચ અદાલતે શુક્રવારે અટકાવ્યો હતો અને આ સંબંધમાં કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી હતી. ન્યાયાધીશ બી. આર. ગવઇ અને ન્યાયાધીશ ઑગસ્ટીન જ્યોર્જ માસિહની બનેલી બૅન્ચે દિલ્હી સરકારના વકીલ અભિષેક મનુ સિંઘવીની દલીલ સાંભળ્યા બાદ કેન્દ્રને નોટિસ પાઠવી જવાબ માગ્યો હતો. દિલ્હી સરકારે આ પ્રકરણમાં કરેલી અરજી અંગે દલીલ કરતા વકીલ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારને કેન્દ્ર સરકાર સાથે સમજૂતી કરાર કરવાની ફરજ પાડી ન શકાય. વડી અદાલત આવો કરાર કરવા માટે દિલ્હી સરકાર પર દબાણ કરી ન શકે.

અગાઉ, દિલ્હીની વડી અદાલતે સંબંધિત આદેશ આપતા જણાવ્યું હતું કે દિલ્હીના રહેવાસીઓ 'પીએમ આયુષ્માન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશન'ના લાભથી વંચિત ન રહે, તે માટે દિલ્હી સરકારે આ માટે કેન્દ્રના આરોગ્ય મંત્રાલય સાથે સમજૂતી કરાર કરવા જોઇએ. દેશના ૩૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આ આરોગ્ય યોજનાનો અમલ થઇ રહ્યો છે, ત્યારે દિલ્હીમાં તેનો અમલ નહિ કરવો, તે અયોગ્ય ગણાય. (એજન્સી)■

### 'આયુષ્માન ભારત' સૌથી મોટું કૌભાંડ છેઃ કેજરીવાલ

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ)ના વડા અરવિંદ કેજરીવાલે શુક્રવારે આક્ષેપ કર્યો હતો કે 'આયુષ્માન ભારત' યોજના દેશનું સૌથી મોટું કૌભાંડ છે.

તેમણે વિદ્યાર્થીઓને દિલ્હીની બસમાં મફત મુસાફરીની અને મેટ્રો ટ્રેનના ભાડાંમાં પચાસ ટકા રાહત આપવાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે પણ 'આયુષ્માન ભારત'ને બનાવટી સ્કીમ ગણાવી છે. કેન્દ્રમાં સરકાર બદલાશે અને આ યોજના અંગે તપાસ થશે, ત્યારે બધા લોકોને ખબર પડશે કે આ યોજના અયોગ્ય છે. અગાઉ, સર્વોચ્ચ અદાલતે દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારને કેન્દ્રના આરોગ્ય મંત્રાલય સાથે સમજૂતી કરાર કરીને 'આયુષ્માન ભારત' યોજનાનો અમલ કરાવવા સામે સ્થગિત આદેશ આપ્યો હતો. (એજન્સી)■

## વાહનોના સૌથી મોટા શોનું મોદી દ્વારા ઉદ્ઘાટન

### દેશવિદેશની અનેક કંપનીઓની હાજરી

**ગ્લોબલ એક્સપોઃ** દિલ્હીમાં શુક્રવારે ભારત મંડપમ ખાતે 'ભારત મોબિલિટી ગ્લોબલ એક્સપો ૨૦૨૫' દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)




નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાંનાં વાહનોના સૌથી મોટા શૉ 'ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫'નું શુક્રવારે ઉદ્ઘાટન કર્યું હતું. વાહનોના પાંચ દિવસ ચાલનારા આ શૉમાં ૧૦૦થી વધુ નવાં વાહનો, તેની સાધનસામગ્રી (કમ્પોનન્ટ પ્રોડક્ટ્સ) અને ટેક્નોલૉજીને રજૂ કરાશે.

પાંચ દિવસનો આ શૉ ત્રણ સ્થળે (ભારત મંડપમ્, રાજધાનીમાંના યશોભૂમિ અને બૃહદ્ નોએડામાંના ઇન્ડિયા એક્સ્પો સેન્ટર ઍન્ડ માર્ટ ખાતે) યોજાઇ રહ્યો છે. મોદીએ ભારત મંડપમ્ ખાતે 'ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫'નું શુક્રવારે ઉદ્ઘાટન કર્યું ત્યારે ત્યાં કેન્દ્રના પ્રધાનો - નીતિન ગડકરી, એચ. ડી. કુમારસ્વામી, જિતેન રામ માંઝી, મનોહરલાલ, પીયૂષ ગોયલ, હરદીપસિંહ પુરી અને વાહન ઉદ્યોગના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

૧૭થી ૨૨ જાન્યુઆરી સુધી યોજાઇ રહેલા 'ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫'માં વાહનોના અને તેની સાધનસામગ્રી (કમ્પોનન્ટ્સ), ઇલેક્ટ્રોનિક્સ પાર્ટ્સ, ટાયર, એનર્જી સ્ટોરેજ, ઑટોમોટિવ સૉફ્ટવેરના ઉત્પાદકો એક જ સ્થળે ભેગા થયા છે.

'બિયોન્ડ બાઉન્ડ્રીઝઃ કો-ક્રિએટિંગ ફ્યુચર ઑટોમોટિવ વેલ્યૂ ચેન'ની થીમ સાથે યોજાઈ રહેલા આ શૉમાં મારુતિ સુઝુકી, હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા લિમિટેડ, મર્સિડિસ-બેન્ઝ, બીએમવી જેવી મોટી વાહન ઉત્પાદક કંપની પોતાનાં નવાં વાહનો અથવા ઉત્પાદનો રજૂ કરી રહી છે. જાપાન, જર્મની, દક્ષિણ કોરિયા, તાઇવાન, યુકે, અમેરિકા, ઇઝરાયલ, થાઇલૅન્ડની અનેક કંપની આ શૉમાં ભાગ લઇ રહી છે. (એજન્સી)■

## વડા પ્રધાન આજે ૬૫ લાખ 'સ્વામિત્વ' પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સ્વામિત્વ યોજના અંતર્ગત ૬૫ લાખ કરતાં પણ વધુ 'સ્વામિત્વ' પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરશે, એમ પંચાયતી રાજ ખાતાએ કહ્યું હતું.

ખાતાના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર ગુજરાત, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ જેવા ૧૦ રાજ્ય તેમ જ જમ્મુ-કાશ્મીર અને લદાખ એમ બે કેન્દ્રશાસિત પ્રદેશના ૫૦,૦૦૦ કરતાં પણ વધુ ગામડાનાં લોકોને આ કાર્ડ આપવામાં આવશે. પંચાયતી રાજ ખાતાની

સ્વામિત્વ યોજના અંતર્ગત ડ્રોન ટૅક્નોલૉજીની મદદથી માલિકોને જમીન અને તેમની મિલકતની મોજણી કરી 'રેકોર્ડ ઑફ રાઈટ્સ' આપવામાં આવશે.

વડા પ્રધાન વીડિયો કોન્ફરન્સિંગ મારફતે આ કાર્ડનું વિતરણ તેમ જ લાભાર્થીઓ સાથે વાતચીત અને રાષ્ટ્રને સંબોધન પણ કરશે.

આ કાર્યક્રમ અત્યાધુનિક ટૅક્નોલૉજીની મદદથી ગામડાંઓનું સર્વેક્ષણ અને મૅપિંગ કરી અત્યાર સુધીમાં ૨.૨૪ કરોડ કરતાં વધુ અને એક જ દિવસમાં ૬૫ લાખ કરતાં પણ વધુ સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવાની સીમાચિહ્નરૂપ સિદ્ધિ મેળવવાનો સાક્ષી બનશે.

પંચાયતી રાજ ખાતાના કેન્દ્રિય પ્રધાન રાજીવ રંજન સિંહ, પંચાયતી રાજના રાજ્યકક્ષાના પ્રધાન એસ. પી. સિંહ બાઘેલ અને પંચાયતી રાજ ખાતાના સેક્રેટરી રાજ વિવેક ભારદ્વાજ આ કાર્યક્રમમાં હાજર રહેશે.

સંબંધિત રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય પ્રધાનો, પંચાયતી રાજના પ્રતિનિધિઓ પણ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી હાજરી આપશે.

૨૩૦ જિલ્લામાં સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડનું ફિઝિકલ વિતરણ કરવામાં આવશે અને અંદાજે ૧૩ જેટલા કેન્દ્રિય પ્રધાન આ કાર્યક્રમમાં હાજરી આપશે.

દેશના ૧૨ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની પચીસ હજાર કરતાં પણ વધુ પંચાયતોમાં ટ્રેનિંગ, ઓરિયન્ટેશન અને પ્રોપર્ટી કાર્ડ વિતરણ સંબંધિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આ યોજના અંતર્ગત કુલ ૩.૪૪ લાખ ગામડાંઓમાંથી નેવું ટકા એટલે કે અંદાજે ૩.૧૭ લાખ ગામડાંઓનું ડ્રોન મેપિંગ કરી લેવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં દેશના ૩૧ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ આ યોજનામાં જોડાયા છે. (એજન્સી)■



**આગઃ**
લૉસ ઍન્જલસમાં મૅન્ડેવિલે કૅન્યોન ખાતે આગ બુઝાવવા હેલિકૉપ્ટરની મદદ લેવામાં આવી હતી. આગ પર પાણીનો છંટકાવ કરી રહેલા હેલિકૉપ્ટરને નિહાળી રહેલા અગ્નિશમન દળના જવાનો. (એજન્સી)

### સૈફ હુમલા કેસમાં ફડણવીસ કહે છે

## અનેક કડીઓ પોલીસને મળી, ટૂંકમાં જ ગુનેગાર પણ પકડાશે

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કહ્યું હતું કે, સૈફ અલી ખાન હુમલા કેસમાં પોલીસને અનેક કડીઓ મળી છે અને ટૂંક સમયમાં ગુનેગારની ધરપકડ કરવામાં આવશે.

ગૃહ પ્રધાન ફડણવીસે મીડિયા સાથે વાત કરતા ઉપરોક્ત નિવેદન કર્યું હતું. ગુરુવારે વહેલી સવારે મુંબઈના બાંદ્રા વિસ્તારમાં તેમના ઘરે એક ઘુસણખોરે અનેક વાર ચાકુ માર્યા બાદ બોલિવૂડ સ્ટાર સૈફ અલી ખાન ગંભીર રીતે ઘાયલ થયા હતા.

'પોલીસની તપાસ ચાલી રહી છે....તેમને કેટલીક કડીઓ મળી છે અને મને લાગે છે કે પોલીસ ખૂબ જ ટૂંક સમયમાં ગુનેગારને પકડી લેશે,' એમ તેમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું. ■




**ઉદ્ઘાટનઃ**
પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જ્યોતિ બસુની મૃત્યુતિથિએ કોલકાતામાં શુક્રવારે 'જ્યોતિ બસુ સેન્ટર ફોર સોશિયસ સ્ટડિસ ઍન્ડ રિસર્ચ'ની પ્રથમ તબક્કાની ઈમારતનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. (એજન્સી)

## ભારતની વિદેશી હૂંડિયામણની અનામતમાં ૮.૭૧૪ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ૧૦ જાન્યુઆરીએ પૂરા થયેલા અઠવાડિયામાં ભારતની વિદેશી હૂંડિયામણની અનામત ૮.૭૧૪ અબજ ડૉલર ઘટીને ૬૨૫.૮૭૧ અબજ ડૉલર થઈ ગઈ હોવાનું આરબીઆઈએ શુક્રવારે કહ્યું હતું.

અગાઉ ત્રણ જાન્યુઆરીએ પૂરા થયેલા અઠવાડિયામાં ભારતની વિદેશી હૂંડિયામણની અનામત ૫.૬૯૩ અબજ ડૉલર ઘટીને ૬૩૪.૫૮૫ અબજ ડૉલર થઈ ગઈ હતી. છેલ્લાં થોડાંક અઠવાડિયાથી ભારતની વિદેશી હૂંડિયામણની અનામતમાં સતત ઘટાડો થયેલો જોવા મળી રહ્યો છે.

રૂપિયાની પ્રવાહિતામાં ઘટાડો કરવામાં મદદરૂપ થવા આરબીઆઈએ વિદેશી બજારની મદદથી રૂપિયાના નવેસરથી કરેલા મૂલ્યાંકનને આ માટે જવાબદાર માનવામાં આવે છે.

ગયા વર્ષના સપ્ટેમ્બરના અંતમાં વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું હતું. આ અઠવાડિયા દરમિયાન સોનાનો અનામત જથ્થો ૭.૯૨ અબજ ડૉલર વધીને ૬૭.૮૮૩ અબજ ડૉલર થઈ ગયો હતો.

સ્પેશિયલ ડ્રોવિંગ રાઈટ્સ (એસડીઆર) ૩.૩ કરોડ ડૉલર ઘટીને ૧૭.૭૮૧ અબજ ડૉલર થઈ ગયો હતો. આઈએમએફ પાસેની ભારતની અનામત ૪૦ લાખ ડૉલર ઘટીને ૪.૧૮૫ અબજ ડૉલર થઈ ગઈ હતી. (એજન્સી)■

## પાકિસ્તાનથી સ્પેન જતી બોટ ડૂબીઃ ૫૦થી વધુનાં મોત

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનથી ૮૦ સ્થળાંતરીઓને સ્પેન લઈ જઈ રહેલી બૉટ મૉરોક્કો નજીક ડૂબી જતાં ડઝનબંધ લોકોનાં મોત થયાં હતાં. મૃતકોમાં ૪૦ કરતાં પણ વધુ પાકિસ્તાની નાગરિકો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

માઈગ્રન્ટ રાઈટ્સ ગ્રૂપના જણાવ્યા અનુસાર આ દુર્ઘટનામાં પચાસ જેટલા સ્થળાંતરીઓ ડૂબી ગયા હતા.

પાકિસ્તાનના વિદેશ ખાતાએ ગુરુવારે બહાર પાડેલા સત્તાવાર નિવેદન મુજબ મોરોક્કોસ્થિત પાકિસ્તાનની એલચી કચેરી સ્થાનિક વહીવટી તંત્ર સાથે સતત સંપર્કમાં છે. અસરગ્રસ્તોને જરૂરી સહાય પહોંચાડવા એલચી કચેરીની ટીમને રવાના કરવામાં આવી છે.

માનવતસ્કરીને રોકવા લાંબાગાળાનાં અને અસરકારક પગલાં લેવાની પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ હાકલ કરી હતી. વડા પ્રધાન શેહબાઝ શરીફે ઘટનાને મામલે અહેવાલ સુપરત કરવા અને માનવતસ્કરીમાં સંડોવાયેલા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા જણાવ્યું છેકોઈપણ તેમની મદદે ન આવતાં તેમણે ભયના ઓથાર હેઠળ ૧૩ દિવસ વીતાવ્યા હતા.

અગાઉ મૉરોક્કોના વહીવટીતંત્રએ બે જાન્યુઆરીએ ૬૬ પાકિસ્તાની નાગરિક સહિત ૮૬ સ્થળાંતરીઓને મૉરિટાનિયા લઈ જઈ રહેલી બૉટમાંથી ૩૬ જણને બચાવ્યા હતા. (એજન્સી)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલના કહેવાથી મુંબઈ અસુરક્ષિત શહેર ના બની જાય

**હિંદી** ફિલ્મોના જાણીતા અભિનેતા સૈફ અલી ખાન પર બુધવારે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે મુંબઈના ખાર સ્થિત ઘરે છરી વડે હુમલો કરવામાં આવ્યો એ ઘટનાએ ખળભળાટ મચાવ્યો છે. હુમલાખોરે સૈફની ગરદન, પીઠ, હાથ અને માથા પર છરીના છ ઘા માર્યા હતા ને આ ઘટના બની ત્યારે અડધી રાત હતી તેથી ઘરે કોઈ હાજર નહોતું. સૈફનો દીકરો ઈબ્રાહીમ લોહી નિંગળતી હાલતમાં સૈફને વહેલી સવારે ૩:૩૦ વાગ્યે લીલાવતી હોસ્પિટલમાં લઈ ગયો અને સદનસીબે તેની તાત્કાલિક સારવાર કરવામાં આવી તેથી કશું ના થયું.

જો કે સૈફની ઈજા ગંભીર હોવાથી તેના પર સર્જરી કરવી પડી. લીલાવતી હોસ્પિટલના ચીફ ઓપરેટિંગ ઓફિસર ડો. નીરજ ઉત્તમાણીએ આપેલી માહિતી પ્રમાણે, સૈફ પર છ વખત છરી વડે હુમલો કર્યો હતો અને તેમાંથી બે ઘા ઊંડા હતા. આ પૈકી એક ઘા કરોડરજ્જુની નજીક થયો હતો તેથી ઓપરેશન કરવું પડ્યું. આ ઓપરેશન સફળ થતાં સૈફ ખતરાથી બહાર છે તેથી તેના ચાહકોને હાશકારો થયો છે પણ આ હુમલાના કારણે રાજકીય આક્ષેપબાજી પણ શરૂ થઈ ગઈ છે.

હમણાં દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીનો જંગ ચાલે છે અને ભાજપ તથા આમ આદમી પાર્ટી વચ્ચે બરાબર જામેલી છે. મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર છે તેથી આમ આદમી પાર્ટીના મુખિયા અરવિંદ કેજરીવાલે તક ઝડપીને જાહેર કરી દીધું કે, ભાજપ મોટી મોટી વાતો કરે છે પણ દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા જાળવી શકતો નથી. હવે મુંબઈમાં ભાજપની સરકાર છે તો મુંબઈ પણ અસુરક્ષિત શહેર બની ગયું છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ પણ આ વાતમાં સૂર પુરાવ્યો છે અને બીજા વિપક્ષો પણ મચી પડ્યા છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સ્વાભાવિક રીતે જ બચાવમાં ઉતર્યા છે. ફડણવીસના કહેવા પ્રમાણે, સૈફ અલી ખાન પર થયેલા હુમલાના આધારે મુંબઈને ''અસુરક્ષિત શહેર'' ન કહી શકાય. બાંદ્રામાં સૈફ અલી ખાન પર થયેલો હુમલો ગંભીર ઘટના છે પણ માત્ર એક ઘટનાના આધારે મુંબઈ શહેર અસુરક્ષિત છે એમ કહેવું ખોટું છે. મુંબઈ ભારતનું મેગાસિટી છે અને સૌથી સુરક્ષિત શહેર છે.

ફડણવીસની વાત સાચી છે. સૈફ અલી ખાન પર થયેલા હુમલાની ઘટનાને ચોક્કસ ગંભીર ગણાવી શકાય કેમ કે સૈફ સેલિબ્રિટી છે અને હુમલાખોરે તેના ઘરમાં ઘૂસીને હુમલો કર્યો છે પણ આ ઘટનાના કારણે મુંબઈ અસુરક્ષિત નથી બની જતું. સૈફ અલી ખાન મુંબઈના પોશ વિસ્તારમાં રહે છે અને પોશ વિસ્તારની પોશ કોલોનીમાં રહે છે. આ કોલોનીની સુરક્ષા માટે પોતાની વ્યવસ્થા છે. સૈફ રહે છે એ બિલ્ડિંગમાં બીજી પણ ઘણી સેલિબ્રિટી રહે છે અને તેમની સુરક્ષા માટે સામાન્ય રહેણાંક વિસ્તારો કરતાં વધારે પાકો બંદોબસ્ત છે જ. સોસાયટીએ પોતે મોટી સંખ્યામાં સિક્યુરિટી ગાર્ડ્સ રાખ્યા છે અને સીસીટીવી સહિતની સર્વેલન્સ સિસ્ટમ પણ છે.

સૈફના મકાનમાં ઘૂસેલો હુમલાખોર કઈ રીતે ઘૂસ્યો એ મોટો સવાલ છે. કોઈએ બળજબરીથી ઘરમાં પ્રવેશ કર્યો નથી કે સીસીટીવીમાં પણ કોઈ ઘરમાં પ્રવેશતું દેખાતું નથી એ જોતાં હુમલાખોરની ઘરમાં એન્ટ્રી વિશે સવાલો ઊઠે છે. સૈફ જડબેસલાક સિક્યુરિટી ધરાવતી સોસાયટીમાં રહે છે ત્યારે હુમલાખોર સોસાયટીમાં કેવી રીતે પ્રવેશ્યો અને પછી હુમલો કરીને ભારે ધમાધમી છતાં કેવી રીતે ભાગી શક્યો એ જ સવાલનો જવાબ નથી મળતો.

આ કેસમાં સૈફના ઘરમાં કામ કરતી નોકરાણીઓનાં નિવેદનો પણ શંકાસ્પદ છે. સૈફ અલી ખાનના ઘરમાં કામ કરતી નોકરાણીના કહેવા પ્રમાણે ૩૫થી ૪૦ વર્ષની ઉંમરની એક અજાણી વ્યક્તિએ તેને તીક્ષ્ણ હથિયાર બતાવીને ચૂપ રહેવા કહ્યું હતું. એ દરમિયાન બીજી નોકરાણી આવી ગઈ તો તેને પણ ધમકાવીને હુમલાખોરે એક કરોડ રૂપિયા માગ્યા હતા. આ દરમિયાન સૈફ અલી ખાન ત્યાં પહોંચી જતાં યુવક અને સૈફ વચ્ચે ઝપાઝપી થઈ તેમાં યુવકે સૈફને છ જગ્યાએ છરી મારી દીધી.

હુમલાખોરનું તીક્ષ્ણ હથિયાર સૈફના શરીરમાં ફસાઈ ગયું હતું તેથી હુમલાખોર નિઃશસ્ત્ર થઈ ગયો તેનો લાભ લઈને નોકરાણીઓએ આરોપીને બીજા રૂમમાં બંધ કરી દીધો હતો એવું તેમનું નિવેદન છે. જો કે સૈફ ગંભીર રીતે ઘાયલ થયો હતો તેથી નોકરાણીએ ઉપરના માળે રહેતાં સૈફનાં સંતાનો ઇબ્રાહીમ અને સારા અલી ખાનને જાણ કરી. ઈબ્રાહીમ અને સારા સૈફ અલી ખાનને ઓટોરિક્ષામાં હોસ્પિટલ લઈ ગયાં હતાં પણ એ દરમિયાન રૂમમાં પૂરેલો હુમલાખોર કઈ રીતે છટકી ગયો એ સવાલ છે. પોલીસને મળેલા સીસીટીવી ફૂટેજમાં હુમલાખોર સીડી પરથી નીચે ઊતરતો દેખાય છે. હુમલાખોર સૈફના ઘરમાંથી સીડી પર કઈ રીતે પહોંચી ગયો એ પણ મોટો સવાલ છે.

આ બધી વાતો પરથી બીજું કંઈ કહીએ કે ના કહીએ પણ એટલું ચોક્કસ કહી શકાય કે, આ કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન નથી તેથી મુંબઈ સુરક્ષિત નથી એવું કહેવું બુદ્ધિનું પ્રદર્શન છે. જે નિષ્ફળતા છે એ સૈફ અલી ખાનની સોસાયટીની સુરક્ષા સાથે સંકળાયેલાં લોકોની છે, પોલીસની નથી. જો કે તેમાં પણ હુમલાખોરની સૈફના ઘરમાં એન્ટ્રીના મુદ્દે હજુ ઘણા સવાલોના જવાબ મેળવવાના બાકી છે તેથી ખરેખર કોની નિષ્ફળતા છે એ કહેવું વહેલું છે.

તમે દિલ્હીને ચોક્કસ અસુરક્ષિત શહેર કહી શકો કેમ કે દિલ્હીમાં રાત્રે બહાર નીકળવું સુરક્ષિત નથી ગણાતું. તેમાં પણ છોકરીઓ તો બહાર નીકળે તો તો આવી જ બને એવી જ છાપ છે. આ સ્થિતિ પાછી આખા દિલ્હીમાં નથી પણ ચોક્કસ વિસ્તારોમાં જ છે. અલબત્ત એ વિસ્તારોમાં આ પ્રકારની ઘટનાઓ બહુ વધારે બને છે તેથી આખા દિલ્હીની છાપ અસુરક્ષિત શહેર તરીકેની થઈ ગઈ છે પણ અસુરક્ષિત તો આખું દિલ્હી પણ નથી. મુંબઈમાં તો ચોક્કસ વિસ્તારોમાં પણ દિલ્હી જેવી ઘટનાઓ નથી બનતી તેથી મુંબઈને અસુરક્ષિત ના કહી શકાય.

દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારી કેન્દ્ર સરકારની છે તેથી કેજરીવાલ દિલ્હીની ચૂંટણીમાં દિલ્હીમાં સુરક્ષા નથી એ મુદ્દો ઉઠાવે એ સમજી શકાય પણ મુંબઈને અસુરક્ષિત શહેર ગણાવે એ વધારે પડતું છે. રાજકારણમાં આક્ષેપબાજી થયા કરતી હોય છે ને ચૂંટણી ટાણે વધારે થાય છે પણ તેના કારણે બીજા શહેરને બદનામ કરવું યોગ્ય નથી. મુંબઈ તો દેશનાં બીજાં મોટાં શહેરોની સરખામણીમાં પહેલાં પણ વધારે સુરક્ષિત હતું ને આજે પણ વધારે સુરક્ષિત છે જ.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(સૌર હેમઋતુ પ્રારંભ), શનિવાર, તા. ૧૮-૧-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૮, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૪-૫૦ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૧.૨૭ સુધી પછી કન્યામાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૧, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૧૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક.૧૪-૪૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૬ (તા.૧૯)
- ઓટઃ સવારે ક.૦૯-૨૦, રાત્રે ક.૨૦-૩૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - પંચમી. પંચમી વૃદ્ધિ તિથિ છે.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ હનુમાન ચાલિસા, સુંદર કાંડ, શનિ ગ્રહદેવતાનું પૂજન, શનિ-બુધ, શુક્ર ગ્રહ દેવતાનું, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, ભગ દેવતાનું પૂજન, બી વાવવું, ધાન્ય ઘરે લાવવું, ખાખરાના વૃક્ષનું પૂજન, માલ વેચવો, નિત્ય થતાં ખેતીવાડી. પશુ લેવડ દેવડ, ઘર, ખેતર, જમીન, મકાન લેવડ-દેવડ, મહાલક્ષ્મી પૂજન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ કર્મઠ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ ત્વરિત્ત નિર્ણય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ (તા. ૧૯)
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ઈમરાન ખાનને ૧૪ વર્ષની અને બુશરા બીબીને સાત વર્ષની જેલની સજા

લાહોરઃ પાકિસ્તાનમાં ભ્રષ્ટાચાર મામલે પૂર્વ પીએમ ઇમરાન ખાન અને તેની પત્ની બુશરા બીબીને દોષિત જાહેર કરવામાં આવ્યાં હતાં. પૂર્વ પીએમ ઇમરાન ખાનને ૧૪ વર્ષ જેલની સજા સંભળાવવામાં આવી હતી. જ્યારે તેની પત્ની બુશરા બીબીને ૭ વર્ષની સજા સંભળાવાઈ હતી. ઈમરાન ખાનને ૧૦ લાખ રૂપિયા અને તેની પત્નીને પાંચ લાખ રૂપિયા દંડ કરવામાં આવ્યો હતો. જો બંને દંડ ન ભરે તો ઇમરાન ખાનને વધુ છ મહિના અને બુશરાને ત્રણ મહિનાની સજા કાપવી પડશે.

પાકિસ્તાનની એક કોર્ટે શુક્રવારે પૂર્વ પીએમ ઇમરાન ખાન અને તેની બુશરા બીબીને અલ-કાદિર ટ્રસ્ટ મામલે ભ્રષ્ટાચારમાં દોષી જાહેર કર્યા હતા. આ મામલે ન્યાયાધીશ નાસિર જાવેદ જાણાએ ફેંસલો સંભળાવ્યો હતો. ઇમરાન ખાન પર ૧ મિલિયન પાકિસ્તાની રૂપિયા અને તેની પત્ની બુશરા બીબીને ૫,૦૦,૦૦૦ પાકિસ્તાની રૂપિયાનો દંડ લગાવ્યો હતો. આ મામલે એનબીએ ડિસેમ્બર ૨૦૨૩માં ઇમરાન ખાન, બુશરા બીબી તથા છ અન્ય લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો.

આ મામલો અલ કાદિર ટ્રસ્ટ યુનિવર્સિટી સાથે જોડાયેલો છે. ઇમરાન ખાન વડા પ્રધાન હતા ત્યારે તેની પત્ની બુશરા બીબીએ પીટીઆઈના કેટલાક નેતાઓ સાથે મળીને અલ કાદિર યુનિવર્સિટી પ્રોજેક્ટ ટ્રસ્ટ બનાવ્યું હતું. જેનો ઉદ્દેશ પંજાબના સોહાવા જિલ્લામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે અલ કાદિર યુનિવર્સિટી સ્થાપવાનો હતો. ટ્રસ્ટના કાર્યાલયનો ઉલ્લેખ બની ગાલા હાઉસ, ઇસ્લામાબાદ તરીકે કરવામાં આવ્યો હતો.

આ યુનિવર્સિટી માટે ઈમરાન અને તેની પત્નીએ એક રેસિડેન્શિયલ કોમ્પલેક્સની જમીન ગેરકાનૂની રીતે પડાવી હતી. આ માટે બંનેએ પાકિસ્તાનના સૌથી ધનિક વ્યક્તિ મલિક રિયાઝને ધમકી પણ આપી હતી. ઈમરાનની પત્ની બુશરા બીબી તરફથી પાંચ કેરેટના હીરાની વીંટી માંગવામાં આવી હોવાની વાત પણ સામે આવી હતી. આ ઉપરાંત પૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાન, તેની પત્ની બુશરા બીબી તથા અન્ય પીટીઆઈ નેતાઓ પર રાષ્ટ્રીય ખજાનાના આશરે ૫૦ અબજ પાકિસ્તાની રૂપિયાને નુકસાન પહોંચાડવાનો આરોપ છે. ઇમરાન ખાન ૨૦૨૩થી જેલમાં બંધ છે. તેના પર લગાવવામાં આવેલા તમામ આરોપો રાજનીતિથી પ્રેરિત હોવાનો આરોપ લગાવી રહ્યો છે.

# કૅલિફોર્નિયા બૅટરી સ્ટૉરેજમાં ભીષણ આગઃ સેંકડો લોકોને સલામત સ્થળે ખસેડાયા

મૉસ લૅન્ડિંગ (અમેરિકા): ઉત્તર કૅલિફોર્નિયાસ્થિત વિશ્વના સૌથી મોટા બૅટરી સ્ટૉરેજ પ્લાન્ટમાં ગુરુવારે ભીષણ આગ લાગતાં તેને બંધ કરી દેવાનો અને સેંકડો લોકોને સલામત સ્થળે ખસેડવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

આગની જ્વાળાઓ લપકારા લઈ રહી હતી અને ધુમાડાના ગોટેગોટાથી આભ છવાઈ ગયું હતું. આગ કાબૂમાં આવે એવા કોઈ સંકેત ગુરુવાર રાત સુધી જોવા નહોતા મળ્યા.

અંદાજે ૧,૫૦૦ જેટલા લોકોને મૉસ લૅન્ડિંગ અને એલખૉર્ન સ્લૉફ વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ટેક્સાસસ્થિત કંપની વિસ્ત્રા એનર્જીની માલિકીનો મૉસ લૅન્ડિંગ પાવર પ્લાન્ટ દક્ષિણ સાન ફ્રાન્સિસ્કોથી ૧૨૪ કિ.મી.ને અંતરે આવેલો છે અને તેમાં હજારો ટન લિથિયમ બૅટરી છે. સૌરઊર્જા જેવી રિન્યુએબલ ઍનર્જીનો સંગ્રહ કરવા આ બૅટરીનો ઉપયોગ થાય છે, પરંતુ તેમાં આગ લાગે તો તેને અંકુશમાં લેવી મુશ્કેલ હોય છે.

જોકે આ આગ આજુબાજુના વિસ્તારમાં વધુ ન ફેલાય તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે.

પ્લાન્ટમાંથી તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા, એમ કંપની દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આગને કારણે એ વિસ્તારની તમામ શાળાઓ શુક્રવારે બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. (એજન્સી)

# ટ્રમ્પની શપથવિધિમાં હાજર રહેશે વિશ્વની સૌથી વધુ શ્રીમંત વ્યક્તિઓ

વૉશિંગ્ટનઃ અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વીસ જાન્યુઆરીએ પ્રમુખપદના શપથ લેશે અને તેના કાર્યક્રમમાં વિશ્વની સૌથી વધુ શ્રીમંત ત્રણ વ્યક્તિ હાજર રહેશે.

વિશ્વની સૌથી વધુ ધનાઢ્ય વ્યક્તિ ઇલૉન મસ્કે ટ્રમ્પના ચૂંટણીપ્રચાર પાછળ અંદાજે વીસ કરોડ ડૉલર ખર્ચ્યા હોવાનું કહેવાય છે. તેમનો અમેરિકાની નવી સરકારમાં સમાવેશ કરાયો છે. તેમની સાથે એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ પણ શપથવિધિમાં હાજરી આપવાના છે.

ઇલોન મસ્ક અને જેફ બેઝોસની કંપનીઓ અમેરિકાની નવી સરકારમાં ભારે વગ ધરાવે છે.

મેટાના સીઇઓ માર્ક ઝકરબર્ગે પણ તાજેતરમાં પોતાની કંપનીની પ્રાથમિકતા બદલી છે અને ટ્રમ્પની તરફેણ કરવાનું શરૂ કર્યું હતું. તેઓ પણ ટ્રમ્પના શપથગ્રહણમાં હાજર રહેવાના છે. ઇલૉન મસ્ક, જેફ બેઝોસ અને માર્ક ઝકરબર્ગની કુલ સંપત્તિ એક ટ્રિલ્યન ડૉલરથી વધુ હોવાનો અંદાજ છે.

મેટા, એમેઝોન અને ઓપનએઆઇના સીઇઓ સેમ અલ્ટામેને ટ્રમ્પને તાજેતરમાં જ દસ લાખ ડૉલરનું દાન આપ્યું હોવાનું કહેવાય છે.

અમેરિકાના વિદાય લઇ રહેલા પ્રમુખ જૉ બાઇડને બુધવારે પોતાના વિદાય વખતના અંતિમ રાષ્ટ્રજોગા પ્રવચનમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે બહુ જ ધનાઢ્ય લોકોના હાથમાંની સત્તા અને 'ટૅક-ઇન્ડસ્ટ્રિયલ કૉમ્પ્લેક્સ' અમેરિકાના નાગરિકોના અધિકાર અને ભાવિ લોકશાહી સામે જોખમી છે.

અબજોપતિ ઇલૉન મસ્ક, મેટાના માર્ક ઝકરબર્ગ, એમેઝોનના જેફ બેઝોસ જેવા બહુ જ ધનાઢ્ય લોકોએ ડોનલ્ડ ટ્રમ્પને ચૂંટણી લડવા આપેલા ભંડોળની આડકતરી રીતે ટીકા કરી હતી.

એક બાજુ, અમેરિકાના વિદાય લઇ રહેલા પ્રમુખ જૉ બાઇડન દેશની સરકારમાં બહુ જ શ્રીમંત લોકોની વધી રહેલી વગની ટીકા કરી રહ્યા છે, જ્યારે બીજી બાજુ, નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અતિ ધનાઢ્ય લોકોનો પોતાની સરકાર ચલાવવામાં સાથસહકાર લઇ રહ્યા છે.

બાઇડને જણાવ્યું હતું કે અમેરિકામાં અતિ-શ્રીમંત લોકોના હાથમાં સત્તા આવી રહી છે અને તેઓની વગ વધી રહી છે, જે લોકશાહી સામે જોખમી છે. આપણા સૌના મૂળભૂત અધિકાર અને સ્વતંત્રતા પર તરાપ મરાઇ રહી છે. અમેરિકાના ૩૪મા પ્રમુખ ડ્વાઇટ ડેવિડ આઇઝનહૉવરે ૧૯૬૧માં હોદ્દો છોડતી વખતે 'મિલિટરી - ઇન્ડસ્ટ્રિયલ કૉમ્પ્લેક્સ' સામે ચેતવણી આપી હતી. બાઇડને આવી રીતે 'ટૅક-ઇન્ડસ્ટ્રિયલ કૉમ્પ્લેક્સ' સામે તાકીદ કરી હતી. જૉ બાઇડન ૨૦ જાન્યુઆરી, સોમવારે નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને સત્તા સોંપવાના છે. (એજન્સી)

# દિલ્હી ચૂંટણીઃ ભાજપે વિધાનસભા ચૂંટણી માટે સંકલ્પપત્ર જાહેર કર્યો

## ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર સહિત અનેક વાયદા કર્યા

નવી દિલ્હી : દિલ્હીમાં પાંચમી ફેબ્રુઆરીએ યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે રાજકીય પક્ષો મતદારોને આકર્ષવા માટે વાયદાઓ કરી રહ્યા છે. જેમાં આજે ભાજપે પણ વિધાનસભા ચૂંટણી માટે સંકલ્પપત્ર જાહેર કર્યો છે.

ભાજપે સંકલ્પ પત્રને ત્રણ ભાગમાં જાહેર કરવાની રણનીતિ બનાવી છે. ભાજપના સંકલ્પપત્રને જાહેર કરતાં ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે ભાજપ જે વાયદા કરે છે તે પૂર્ણ કરે છે. તેમ જ વડા પ્રધાન મોદીએ ભારતની રાજકીય સંસ્કૃતિને બદલી નાખી છે. જે હવે સંકલ્પપત્રમાં પરિવર્તિત થઇ છે.

ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાએ વધુમાં જણાવ્યું હતું કે, આ સંકલ્પપત્ર રજૂ કરતાં પૂર્વે અમે તમામ વર્ગના લોકોનો સંપર્ક કર્યો હતો. જેમાં અમને અલગ અલગ ૧ લાખ ૮૦ હજાર સૂચનો મળ્યાં હતાં. તેમજ ૧૨ હજાર લોકોનો સંપર્ક કર્યો હતો. જેમાં પ્રથમ મહિલા સન્માન યોજના અંગે વાત કરું, લોકો પાસેથી ૧,૦૮,૦૦૦ પ્રતિભાવ મળ્યા હતા. તેમજ દિલ્હીની મહિલાઓ માટે મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ ૨૫૦૦ રૂપિયા પ્રતિ માસ આપવાનો ઠરાવ પ્રથમ કેબિનેટમાં મંજૂર કરવામાં આવશે.

તેમજ એલપીજી સિલિન્ડર ૫૦૦ રૂપિયામાં આપવામાં આવશે. તેમજ હોળી અને દિવાળીના તહેવારોમાં ૧-૧ સિલેન્ડર એક્સ્ટ્રા મળશે. આ ઉપરાંત માતૃત્વ સુરક્ષા યોજના હેઠળ ૨૧,૦૦૦ રૂપિયા આપવામાં આવશે આ ઉપરાંત ૬ ન્યૂટ્રિશીયસ કીટ અલગથી આપવામાં આવશે.

આ ઉપરાંત લાખ રૂપિયા સુધીનો વધારાનો આરોગ્ય વીમો આપવામાં આવશે. દિલ્હીમાં આયુષ્માન ભારત યોજના લાગુ કરવામાં આવશે.

તેમજ અટલ કેન્ટીન યોજના શરૂ કરશે. ગરીબોને ઝૂંપડપટ્ટીમાં પાંચ રૂપિયામાં રેશન કાર્ડનું અનાજ આપવામાં આવશે. જ્યારે વરિષ્ઠ નાગરિકોને ૩૦૦૦ રૂપિયા સુધીનું પેન્શન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પાંચમી ફેબ્રુઆરીના રોજ યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે

છેલ્લો દિવસ પણ છે. ભાજપે દિલ્હીની ૭૦ માંથી ૬૮ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. ભાજપે તેના સાથી પક્ષો - જનતા દળ (યુનાઇટેડ) અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) માટે બે બેઠકો, બુરારી અને દેવલી છોડી છે.



કચ્છના ધોરડો ખાતે ૧૦મા લૅન્ડ યાર્ટિંગના લૉન્ચિંગમાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આવનારા છ દિવસ ભારતીય સેનાના ૨૧ બહાદુર અધિકારીઓ કચ્છના સફેદ રણમાં ૪૦૦ કિ.મી.નો પ્રવાસ કરશે. (એજન્સી)

# ચીનની વસ્તી સતત ત્રીજા વર્ષે ઘટીઃ સરકાર અને અર્થતંત્ર સામે પડકાર

તાઈપેઈ : ચીનની વસ્તી લાગલાગટ ત્રીજા વર્ષે ઘટી હતી એવી જાહેરાત ચીનની સરકારે કરી છે. ચીનની સરકારની આ જાહેરાતથી વિશ્વમાં બીજા નંબરની વધારે વસ્તી ધરાવતા દેશને લોકસંખ્યાના પડકારનો સામનો કરવો પડશે કારણ કે આ દેશની વસ્તીમાં વૃદ્ધોની સંખ્યા વધતી જાય છે અને કામ કરવાની વય ધરાવતા લોકોની અછત છે.

ચીનની વસ્તી ૨૦૨૪ના અંત સુધીમાં ૧.૪૦૮ અબજ હતી જે ૨૦૨૩ની સરખામણીમાં ૧૩.૯ લાખનો ઘટાડો દર્શાવે છે.

સરકારે બીજિંગમાં બહાર પાડેલા આંકડા આખા વિશ્વના ટ્રેન્ડનું અનુસરણ કરે છે. ચીનમાં વસ્તીનો ઘટાડો પૂર્વ એશિયાના દેશો જેવા કે જાપાન, દક્ષિણ કોરિયા, હોંગકોંગ અને બીજા દેશોના જેવો છે. ચીન ત્રણ વર્ષ અગાઉ જપાન અને પૂર્વ યુરોપના દેશોની પંગતમાં સામેલ થયું હતું જેની વસ્તીનો ગ્રાફ નીચે ઊતરી રહ્યો છે.

આનાં કારણો બીજા દેશો જેવા જ છે. વધતી મોંઘવારીને લીધે ચીનના યુવાનો ભણતી કે કારકિર્દી બનાવતી વખતે લગ્ન અને સંતાન મોડાં કરે છે અથવા કરતાં નથી. અલબત્ત માનવીની આવરદા વધી છે, પરંતુ આ ઘટી રહેલા જન્મદરને સરભર કરી શકાતો નથી.

ચીન જેવો દેશ વસાહતની છૂટ આપતો ન હોવાથી ભય હેઠળ છે.

ચીન લાંબા સમય સુધી સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ હતો. બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ બાદ અને ૧૯૪૯માં સામ્યવાદી પક્ષ સત્તા પર આવતાં મોટા કુટુંબનો સિલસિલો ચાલુ થયો હતો અને ફક્ત ત્રણ દાયકામાં વસ્તી બમણી થઈ હતી.

સાંસ્કૃતિક ક્રાંતિના અંત અને નેતા માઓ ઝેડોન્ગના મરણ બાદ સામ્યવાદી અમલદારો દેશની વધતી વસ્તી વિશે ચિંતા કરવા લાગ્યા કારણ કે દેશના લોકોને ખવડાવાની ક્ષમતા ખતમ થઈ રહી હતી. આથી ચીને કઠોર એક સંતાનની નીતિ અમલમાં મૂકી.

(એજન્સી)

# દીવ પાસેના અહેમદપુર માંડવી ખાતે ત્રણ દિવસ બીચ ફેસ્ટિવલ યોજાશેઃ કલેક્ટરે સ્થળનું નિરીક્ષણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અનેક પ્રકારના ઉત્સવો યોજાય છે. હવે બીચ ફેસ્ટિવલ યોજવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સંઘ પ્રદેશ દીવ પાસેના અહેમદપુર માંડવી બીચ ઉપર પ્રથમ વખત ત્રણ દિવસના બીચ ફેસ્ટિવલ યોજવા માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ માટે સ્થાનિક કલેક્ટર ડી.ડી. જાડેજા દ્વારા અન્ય વિભાગના અધિકારીઓ સાથે સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું.

ગુજરાતમાં ગીરના અહેમદપુર માંડવીનો બીચ દીવના ઘોઘલા પાસે છે. જ્યાંથી ગીરની હદ શરૂ થાય છે. આ બીચ દેશ અને દુનિયાના પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બને તે માટે સરકાર દ્વારા પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. આ બીચ પર રાજ્યના પ્રવાસન વિભાગ અને ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ત્રણ દિવસ સુધી બીચ ફેસ્ટિવલનું આયોજન કરવાની તૈયારીઓ શરૂ કરાઈ છે. આગામી ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ અહીં રંગારંગ બીચ ફેસ્ટિવલ યોજાશે. જાન્યુઆરી મહિનાની ૨૪, ૨૫ અને ૨૬ તારીખે વિવિધ રમતોત્સવ ફૂડ ઝોન અને અન્ય ગતિવિધિનું આયોજન કરાયું છે.

ગીર સોમનાથ કલેક્ટર ડી. ડી. જાડેજાએ મીડિયાને જણાવ્યું હતું કે અહેમદપુર માંડવી બીચ પ્રવાસીઓમાં નવી ઓળખ ઊભી કરે તે માટે અહીં ખાસ સૂર્યોદય જોવાના પોઇન્ટ પણ છે. વધુમાં અહેમદપુર માંડવી બીચ પર બહુ મોટી સંખ્યામાં ડોલ્ફિન માછલી પણ જોવા મળે છે. જેને કારણે અહીં દરિયા આધારિત વોટર સ્પોર્ટની પણ ખૂબ મોટી શક્યતા છે. વધુમાં આ વિસ્તારના ખારવા સમાજ અને તેમની સંસ્કૃતિ ઉજાગર થાય તે માટે પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લોની પરેડનું આયોજન પણ આગામી ત્રણ દિવસ થનાર છે. રાત્રીના સમયે બીચ પર લાઈવ કોન્સર્ટ, લેઝર શોનું આયોજન પણ કરવામાં આવશે.

# વડોદરા શિક્ષણ સમિતિના કર્મચારીઓની ભૂખ હડતાળ યથાવત્ઃ ચોથા વર્ગના ૫૭૦ કર્મીને કાયમી કરવાની માગ

અમદાવાદઃ વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશન હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચોથા વર્ગના ૫૭૦ કર્મચારીઓને કાયમી કરવાની વર્ષો જૂની માગણી નહીં સંતોષાતાં ભૂખ હડતાલ પર ઊતર્યા છે. કર્મચારીઓએ હાથમાં બેનરો અને પ્લે કાર્ડ લઈને સૂત્રોચાર સાથે ભૂખ હડતાલ શરૂ કરી જ્યાં સુધી માગણી નહીં ઉકેલાય ત્યાં સુધી નહીં હટવા નિર્ણય કર્યો છે. સંઘના પ્રમુખ નિલેશ રાજે જણાવ્યું હતું કે, શિક્ષણ સમિતિની મુખ્ય ઑફિસ ખાતે ભૂખ હડતાલ પર ૫૭૦ કર્મચારીઓમાંથી જે નિવૃત્ત થઈ ચૂક્યા છે તે હાલ નોકરી પર ચાલુ છે તે અને જે કર્મચારીઓનાં મૃત્યુ થયાં છે તેઓના વારસદારો આ ભૂખ હડતાલમાં જોડાયા છે. શુક્રવારે પણ ભૂખ હડતાળના બીજા દિવસે યથાવત્ જોવા મળી હતી જોડાયેલા સભ્યોમાંથી એક વ્યક્તિ સંપૂર્ણ દિવસ અન્નપાણીનો ત્યાગ કરે છે. પાલિકાની સામાન્ય બેઠકમાં ભૂખ હડતાલમાં જોડાયેલા તમામ કર્મચારીઓએ પાલિકા ખાતે પહોંચી રજૂઆત કરી હતી.

# ગોધરાકાંડના ૧૧ દોષિતોની ફાંસીની સજા આજીવન કેદમાં બદલવાના મામલે સુપ્રીમમાં ૧૩ ફેબ્રુ.એ સુનાવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૦૨ના ગોધરા ટ્રેન આગ કેસમાં ગુજરાત સરકાર અને અન્ય કેટલાક દોષિતો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સુપ્રીમ કોર્ટ ૧૩ ફેબ્રુઆરીએ સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.કે. મહેશ્વરી અને જસ્ટિસ અરવિંદ કુમારની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે, આગામી સુનાવણી પર આ કેસમાં કોઈ મહોલત આપવામાં આવશે નહીં. ગુજરાત હાઈ કોર્ટના ઓક્ટોબર ૨૦૧૭ના ચુકાદાને પડકારતી અનેક અપીલો સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરવામાં આવી હતી. હાઈ કોર્ટના આ નિર્ણયમાં અનેક ગુનેગારોની સજા યથાવત્ રાખવામાં આવી હતી અને ૧૧ લોકોની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવવામાં આવી હતી.

ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૨૦૨૩માં સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે તે ૧૧ દોષિતો માટે મૃત્યુદંડની માગ કરશે જેમની સજાને હાઈ કોર્ટ દ્વારા આજીવન કેદમાં ફેરવવામાં આવી હતી. ગુરુવારે જ્યારે કેસ સુનાવણી માટે આવ્યો, ત્યારે એક દોષિત માટે હાજર રહેલા વકીલે કહ્યું કે રેકોર્ડ પર કોઈ પુરાવા મૂકવામાં આવ્યા નથી.

જસ્ટિસ મહેશ્વરીએ કહ્યું હતું કે, અમે કેસની સુનાવણી કરીશું અને અમે અગાઉ પણ આ સ્પષ્ટ કર્યું હતું કે, અમે આ બાબતને મુલતવી રાખીશું નહીં. આ કેસની સુનાવણી ઓછામાં ઓછી પાંચ વખત મુલતવી રાખવામાં આવી છે. હું છેલ્લા એક વર્ષથી આ બાબતને મુલતવી રાખું છું.

વકીલે કોર્ટને કહ્યું હતું કે, કેટલાક દોષિતોએ માફી માટે અરજી કરી છે જે પેન્ડિંગ છે. કેસને મુલતવી રાખવાનો ઇન્કાર કરતાં બેન્ચે કહ્યું હતું, અમને ચીફ જસ્ટિસની ઑફિસ તરફથી સૂચના મળી છે કે ફોજદારી અપીલ અને માફીના કેસની એકસાથે સુનાવણી કરવાની જરૂર નથી. એક દોષિત માટે હાજર રહેલા એડવોકેટ સંજય હેગડેએ જણાવ્યું હતું કે મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં ફેરવવા સામે ગુજરાતની અપીલની સુનાવણી પહેલાં થવી જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગુજરાતના ગોધરામાં સાબરમતી એક્સપ્રેસના એસ-૬ કોચને આગ લગાડવામાં આવી હતી, જેમાં ૫૯ લોકોનાં મોત થયાં હતાં અને રાજ્યમાં રમખાણો ફાટી નીકળ્યાં હતાં.

# ગુજરાતમાં ઔદ્યોગિક કમિશનરેટની જેમ હવે સર્વિસ કમિશનરેટ સ્થાપવા સરકારે તૈયારીઓ શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર સર્વિસ સેક્ટરમાં ઉદ્યોગોને નવી તક મળે તથા રોજગારી સર્જાય તે માટે ઔદ્યોગિક કમિશનરેટની માફક સર્વિસ કમિશનરેટની પણ રચના કરવાના નિર્ણયની આગામી બજેટ સત્રમાં જાહેરાત કરશે. સરકાર અને નાણાં વિભાગે આ માટે જરૂરી મંજૂરીઓ આપી દીધી હોવાથી તેના અમલ માટેની તૈયારીઓ પણ શરૂ કરાઈ હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી.

ગુજરાતમાં ઉત્પાદન ક્ષેત્રે કમિશનરેટની કામગીરી ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની છે. જેથી અનેક ક્ષેત્રોની ઉત્પાદન કંપનીઓ રાજ્યમાં રોકાણ કરી રહી છે. બીજી તરફ સર્વિસ ક્ષેત્ર દેશોમાં નિકાસમાં સારો ફાળો આપે છે તેમાં દેશમાં કર્ણાટક, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, તામિલનાડુ જેવાં રાજ્યો સૌથી આગળ નીકળી ગયા છે. ગુજરાતની જીડીપીમાં સર્વિસ સેક્ટરનો ફાળો ૩૨.૪ ટકા છે અને તે વધારી ૫૪ ટકા લઈ જવા સરકારનું આયોજન છે. આ માટે રાજય સરકાર અને નાણાં વિભાગે સર્વિસ કમિશનરેટનું માળખું તૈયાર કરવા માટે જરૂરી મંજૂરી આપી દીધી હોવાનું અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું. ૨૦૨૦ના વર્ષમાં ગુજરાત સરકારે આ માટે વિચારણા શરૂ કરી હતી, પરંતુ કોરોનાની સ્થિતિને જોતાં તે વખતે સરકાર માટે આ નિર્ણય લેવો શક્ય નહોતો. જેથી હવે સર્વિસ ક્ષેત્ર એ રોજગારી સર્જનનું નવું મહત્ત્વનું માધ્યમ બન્યું હોવાથી રાજ્યમાં સર્વિસ ક્ષેત્રને માટે ઓછાં પ્રોત્સાહન કે ખાસ યોજનાઓ છે.

બીજી બાજુ ગુજરાતમાં ઉત્પાદન ક્ષેત્ર ખૂબ જ વિકસ્યું હોવાથી સર્વિસ ક્ષેત્ર માટે પણ મોટી તકો હોવાનું અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું. આઈટી, ટુરીઝમ, શિક્ષણ, આરોગ્ય, રીયલ એસ્ટેટ રીટેલ સહિતના ક્ષેત્રમાં સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ મહત્ત્વનું યોગદાન આપી રહી છે, પણ ઉત્પાદન ક્ષેત્રની સરખામણીમાં ગુજરાતમાં સર્વિસ ક્ષેત્રનો વિકાસ ખૂબ જ ઓછો થયો છે તે ખોટ હવે પુરાશે.

# ગુજરાતમાં ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી કરી એક મહિનામાં નિમણૂકો અપાશેઃ શિક્ષણ પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના શિક્ષણ પ્રધાન ડૉ. કુબેર ડિંડોરે શિક્ષકોની ભરતી અંગે મહત્ત્વની જાહેરાત કરી હતી. ડૉ. કુબેર ડિંડોર નેશનલ સ્ટાર્ટ અપ ડેની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તેમણે જાહેરાત કરી હતી કે, ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી પ્રક્રિયા આગામી એક મહિનામાં પૂર્ણ કરી નિમણૂક પત્રો આપી દેવાશે. તમામ ભરતી મેરિટ આધારિત અને પારદર્શક હશે તેમ પણ જણાવ્યું છે. ધો. પહેલાથી ૧૨માં શિક્ષકોની ખાલી જગ્યાઓ ઉપર આ ભરતી કરવામાં આવશે. લાંબા સમયથી નિમણૂક પત્રો અપાય તેની રાહ જોતા શિક્ષક ઉમેદવારોને આ જાહેરાતથી રાહત થઈ હતી.

શિક્ષણ પ્રધાન ડૉ. ડિંડોરે ગાંધીનગરમાં મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે, સરકાર શિક્ષકોની ભરતી કરી રહી નથી તેમ કહે છે તેવું કેટલાક લોકો સસ્તી લોકપ્રિયતા માટે કહેતાં હોય છે. વાસ્તવમાં તબક્કાવાર અને ખૂબ ઝડપથી શિક્ષકોની ભરતી પારદર્શક રીતે પોર્ટલ દ્વારા કરવામાં આવી રહી છે. ધો. ૧૧ અને ૧૨ના શિક્ષકો માટેની મેરિટ યાદી તૈયાર થઈ ગઈ છે. ધો. છઠ્ઠાથી આઠમામાં ટેટ-ટુના ઉમેદવારો માટે પણ શરૂઆત કરી દેવામાં આવી છે. એચમેટમાં નિમણૂક પત્રો આપવાની પણ શરૂઆત કરી દેવાઈ છે. આચાર્યોને નિમણૂક પત્ર આપવાની કામગીરી ચાલી રહી છે. અન્ય માધ્યમની ૧૮૫૨ ખાલી જગ્યાને પણ આ ભરતીમાં સમાવી લેવામાં આવશે. સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ ભરતી કરી દેવાશે. ભરતી પ્રક્રિયામાં થોડો વિલંબ થઈ રહ્યો હોવાનું પણ સ્વીકારતાં તેમણે એક મહિનામાં નિમણૂક પત્રો આપી દેવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે ગત જુલાઈ માસમાં ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી દેવાશે તેવો નિર્ણય લઈને ૨૪,૭૦૦ શિક્ષકોની ખાલી જગ્યા કાયમી ભરાશે તેમ જાહેર કર્યું હતું. જોકે તે પછી શિક્ષકોની ભરતીની કામગીરી શરૂ થઈ હતી, પરંતુ વિલંબમાં રહેતા ટેટના ઉમેદવારો દ્વારા સતત ઝડપથી ભરતી કરવા માટે પણ માગણી કરાઈ રહી હતી. તેમાં સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક સહિતની શિક્ષકોના ભરતી કેલેન્ડરને મંજૂરી આપવામાં આવી હતી. આગામી માસમાં વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થાય તે પૂર્વે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાની હવે જાહેરાત કરાઈ છે.

# અમદાવાદમાં બિલ્ડરે ૨૪૦ લોકો સાથે ૫૪ કરોડની ઠગાઈ કરીઃ પોલીસે તપાસ માટે એસઆઈટીની રચના કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના બોપલ વિસ્તારમાં પ્રિવિલોન બિલ્ડર્સ દ્વારા ૫૪ કરોડ રૂપિયાની છેતરપિંડીની વ્યાપક તપાસ કરવા માટે જિલ્લા પોલીસે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી છે. પ્રિવિલોન બિલ્ડર્સ દ્વારા બે પ્રસ્તાવિત સ્કીમ મૂકવામાં આવી હતી જેમાં ૧૪ માળના સેલેશિયલ સ્કીમ અને ૨૨ માળની રિસમંડ બે સ્કીમનો સમાવેશ થાય છે. જે લોકો આ સ્કેમનો ભોગ બન્યા છે તેમણે આ સ્કીમ્સમાં ફ્લૅટ અને દુકાનો બૂક કરાવી હતી. શરૂઆતમાં સ્કેમનો ભોગ બનેલાઓનો આંકડો ઓછો હતો, પરંતુ હવે આ આંકડો વધીને ૨૪૦ પર પહોંચી ગયો છે.

આ કૌભાંડમાં પોલીસે ૧૪મી જાન્યુઆરીએ સાઉથ બોપલમાં સ્થિત ઓર્ચિડ એલિગન્સમાં રહેતા હિરેન કટારિયાની ધરપકડ કરી હતી અને તેને ૧૩ દિવસના પોલીસ રિમાન્ડમાં મોકલવામાં આવ્યો હતો. જ્યારે અગાઉ પોલીસે આ કેસમાં શેલમાં આવેલા સોરેલ એપાર્ટમેન્ટમાં રહેતા જયદીપ કોટકની ધરપકડ કરી હતી.

અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમ પ્રકાશ જાટે મીડિયાને જણાવ્યું હતું કે, આ કૌભાંડની તપાસ માટે ડીસીપી નીલમ ગોસ્વામીના નેતૃત્વમાં એક એક એસઆઈટીની રચના કરવામાં આવી છે. આ ટીમમાં ડીએસપી પ્રકાશ પ્રજાપતિ, લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર આર.એન કરમટિયા અને બોપલ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર બી.ટી. ગોહિલ સામેલ છે. અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમ પ્રકાશ જાટે વધુમાં જણાવ્યું હતું કે, જમીનના માલિક અશોક પટેલ અને ધરણીધર ડેવલપર્સ આ કૌભાંડ વિશે જાણતા હતા કે નહીં તેની ખરાઈ કરવાની બાકી છે. બંનેની અગાઉ પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ એસઆઈટી તેમને વધુ પૂછપરછ માટે ફરી વાર બોલાવશે કારણ કે આરોપીઓ અને જમીનમાલિકો વચ્ચેના સોદાના કોઈ દસ્તાવેજો નથી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓએ એક ભાગીદારી કંપની પ્રિવિલોન બિલ્ડકોન એલએલપી બનાવી હતી અને ઘુમામાં જમીનની માલિકી ન હોવા છતાં સેલેસ્ટિયલ અને રિચમંડ પ્રોજેક્ટ્સમાં ફ્લૅટ અને દુકાનો બુક કરાવનારા પીડિતો સાથે કરાર કર્યા હતા. આરોપીઓએ પીડિતો પાસેથી રોકડ, ચેક અને ટ્રાન્સફર દ્વારા બુકિંગ રકમ લીધી હતી.

પ્રિવિલોન બિલ્ડર્સ દ્વારા સોશિયલ મીડિયા અને અન્ય પ્લૅટફૉર્મ્સ પર જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રસ્તાવિત ૧૪ માળની સેલેશિયલ સ્કીમમાં ૬૪૨ ફ્લૅટ અને ૭૦ દુકાનો છે. જ્યારે રિચમન્ડ બે સ્કીમમાં ૧૭૧ ફ્લેટ અને ૩૪ દુકાનોની વાત કરવામાં આવી હતી. બાદમાં આરોપીઓએ અચાનક જ પ્રમોશનલ બોર્ડ ઉતારીને જે લોકોએ આ પ્રોજેક્ટ્સમાં રોકાણ કર્યું હતું તેમની સાથે છેતરપિંડી આચરી હતી.

# અમદાવાદ આરટીઓએ ૨૦૨૪માં વાહનોના સ્પેશિયલ નંબરની હરાજીમાં ૧૮ કરોડની કમાણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં નવું વાહન ખરીદતા લોકો પસંદગીના નંબરો માટે લાખો રૂપિયા ખર્ચી નાખતા હોય છે. ૨૦૨૪ના વર્ષમાં ૨૮ હજાર વાહન માલિકોએ ઈ-ઓક્શન મારફતે પોતાનો પસંદગીનો નંબર મેળવતાં સુભાષ બ્રિજ રિજનલ ટ્રાન્સપોર્ટ ઑફિસને ૧૮ કરોડની કમાણી થઈ હતી. ફેન્સી અને ચોઈસ નંબર એમ બે કેટેગરીમાં ઈ ઓક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઓક્શન દરમિયાન ફેન્સી નંબરમાં ૧૧૧૧ અને ૯૯૯૯ને ગોલ્ડ અને સિલ્વર કેટેગરીમાં મૂકવામાં આવ્યા હતાં. જે ઑનલાઈન હરાજીના માધ્યમથી વાહનચાલકોને આપવામાં આવે છે. જેની મોટી બોલી લગાવવામાં આવે છે. ચોઈસના નંબરોનું તાત્પર્ય રજિસ્ટ્રેશન નંબર સાથે છે જે ફેન્સી નથી છતાં તેની ડિમાન્ડ છે. સુભાષ બ્રિજ આરટીઓના અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, ૨૦૨૪માં ૭૪૬૧ વાહન ચાલકોએ ઈઓક્શનમાં ફેન્સી રજિસ્ટ્રેશન નંબર મેળવતાં આરટીઓને ૬.૧૯ કરોડની આવક થઈ હતી.

જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં લોકોએ ફેન્સી અને ચોઈસ નંબર મેળવવા માટે ૧૮ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. જેનાથી સરકારી આવકમાં વધારો થયો હતો.

આરટીઓમાં એક વર્ષમાં ૧૦ સિરિઝમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર થઈને ૨ લાખ વાહનોનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. જેથી ૨૧૧૭૭ વાહન ચાલકોએ નોન ઓક્શન ચોઈસ નંબરમાં માત્ર ફી ભરીને ૧૧.૮૪ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. આરટીઓ અધિકારી જે.જે. પટેલે જણાવ્યું હતું કે, વાહન માલિકો કેટલીક સંખ્યાઓના નંબર માટે લાખો રૂપિયા ખર્ચી નાખે છે. આરટીઓમાં ૧૧૧૧ અને ૯૯૯૯ નંબરને ગોલ્ડ અને સિલ્વર કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. જેમાં બેઝ પ્રાઈઝ કાર માટે ૪૦ હજાર અને ટુ વ્હીલર માટે આઠ હજાર છે. જ્યારે નવી સિરિઝ જાહેર થાય છે ત્યારે આ નંબરનું ઈ ઓક્શન કરવામાં આવે છે.

# ડાંગમાં વરસાદી ઝાપટુંઃ માવઠાથી શાકભાજી - ફળફળાદિ સહિતના શિયાળુ પાકને નુકસાનની ભીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. ઉત્તર ગુજરાતથી લઈને મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અચાનક વાતાવરણમાં માવઠાની આશંકા સેવાઈ હતી. જોકે, દક્ષિણ ગુજરાતમાં ડાંગ જિલ્લામાં વહેલી સવારથી માવઠું થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા હતા. કમોસમી વરસાદથી શિયાળુ પાકને નુકસાનની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. કમોસમી વરસાદથી ગિરીમથકમાં ધુમ્મસભર્યાં દશ્યો સર્જાયાં હતાં. ડાંગ જિલ્લામાં સવારથી જ માવઠુ થયું હતું અને કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણીના કારણે શિયાળુ પાકને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. ડાંગના ચીંચલી અને સાપુતારા સહિતના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવતાં ખેડૂતો ચિંતિત બન્યા હતા.

આ કમોસમી વાતાવરણને કારણે ખેડૂતોનાં શિયાળુ ઊભા પાક સહિત ફળફળાદિ તથા શાકભાજી જેવા પાકોને મોટી નુકસાની થઈ શકે છે, જો વરસાદી ઝાપટું વધશે તો ઊભા પાકમાં જીવાત પડવાની પણ પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે.

# ૧૮ જાન્યુઆરીથી મોઢેરા સૂર્યમંદિર ખાતે દ્વિ-દિવસીય ઉત્તરાર્ધ ઉત્સવમાં નવ પ્રકારનાં શાસ્ત્રીય નૃત્યોની પ્રસ્તુતિ થશે

અમદાવાદઃ વિશ્વપ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૫નું તા. ૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવશે. પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્વિતીય સ્થાપત્ય કલા અર્ચના અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઊજવવામાં આવતો હતો. આ વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવમાં ભરત નાટયમ ઓડીસી કુચીપૂડી મોહિની અટ્ટમ કથ્થક- કથકલી - મણિપુરી કથક અને સતરીયા જેવા શાસ્ત્રીય નૃત્યના વિશ્વવિખ્યાત કલાકારોની પ્રસ્તુતિ આ મહોત્સવમાં પ્રસ્તુત કરવામાં આવશે. ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસ લાંબો-મોટો થવાની શરૂઆત થતી હોય તેવા 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવ તરીકે ઊજવવાની પરંપરા રહેલી છે. મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઇજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ ઉત્સવ ઊજવાય છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય ગુરુ-શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ - ૧૯૯૨થી રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ઉત્તરાર્ધ મહોત્સવના દ્વિ-દિવસીય કાર્યક્રમમાં દેશભરના જુદા જુદા કલાક્ષેત્રના કલાકારો દ્વારા કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

# અમદાવાદના અસલાલીમાં અસામાજિક તત્ત્વોનો આતંકઃ લાકડી અને પાઈપોથી બે યુવક પર હુમલો

અમદાવાદઃ શહેરમાં ફરી એક વાર અસામાજિક તત્ત્વોએ આતંક મચાવ્યો હતો. શહેરના અસલાલી વિસ્તારમાં અસામાજિક તત્ત્વોએ નજીવી બાબતે ભારે આતંક મચાવ્યો હતો, જેનો વીડિયો પણ વાયરલ થયો હતો. આ વીડિયોને જોઈને મોટા ભાગના લોકો ચોંકી ગયા હતા. શહેરના અસલાલીમાં એક્ટિવા ચલાવવા બાબતે બે યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. લાકડીઓ અને પાઈપો લઈ અસામાજિક તત્ત્વો આ યુવકો પર તૂટી પડ્યા હતા. એક્ટિવા નજીકથી ચલાવવા બાબતે ઠપકો આપતાં મારામારી કરી હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે કરણ દરબાર, પ્રકાશ ઠાકોર, ચેતન ઠાકોર અને અનિલ ઠાકોર વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ હતી. અસલાલી પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. અસલાલી વિસ્તારમાં એક્ટિવા ચલાવવા જેવી નજીવી બાબતે થયેલી માથાકૂટે ભારે સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેમાં લાકડીઓ અને પાઈપોથી બે યુવકો પર હુમલો કરવામાં આવ્યો. જેને પગલે કેટલાક યુવકોને ગંભીર ઈજા પણ પહોંચી હતી. ઘટનાનો વાયરલ વીડિયો લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

# એટ્રોસિટી એક્ટનો ઉપયોગ ગુનાને વધુ ગંભીર બનાવવા માટે થઈ રહ્યો છેઃ હાઈ કોર્ટ

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે રાજકોટમાં કેબ ડ્રાઈવર સામે લગાવવામાં આવેલા અત્યાચાર સંબંધિત આરોપ મુદ્દે પોલીસને કાર્યવાહી નહીં કરવા સૂચન કર્યું હતું. હાઈ કોર્ટે રાજકોટ પોલીસની આકરી ટીકા કરતાં કહ્યું હતું કે, ગુનાને ગંભીર બનાવવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અધિનિયમ (એટ્રોસિટી) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસમાં જાતિનું અપમાન અને અપશબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો નથી. ઝઘડાના કેસમાં એટ્રોસિટીના ઉપયોગ અંગે જસ્ટિસ સંદિપ ભટ્ટે કહ્યું હતું કે, કોર્ટમાં અનેક વખત જોવા મળ્યું છે કે, જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે કોઈ ઘટના બને છે જેમાં કોઈ પણ વ્યક્તિની જાતિ વિશે કોઈ વિશેષ ટિપ્પણી કરવામાં નથી આવી. ત્યારે પોલીસ અધિકારીઓ ગુનાને વધુ ગંભીર બનાવવા માટે અધિનિયમની જોગવાઈઓનો ઉપયોગ કરીને ફરિયાદો નોંધે છે. આવા કેસોની સંબંધિત ફરિયાદ વાંચતાં જ ખબર પડે છે કે, પોલીસે આ પ્રકારે જ ગુનો નોંધ્યો છે. હાઈ કોર્ટ સમક્ષ રાજકોટના માત્ર સુસરા નામના એક કેબ ડ્રાઈવરનો કેસ હતો. જેણે રાજકોટ ઍરપોર્ટ પર અન્ય ડ્રાઈવર સાથે હાથાપાઈ કરી હતી. જેમાં ઈજા પહોંચાડવાના આરોપમાં કેબ ડ્રાઈવર માત્ર સુસરા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨) હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. સામેવાળો ડ્રાઈવર અનુસૂચિત જાતિનો હતો. જેથી કેબ ડ્રાઈવર સુસરા પર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અધિનિયમની જોગવાઈઓ હેઠળ આરોપ લગાવવામાં આવ્યા હતા.

# ગિફ્ટ સિટી ખાતે ઇન્ટરનેશનલ ફિન્ટેક ઇન્સ્ટિટ્યૂટ અને ઇનોવેશન હબનું મુખ્ય પ્રધાને ઉદ્ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં સ્ટાર્ટઅપ માટેના એક નવતર અભિગમ રૂપે ગિફ્ટ ઇન્ટરનેશનલ ફિન્ટેક ઇન્સ્ટિટ્યૂટ અને ગિફ્ટ ઇન્ટરનેશનલ ફિન્ટેક ઇન્સ્ટિટ્યૂટ ઇનોવેશન હબનું ઉદ્ઘાટન કર્યું હતું. ગુજરાતમાં સ્પેસિફિક સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ઊભી કરવાની નેમ સાથે આ ઈનીશિયેટિવ્ઝ શરૂ થઈ રહ્યાં છે એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, ગુજરાતનું ગિફ્ટ સિટી, ભારતને ગ્લોબલ ફિન્ટેક હબ બનાવવાના વડા પ્રધાનના વિઝનનું ઉત્તમ ઉદાહરણ છે. દેશનું એકમાત્ર ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસ સેન્ટર અને બુલિયન એક્સચેન્જ અહીં કાર્યરત છે. તેમણે ગિફ્ટ સિટીમાં શરૂ થઈ રહેલું ફિનટેક ઇનોવેશન હબ ઇન્ડિયા ટુમોરોના વિઝનને સાકાર કરશે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

# કઠલાલ પાસે ગાય વચ્ચે આવતાં કાર પલટી જતાં બાલાસિનોરના ચાર લોકોનાં મોત

અમદાવાદઃ ગુજરાતમાં હાઈવે પર અકસ્માતના બનાવો સતત વધી રહ્યા છે. અમદાવાદ ઈન્દોર હાઈવે પર કઠલાલ પાસે રાતના સમયે ઈકો કાર ગાય સાથે અથડાઈ હતી. ત્યાર બાદ પલટી ખાઈ ગઈ હતી. જેમાં કારમાં સવાર પાંચ લોકોમાંથી ચાર લોકોનાં મોત થયાં હતાં. પોલીસ તપાસમાં ચારેય મૃતકો બાલાસિનોરના હોવાનું જાણવા મળ્યું હતું. અમદાવાદ ઈન્દોર હાઈવે પર કઠલાલ પાસે ગુરુવારે મોડી રાત્રે ઈકો કાર પૂરપાટ ઝડપે પસાર થઈ રહી હતી. આ દરમિયાન હાઈવે પર ગાય આડી આવતાં કાર ગાયને અથડાઈને પલટી મારી ગઈ હતી. કાર એટલી સ્પીડમાં હતી કે, તે ડિવાઈડર પર ચઢી ગયા બાદ લોખંડના પોલ સાથે જબરદસ્ત રીતે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારચાલક સહિત ચાર લોકોનાં મોત નીપજ્યાં હતાં. અકસ્માતની ઘટના સર્જાતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કારના પતરા કાપીને ચાર લોકોના મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

સૈફ અલી ખાન હુમલા કેસ





# ‘હુમલાખોર’ને પકડવા-છોડવાનો ડ્રામા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોલીવૂડના સ્ટાર સૈફ અલી ખાનના બાન્દ્રાના ફ્લૅટમાં ઘૂસીને એક કરોડ રૂપિયા માગ્યા પછી છરીથી હુમલો કરવાના કેસની તપાસ કરનારી પોલીસે તાબામાં લીધેલો શકમંદ કોણ હતો એવો પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર પોલીસે પૂછપરછ પછી એ યુવાનને છોડી પણ દીધો હતો. પોલીસના આ યુવાનને પકડવા-છોડવાના ડ્રામાએ ભારે ચર્ચા જગાવી હતી. જોકે પોલીસનો દાવો છે કે સીસીટીવી ફૂટેજમાં નજરે પડતા શકમંદ જેવા જ દેખાતો હોવાને કારણે એક યુવાનને તાબામાં લેવાયો હતો, પરંતુ પૂરતી ખાતરી પછી તેને છોડી મૂકવામાં આવ્યો હતો.

સૈફ અલી ખાનના ફ્લૅટમાં ગુરુવારના મળસકે અઢી વાગ્યાની આસપાસ ઘૂસેલા ચોરે અભિનેતા પર છરીથી હુમલો કર્યો હતો. સૈફ પર છરીના છ ઘા ઝીંકવામાં આવ્યા હતા. આ હુમલામાં સૈફના કરોડરજ્જુમાં છરીની અણી ખૂંપી ગઈ હતી, જેને સર્જરી પછી ડૉક્ટરોએ બહાર કાઢી હતી.

આ કેસમાં સંડોવાયેલો શકમંદ બિલ્ડિંગના ફાયર એક્ઝિટના દાદર પરથી આરામથી ઊતરીને રફુચક્કર થયો હતો. છઠ્ઠા માળે લાગેલા સીસીટીવી કૅમેરામાં તેનો ચહેરો સ્પષ્ટ નજરે પડે છે. પોલીસ આ ફૂટેજને આધારે શકમંદની તપાસ કરી રહી છે.

તપાસ દરમિયાન પોલીસે શુક્રવારે સવારે એક યુવાનને તાબામાં લીધો હતો અને કલાકોની પૂછપરછ પછી તેને છોડી મૂક્યો હતો. જોકે યુવાન પકડાતાં સૈફ પરના હુમલામાં સંડોવાયેલો આરોપી ઝડપાયો હોવાના સમાચાર ફેલાયા હતા અને યુવાનની તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગી હતી. આ બાબતે પોલીસે ખુલાસો કર્યો હતો કે અભિનેતા પરના હુમલાના કેસમાં હજુ સુધી કોઈની ધરપકડ કરાઈ નથી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે સીસીટીવી ફૂટેજમાં નજરે પડતા શકમંદ જેવા જ દેખાતા એક યુવાનને તાબામાં લેવાયો હતો. જોકે આ યુવાન સૈફ પરના હુમલામાં સંડોવાયેલો આરોપી ન હોવાનું પૂછપરછમાં જણાયું હતું. પોલીસની ટીમ દ્વારા પૂરતી ચકાસણી અને ખાતરી કર્યા પછી એ યુવાનને છોડી મુકાયો હતો. શકમંદની શોધ માટે પોલીસ અધિકારીઓની ૩૦ ટીમ બનાવવામાં આવી હોઈ અલગ અલગ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. ઘટના પછી શકમંદ બાન્દ્રા રેલવે સ્ટેશનના સીસીટીવીમાં નજરે પડે છે. તે વિરારની દિશામાં ગયો હોવાનું પોલીસનું માનવું છે. ફૂટેજ વાયરલ થતાં શકમંદે તેનો દેખાવ બદલવાના પૂરતા પ્રયાસ કર્યા હોવાની શંકા પણ પોલીસે વ્યક્ત કરી હતી.



દીકરા સૈફ અલી ખાનના ખબર પૂછવા માતા શર્મિલા ટાગોર લીલાવતી હૉસ્પિટલમાં આવ્યાં હતાં. (પીટીઆઈ)

## સૈફ હવે સૅફ, બે-ત્રણ દિવસમાં હોસ્પિટલમાંથી ઘરે જઈ શકશે

મુંબઈ: બાંદ્રા પશ્ચિમમાં સતગુરુ શરણ ઇમારતમાંના ઘરમાં મળસકે ઘૂસેલા ચોરે છરીથી હુમલો કર્યા બાદ લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયેલા સૈફ અલી ખાન પર ઇમર્જન્સી સર્જરી કરાવાઇ હતી અને હવે તે હેમખેમ છે. સૈફને બે-ત્રણ દિવસમાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળે એવી અપેક્ષા છે, એમ ડોક્ટરોએ જણાવ્યું હતું.

હોસ્પિટલના ન્યુરોસર્જન ડૉ. નીતિન ડાંગેએ જણાવ્યું હતું કે ‘અમે સૈફની પ્રગતિનું નિરીક્ષણ કરી રહ્યા છીએ. સૈફ અમારી અપેક્ષા અનુસાર સારું કરી રહ્યો છે. અમે તેને સંપૂર્ણ બૅડ રેસ્ટ લેવાની સલાહ આપી છે. જો તેને સ્વસ્થ લાગતું હોય તો બેથી ત્રણ દિવસમાં તેને રજા આપવામાં આવશે. શુક્રવારે ડૉક્ટરોની ટીમે તેની તપાસ કરી હતી અને તેને ચલાવ્યો પણ હતો. તે બરોબર ચાલી શકે છે. નિયમિત આહાર પણ શરૂ કર્યો છે. શુક્રવારથી તે બૅડ રેસ્ટ લેવાનો હોવાથી મુલાકાતીઓ પર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે.

ઇન્ટેન્સિવ કૅર યુનિટ (આઇસીયુ)માંથી બહાર લાવવા માટે તે હવે ફિટ છે. આથી તેને બહાર વિશેષ રૂમમાં ખસેડવામાં આવ્યો છે, એમ ડાંગેએ કહ્યું હતું. સૈફ પર સર્જરી કરનારી ડૉક્ટરોની ટીમની ડૉ. ડાંગેએ આગેવાની કરી હતી. સૈફને ત્રણ ઇજાઓ થઇ છે. હાથ પર બે, ગરદનની જમણી બાજુ એક. થોરેસિસ સ્પાઇન તરીકે ઓળખાતી કરોડરજ્જુમાં છરીનો ટુકડો ખૂંપ્યો હતો, જેનો ઘા ઊંડો હતો. સદ્‌નસીબે કરોડરજ્જુને કોઇ હાનિ થઇ નથી, એમ પણ ડૉ. ડાંગેએ કહ્યું હતું.

હુમલા સમયે સૈફ, તેની પત્ની કરીના, તેમના બે સંતાન ચાર વર્ષનો જેહ અને આઠ વર્ષનો તૈમુર તેમ જ પાંચ નોકરો ઘરમાં હાજર હતાં. (પીટીઆઇ)

## હુમલાને અન્ડરવર્લ્ડ કનેક્શન નથી: સરકાર

મુંબઈ: મહારાષ્ટ્રના ગૃહ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન (શહેર) યોગેશ કદમે આ સૈફ અલી ખાન પરના ક્રૂર હુમલાને અન્ડરવર્લ્ડ સાથે કનેક્શન હોવાનું સાફ નકારી કાઢતા કહ્યું હતું કે, હુમલો કરનાર કોઈ ગુનાઇત ગેંગ માટે કામ કરતો ન હતો અને કદાચ તેને ખબર પણ નહોતી કે તે કોના ઘરમાં ઘુસ્યો હતો. ‘‘આ એક છૂટીછવાઈ ઘટના લાગે છે. પ્રથમ દૃષ્ટિએ તપાસ મુજબ કથિત હુમલાખોર કોઈ ગેંગ માટે કામ કરતો ન હતો. તેને કદાચ ખબર પણ ન હતી કે તે કોના ઘરમાં ઘુસ્યો હતો,’’ તેમણે ઉમેર્યું.

કદમે જણાવ્યું હતું કે આ ઘટના પાછળ લૂંટનો હેતુ હતો અને સ્પષ્ટ કર્યું હતું કે છરી હુમલામાં કોઈ અન્ડરવર્લ્ડ ગેંગનો હાથ નથી.

## શાહરુખના બંગલાની પણ રૅકી?

### આ સમાચારો વહેતા થયા પણ પોલીસ કશો ફોડ નથી પાડતી

મુંબઈ: બાંદ્રામાં ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાનના ઘરમાં મળસકે ચોરીને ઇરાદે ઘૂસ્યા બાદ તેના પર છરીથી હુમલો કરનાર આરોપીએ અગાઉ બાંદ્રામાં બેન્ડ સ્ટેન્ડ પાસે અભિનેતા શાહરુખ ખાનના મન્નત બંગલોની રૅકી કરી હતી, એવી માહિતી સામે આવી છે. જોકે વરિષ્ઠ પોલીસ અધિકારીએ તેને પુષ્ટિ આપી નથી.

બાંદ્રા પશ્ચિમમાં શાહરુખ ખાનનો બંગલો આવેલો છે. હુમલાખોરે ૧૪ જાન્યુઆરીએ બંગલોની રૅકી કરી હતી. જોકે હાઇ સિક્યુરિટીને કારણે તે બંગલોમાં ઘૂસી શક્યો નહોતો, એવું કહેવાય છે.

આ પ્રયાસ નિષ્ફળ ગયા બાદ હુમલાખોરે અભિનેતા સૈફ અલી ખાનના નિવાસસ્થાનને ટાર્ગેટ કર્યું હતું. બાંદ્રા પશ્ચિમમાં સતગુરુ શરણ ઇમારતમાં રહેતા સૈફ અલી ખાનના ઘરે ગુરુવારે મળસકે આરોપી ઘૂસ્યો હતો અને તેણે સૈફ પર છરીના છ ઘા ઝીંક્યા હતા. નોંધનીય છે કે શાહરુખના મન્નત અને સતગુરુ દર્શન ઇમારત વચ્ચે ૩.૧ કિ.મી.નું અંતર છે. દરમિયાન હુમલામાં ઘવાયેલા સૈફ અલી ખાનને તાત્કાલિક સારવાર માટે લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેની કરોડરજ્જુમાં ખૂંપેલો છરીનો ટુકડો સર્જરી કરીને કાઢવામાં આવ્યો હતો. સૈફ અલી ખાનના ડાબા હાથ અને ગરદનની જમણી બાજુ બે ઊંડા ઘા હતા, તેનો ઉપચાર કરવામાં આવ્યો હતો.

## હૉસ્પિટલ લઈ જનાર રિક્ષા ડ્રાઈવરે સૈફને ઓળખ્યો જ નહોતો



### આટલું જ નહીં, તેણે પૈસા પણ નહોતા લીધા

મુંબઈ: બોલીવૂડના સ્ટાર સૈફ અલી ખાન પર છરીથી હુમલો થયા પછી તેને લોહીથી લથબથ હાલતમાં હૉસ્પિટલે પહોંચાડનારા રિક્ષાવાળાએ ખાન પરિવાર પાસેથી રૂપિયા લીધા નહોતા. તેને તો લોહીલુહાણ હાલતમાં રિક્ષામાં કોણ બેઠું છે એની પણ જાણ નહોતી. છેક હૉસ્પિટલે પહોંચ્યા પછી તેને ખબર પડી હતી કે અભિનેતા તેની રિક્ષામાં બેઠો હતો. રિક્ષા ડ્રાઈવર ભજન સિંહ રાણાએ જણાવ્યું હતું કે ગુરુવારે મળસકે તે બાન્દ્રામાં ૨૪મા ને ૨૫મા રોડના કૉર્નર પાસેથી પસાર થઈ રહ્યો હતો. સૈફ અલી ખાન રહે છે એ સતગુરુ શરણ બિલ્ડિંગના ગેટમાંથી બહાર આવેલી એક મહિલા સહિત અન્ય લોકોએ રિક્ષા રોકવા માટે બૂમો પાડી હતી. યુ-ટર્ન લઈને તે બિલ્ડિંગના ગેટ નજીક પહોંચ્યો હતો. લોહીથી ખરડાયેલો સફેદ કુરતો પહેરેલી વ્યક્તિ ગેટમાંથી બહાર આવીને રાણાની રિક્ષામાં બેઠી હતી. તે સમયે રાણાએ એ વ્યક્તિની ગરદન અને પીઠ પર ઇજા થઈ હોવાનું જોયું હતું. એ વ્યક્તિના હાથની ઇજા પર તેની નજર પડી નહોતી.

રિક્ષાવાળાના કહેવા મુજબ સૈફ સાથે સાતથી આઠ વર્ષનો છોકરો પણ રિક્ષામાં બેઠો હતો. પહેલાં બાન્દ્રાની હોલી ફૅમિલી હૉસ્પિટલમાં જવાનું તેમણે નક્કી કર્યું હતું, પરંતુ સૈફે બાન્દ્રાની જ લીલાવતી હૉસ્પિટલે લઈ જવાનું કહ્યું. રિક્ષા ત્રણ વાગ્યાની આસપાસ હૉસ્પિટલમાં પહોંચી ત્યારે જખમી વ્યક્તિએ ગેટ પાસે ગાર્ડને બોલાવી સ્ટ્રેચર મગાવ્યું અને પોતે સૈફ અલી ખાન હોવાનું કહ્યું હતું. તે સમયે રાણાને ખબર પડી કે એ જખમી વ્યક્તિ અભિનેતા સૈફ અલી ખાન હતો.

## ઝડપી કાર્યવાહી થઈ, મુંબઈ સલામત શહેર: બાવનકુળે

નાગપુર: મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ શુક્રવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અને પોલીસ વિભાગે અભિનેતા સૈફ અલી ખાન પર છરીના હુમલાના કેસમાં ઝડપી પ્રતિસાદ આપ્યો હતો, તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે મુંબઈ દેશનું સૌથી સુરક્ષિત શહેર છે.

ગુરુવારે વહેલી સવારે બાન્દ્રામાં તેમના ૧૨મા માળના ફ્લેટમાં એક ઘૂસણખોરે વારંવાર છરીથી હુમલો કર્યા બાદ સૈફ અલી ખાન (૫૪)ને ગંભીર ઈજાઓ થઈ હતી. ડોકટરોના જણાવ્યા અનુસાર તેમની ઇમરજન્સી સર્જરી કરવામાં આવી હતી અને તેઓ સ્વસ્થ છે.

આ હુમલા બાદ કોંગ્રેસ, એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી) સહિત વિપક્ષી પક્ષોના નેતાઓએ જણાવ્યું હતું કે સૈફ અલી ખાન પરના હુમલાથી સાબિત થાય છે કે રાજ્યમાં સેલિબ્રિટીઓ પણ સુરક્ષિત નથી, અને ગૃહ વિભાગ સંભાળતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહ્યા છે.

નાગપુરમાં પત્રકારો સાથે વાત કરતા, બાવનકુળેએ કહ્યું હતું કે, સરકારે આવી ઘટનાઓને ગંભીરતાથી લીધી છે, અને મુખ્ય પ્રધાને કહ્યું હતું કે સરકાર અને પોલીસે હુમલાની નોંધ લીધી હતી અને ઝડપથી પ્રતિક્રિયા આપી હતી.

‘અમે જોયું છે કે અંબાણીના નિવાસસ્થાન (ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના એન્ટિલિયા) પાસે બનેલી ઘટના પર તત્કાલીન સરકારે કેવી પ્રતિક્રિયા આપી હતી. અમે આ ઘટનાઓની તુલના કરવા માંગતા નથી, પરંતુ મુંબઈ એક સલામત સ્થળ અને દેશનું સૌથી સુરક્ષિત શહેર છે. મુંબઈ અને મહારાષ્ટ્ર પોલીસ સતર્ક છે, અને આવી ઘટનાઓ બને ત્યારે તેઓ કેવી રીતે પ્રતિસાદ આપે છે તે મહત્વપૂર્ણ છે. અમારા ગૃહ પ્રધાન યોગ્ય કાર્યવાહી કરી રહ્યા છે,’ એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

## ૨૪ કલાક પછી પણ મારા પતિને હજી પણ કેમ નથી છોડાયો?

### સૈફના ઘરે સુથારીકામ કરનારની પત્નીનો સવાલ

મુંબઈ: બાન્દ્રાના ફ્લૅટમાં ઘૂસેલા ચોરે અભિનેતા સૈફ અલી ખાન પર છરીથી હુમલો કર્યા બાદ પોલીસે બે દિવસ અગાઉ ફ્લૅટમાં સુથારીકામ કરનારાને પૂછપરછ માટે તાબામાં લીધો હતો. સુથારની પત્નીએ ચિંતા સાથે પ્રશ્ન કર્યો હતો કે તેના પતિને ૨૪ કલાક પછી પણ પોલીસે શા માટે તાબામાં રાખ્યો છે?

પોલીસના જણાવ્યા મુજબ સુથાર વારીસ અલી સલમાનીને તાબામાં લઈ પૂછપરછ માટે બાન્દ્રા પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો. સૈફ પર હુમલો થયો તેના બે દિવસ અગાઉ સલમાનીએ અભિનેતાના ફ્લૅટમાં સુથારીકામ કર્યું હતું. એક કોન્ટ્રાક્ટરના કહેવાથી સલમાની સૈફના ફ્લૅટમાં કામ માટે ગયો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ સૈફ પર હુમલાની ઘટના બાદથી સલમાનીને પોલીસે તાબામાં લીધો હતો. કલાકોની પૂછપરછ પછી તેને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યો હતો. જોકે વરિષ્ઠ પોલીસ અધિકારીએ દાવો કર્યો હતો કે બાન્દ્રા પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે લાવવામાં આવેલા શખસને સૈફ પરના હુમલાના કેસ સાથે કોઈ નિસ્બત નથી. બીજી બાજુ, સુથારની પત્નીએ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેના પતિને પોલીસે પૂછપરછ માટે મળસકે ચાર વાગ્યે બોલાવ્યો હતો. ૨૪ કલાક પછી પણ પતિને છોડવામાં આવ્યો નથી. તેમની તબિયત સારી નથી. ઘરખર્ચ માટે મને માત્ર ૫૦૦ રૂપિયા આપીને ગયા છે અને હવે પોલીસ તેમની સાથે મને વાત પણ કરવા દેતી નથી. દરમિયાન સૈફ પર હુમલો કરનારો શુક્રવારની મોડી સાંજ સુધી હાથ લાગ્યો ન હોવાનો દાવો પોલીસે કર્યો હતો. શકમંદની શોધ માટે પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ૩૦ ટીમ બનાવવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

## ઉઘાડા પગે ઉપર ગયો, શૂઝ પહેરી નીચે ઊતર્યો

મુંબઈ: બાંદ્રામાં સૈફ અલી ખાનના ઘરે ચોરીને ઇરાદે ઘૂસેલો હુમલાખોર ઉપર ગયો ત્યારે ઉઘાડા પગે ગયો હતો અને હુમલા બાદ નીચે આવ્યો ત્યારે પગમાં શૂઝ હતા, એવું સીસીટીવી કેમેરાના ફૂટેજમાં નજરે પડે છે. બીજી વસ્તુ એ છે કે હુમલાખોર જ્યારે ઉપર જઇ રહ્યો હતો ત્યારે તેની બેગ ભરેલી (ફૂલેલી) ફૂટેજમાં દેખાતી હતી, જ્યારે નીચે આવતી વખતે તેની બેગ ખાલી હોય એવું લાગતું હતું.

## હોસ્પિટલમાં ઇબ્રાહિમ હતો કે તૈમુર?

### સૈફ લોહીલુહાણ હતો પણ સાવજની જેમ આવ્યો હતો

મુંબઈ: બાંદ્રામાં હુમલાખોરે છરીથી કરેલા હુમલામાં ઘવાયેલા સૈફ અલી ખાનને તેનો મોટો પુત્ર ઇબ્રાહિમ રિક્ષામાં લીલાવતી હૉસ્પિટલમાં લઇ ગયો હતો, એવું અગાઉ નિવેદન કરવામાં આવ્યું હતું. જોકે તાજેતરમાં તેનાથી વિપરીત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે સૈફને ઘાયલ અવસ્થામાં તેનો નોકર હૉસ્પિટલમાં લઇ ગયો હતો, જેની સાથે તૈમુર હતો. ડોક્ટરે જણાવ્યું હતું કે સૈફ અલી ખાન લોહીલુહાણ હાલતમાં હતો, પણ ‘સાવજ’ની જેમ ચાલતો હૉસ્પિટલમાં આવ્યો હતો.

ડો. ડાંગેએ જણાવ્યું હતું કે સર વલી સાહેબ જ્યારે હૉસ્પિટલમાં આવ્યા ત્યારે તે લોહીલુહાણ હાલતમાં હતા, પણ તેઓ પોતાના નાના બાળક સાથે સાવજની જેમ ચાલતા આવ્યા હતા, જે તેમનો સાત વર્ષનો પુત્ર તૈમુર હતો.

## મેટ્રો-૩નાં ૨૭ સ્ટેશન પરની ૧.૩ લાખ સ્કે. ફૂટ જગ્યા રિટેલમાં ભાડે અપાશે

મુંબઈ: મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસીએલ) એ મેટ્રો લાઈન-૩ ના ૨૭ સ્ટેશનો પર ૧.૩ લાખ ચોરસ ફૂટ રિટેલ કમર્શિયલ જગ્યા આપી. આ જગ્યાઓ ઓપન ટેન્ડર પ્રક્રિયા દ્વારા ફૂડ એન્ડ બેવરેજ, રિટેલ, બેંકિંગ એટીએમ અને વેન્ડિંગ મશીન સહિત વિવિધ કમર્શિયલ સેગમેન્ટને ઓફર કરવામાં આવી છે.

ઉપલબ્ધ જગ્યાઓમાં ૪૦,૦૦૦ ચોરસ ફૂટ થી લઈને લગભગ ૧૦૦ ચોરસ ફૂટના નાના ગાળાનો સમાવેશ થાય છે. કમર્શિયલ જગ્યાઓ મેટ્રો સ્ટેશનોના ઊંચા ફૂટફોલ પર સ્થિત છે જે વિવિધ ક્ષેત્રોમાં અગ્રણી બિડર્સને આકર્ષે છે.

જગ્યાની આકર્ષકતા, વિશાળ જગ્યાઓની વિશિષ્ટતા અને મેટ્રો લાઇન સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જાય પછી ઉચ્ચ અપેક્ષિત રાઇડર્સશિપને ધ્યાનમાં રાખીને સારો પ્રતિસાદ મળ્યો છે. નોન-ફેર બોક્સ રેવન્યુ ટ્રાન્ઝેક્શન્સ ઓક્ટસ એડવાઇઝર્સ દ્વારા સુવિધા આપવામાં આવે છે.

એમએમઆરસીએલનાં મેનેજિંગ ડિરેક્ટર, અશ્વિની ભીડેએ જણાવ્યું હતું કે,ભાડાં સિવાયના સ્રોતોમાંથી મહત્તમ આવક મેળવીને, અમે ટિકિટ ભાડાને અંકુશમાં રાખી શકીએ છીએ, જેથી મેટ્રો લોકો માટે સસ્તી અને સુલભ રહે. મુંબઈમાં જાહેર પરિવહનને સુવ્યવસ્થિત બનાવવા અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે આ મહત્વપૂર્ણ છે. જેમ જેમ વધુને વધુ મુસાફરો મેટ્રોમાં મુસાફરી કરવાનું પસંદ કરશે, તેમ અમને શહેરની ભીડ ઓછી કરવામાં અને મુંબઈના જીવનધોરણ રેન્કિંગમાં સુધારો કરવામાં મદદ મળશે.

## મીરા રોડમાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

થાણે: મીરા રોડમાં નવો મોબાઈલ ફોન અપાવવાને બહાને મિત્રના ઘરે લઈ જઈ ૧૪ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ કરવાના કેસમાં વિશેષ પોક્સો કોર્ટે ૩૧ વર્ષના આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી. પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળના કેસોની સુનાવણી કરતી વિશેષ અદાલતના જજ રુબી યુ. માલવણકરે આરોપીને કસૂરવાર ઠેરવી પચીસ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. તપાસકર્તા પક્ષ અનુસાર આરોપી મીરા રોડના કાશીમીરા વિસ્તારમાં સગીરાની પડોશમાં રહેતો હતો. પરિણીત આરોપીને ચાર સંતાન છે.

વિશેષ સરકારી વકીલ વર્ષા ચંદનેએ કોર્ટમાં જણાવ્યું હતું કે ડિસેમ્બર, ૨૦૧૪માં આરોપી નવો મોબાઈલ ફોન લઈ આપવાને બહાને સગીરાને તેના મિત્રના ઘરે લઈ ગયો હતો, જ્યાં સગીરા પર આરોપીએ બળાત્કાર ગુજાર્યો હતો. ખટલા દરમિયાન પીડિતા સહિત ૧૦ સાક્ષી તપાસવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

## પોલીસ સ્ટેશનમાં દંપતીનું ધીંગાણું: પતિની ધરપકડ, પત્નીને ચેતવણી

થાણે: પરિવારના સભ્યો સાથે ઝઘડો કર્યા બાદ મહિલાએ તેના પતિ સાથે પોલીસ સ્ટેશનમાં જઇ ધીંગાણું મચાવવા સાથે પોલીસ કર્મચારીઓને ગાળો ભાંડી હતી. ડોંબિવલી પોલીસે આ પ્રકરણે મહિલાને ચેતવણી આપી હતી, જ્યારે તેના પતિની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર અંધેરીમાં રહેતા લલિત જૈન અને તેની પત્ની ચંદાનો તેના પિતા સાથે કોઇ બાબતે વિવાદ હતો. ચંદાના પિતા અગાઉ તેની સાથે રહેતા હતા, પણ બાદમાં તેઓ ડોંબિવલી ખાતે રહેતી બીજી પુત્રીને ત્યાં રહેવા જતા રહ્યા હતા.

૧૪ જાન્યુઆરીએ લલિત અને ચંદા ડોંબિવલી પોલીસ સ્ટેશનમાં ગયાં હતાં, જ્યાં ચંદાના પિતા, બહેન અને ૧૬ વર્ષની ભત્રીજી પણ હાજર હતાં. લલિત જૈન અને ચંદા બાદમાં પોલીસ સ્ટેશનમાં તેમના પરિવારજનો સાથે ઝઘડો કરવા લાગ્યા હતાં. પોલીસ જ્યારે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે દંપતીએ તેમને ગાળો ભાંડી હતી. તેમણે સગીર ભત્રીજીના વાળ પણ ખેંચ્યા હતા. પોલીસે બાદમાં લલિતની ધરપકડ કરી હતી, જ્યારે તેની પત્ની ચંદાને ચેતવણી આપી હતી. (પીટીઆઇ)

## દર વર્ષે ૫,૦૦૦ માલિકીની બસો ખરીદશે એસટી નિગમ

### પ્રધાને સરકાર પાસેથી કોર્પોરેશનને મળનારા ભંડોળને આગોતરા ફાળવવા માટે દરખાસ્ત તૈયાર કરવાની પણ સૂચના આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એસટી નિગમ દર વર્ષે ૫,૦૦૦ સ્વ-માલિકીની સાદી ‘લાલપરી’ બસો ખરીદશે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે શુક્રવારે આ નિર્ણયની જાહેરાત કરી હતી. આને માટે કોર્પોરેશનમાં પાંચ વર્ષનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવશે. તેમણે કોર્પોરેશનમાં હવે કોઈપણ રીતે બસો ભાડે નહીં લેવાના મહત્ત્વપૂર્ણ નિર્ણય પણ લીધો હતો.

પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકની અધ્યક્ષતામાં પરિવહન કમિશનર ઓફિસમાં એસટી નિગમની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એસટી નિગમના વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. માધવ કુસેકર સહિત તમામ વિભાગોના વડાઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે નવી બસો ખરીદતી વખતે, આગામી પાંચ વર્ષમાં સ્ક્રેપ (મુસાફર સેવામાંથી દૂર) કરવામાં આવનારી બસોનો વિચાર કરવો જોઈએ. આ સંદર્ભે એક વ્યાપક અભ્યાસ હાથ ધરવો જોઈએ અને પાંચ વર્ષીય યોજના બહાર પાડવી જોઈએ. એસટી નિગમ દ્વારા ઇલેક્ટ્રિક બસો ખરીદવામાં આવી રહી છે. આ માટે, દરેક ડેપોમાં પ્રાથમિકતા તરીકે ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવા જોઈએ. કોર્પોરેશને આવક વધારવા માટે પૂરક યોજનાઓ લાવવી જોઈએ. દર મહિનાની ૭મી તારીખ સુધીમાં કર્મચારીઓના પગાર ચૂકવવાની કાળજી લેવી જોઈએ. કોઈપણ સંજોગોમાં પગારમાં વિલંબ થવો જોઈએ નહીં.

ઉપરાંત, એસટી નિગમે નવી જાહેરાત નીતિ લાવવી જોઈએ. નવી બસોમાં ત્રણેય બાજુઓ પર ડિજિટલ જાહેરાત હોવી જોઈએ, બંને બાજુઓ પર અને પાછળ. જાહેરાત નીતિના અન્ય પાસાઓની તપાસ કરવી જોઈએ અને આમાંથી થતી આવકને ૧૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચાડવાનું લક્ષ્ય નક્કી કરવું જોઈએ. પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે નેશનલ હાઈવે ઓથોરિટીના રસ્તાઓ પર કોર્પોરેશનની બસોને ટોલ મુક્તિ મળે તે માટે કેન્દ્ર સરકારનો સંપર્ક કરવો જોઈએ અને ડીઝલ પર વેટમાંથી રાહત આપવા માટે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલવી જોઈએ.

## પ્રોપર્ટી ટેક્સ ડિફોલ્ટરો પાસેથી ૩,૦૯૫ પ્રોપર્ટી જપ્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા પાસેથી મળેલા તાજા ડેટા મુજબ પ્રોપર્ટી ટેક્સ ધારકો પાસેથી છેલ્લા બે દાયકામાં કરવામાં આવેલી કરચોરીની રકમ લગભગ ૬,૨૨૮ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. નોંધનીય છે કે ડેવલપરો અને કૉર્પોરેટ કંપનીઓ સહિત ૫૦૦ મોટા ડિફોલ્ટરો જ તેમાં લગભગ ૩,૯૮૧ કરોડ રૂપિયાનો હિસ્સો રહ્યો છે. આ મોટા ડિફોલ્ટરો પર કાર્યવાહી કરવા માટે પાલિકાએ ૩,૦૯૫ મિલકતો જપ્ત કરવાનો દાવો કર્યો છે, જેમાંથી પચીસ મિલકત લિલામીની પ્રક્રિયામાં પ્રવેશી ચૂકી છે. મુંબઈમાંથી ઑક્ટ્રોય નાબૂદ થયા બાદ પ્રોપર્ટી ટેક્સ એક મહત્ત્વનો આવકનો સ્રોત રહ્યો છે, જોકે તાજેતરના વર્ષોમાં વિવાદાસ્પદ અને આઉટસ્ટેન્ડિંગ પ્રોપર્ટી ટેક્સમાં વધારો થયો છે. મુંબઈમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને જુદા જુદા વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે પ્રોપર્ટી ટેક્સના માધ્યમથી થતી આવકનો ઉપયોગ પાલિકા દ્વારા કરવામાં આવે છે. જોકે મોટા ડિફોલ્ટરોને કારણે પ્રોપર્ટી ટેક્સ થકી થતી આવકમાં ઘટાડો થઈ રહ્યો છે. તેથી પાલિકાએ મોટા ડિફોલ્ટરો સામે નિર્ણાયક પગલાના ભાગરૂપે તેમની પાસેથી રકમ વસૂલ કરવા માટે કાર્યવાહી ચાલુ કરી છે.

પાલિકાએ ભારે પ્રયાસો કર્યા છતાં ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની રકમ હવે ચાલુ નાણાકીય વર્ષના પ્રોપર્ટી ટેક્સના લક્ષ્યાંકના સમકક્ષ પહોંચી ગઈ હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતીય ખેલના રત્નોઃ દેશનું નામ રોશન કરનાર મેડલ વિજેતાઓનું પુરસ્કાર સાથે કરાયું સન્માન














દિલ્હીમાં ગઈ કાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ખેલરત્ન પુરસ્કાર, અર્જુન પુરસ્કાર તેમ જ દ્રોણાચાર્ય પુરસ્કાર સહિત તમામ અવૉર્ડ વિજેતાઓ સાથે ફોટો પડાવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ૧૮ વર્ષના ચેસના વિશ્વ વિજેતા ડી. ગુકેશને, ઑલિમ્પિક મેડલિસ્ટ હૉકી કૅપ્ટન હરમનપ્રીત સિંહને, દિવ્યાંગો માટેની ઍથ્લેટિક્સના ઍથ્લીટ પ્રવીણ કુમારને તેમ જ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતીને નવો ઈતિહાસ રચનાર શૂટર મનુ ભાકરને મેજર ધ્યાનચંદ ખેલરત્ન પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. રાષ્ટ્રીય પુરસ્કારના શુક્રવારના સમારોહમાં નિશાનબાજ મનુ ભાકરને ફિલ્મ અભિનેતા કાર્તિક આર્યને (ડાબે) ખેલરત્ન બનવા બદલ અભિનંદન આપ્યા હતા અને તેની સાથે ઘણી વાતચીત કરી હતી. (પીટીઆઇ)

# પાકિસ્તાન ક્રિકેટમાં ચાલતી હતી સૈફ અલી ખાનના કાકાની ‘બૉસગીરી’

## પટૌડીના વારસદાર હોવાનો દાવો કર્યો, પણ મિલકતમાંથી એક પૈસો નહોતો મળ્યો





મુંબઈઃ બાન્દ્રામાં બુધવારે મોડી રાત્રે પોતાના ઘરમાં જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઈજા પામેલા બૉલીવૂડ અભિનેતા સૈફ અલી ખાનનો ભારતીય ક્રિકેટ સાથે ખૂબ નજીકનો સંબંધ છે એ તો આપણે સૌ કોઈ જાણીએ જ છીએ, પરંતુ બહુ ઓછાને ખબર હશે કે પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડ (પીસીબી)ના ભૂતપૂર્વ ચૅરમૅન શહરયાર ખાનનો સૈફના પરિવાર સાથે નજીકનો સંબંધ છે. શહરયાર ખાન ઍક્ટર સૈફ અલી ખાનના કાકા છે.

સૈફના પિતા મન્સૂર અલી ખાન પટૌડી ભારતીય ક્રિકેટ ટીમના મહાન બૅટર અને કૅપ્ટન હતા. તેમણે માત્ર ૨૧ વર્ષની ઉંમરમાં ભારતીય ટીમનું સુકાન સંભાળ્યું હતું. સૈફના દાદા ઇંગ્લૅન્ડ વતી ક્રિકેટ રમ્યા હતા.

સૈફ અલી ખાનના પૂર્વજોનું ઘર મધ્ય પ્રદેશના ભોપાલમાં છે. અંગ્રેજોના રાજમાં તેના દાદા ભોપાલના નવાબ હતા. ૧૯૬૦માં ભોપાલના નવાબનું અવસાન થયું ત્યારે પાકિસ્તાનમાં સ્થાયી થઈ ચૂકેલા શહરયાર ખાન અને એમના ભાઈઓએ સંપત્તિમાં હિસ્સો માગ્યો હતો. જોકે લાંબી કાનૂની લડાઈ બાદ ભારતમાં જ સ્થાયી થયેલા સૈફ અલી ખાનના પરિવારનો અદાલતમાં વિજય થયો હતો. સૈફ અલી ખાનના પરિવારની તરફેણમાં કોર્ટનો ચુકાદો આવ્યો હતો.

બન્યું એવું કે નવાબના નિધન બાદ સંપત્તિના ભાગલા શરિયત કાનૂન મુજબ થવાના હતા. એ મુજબ સૈફ અલી ખાનના મોટા દાદા નવાબ મુહમ્મદ સરવર અલી ખાન જેઓ ભોપાલના નવાબના વારસદાર હતા. સૈફના દાદા ઈફતિખાર અલી ખાન ભાઈઓમાં નાના હતા. એવામાં શરિયત કાનૂન મુજબ મોટા પુત્રને વારસદાર માનવામાં આવે, પરંતુ ભારતમાં સૈફના મમ્મી શર્મિલા ટાગોરે એ ફેંસલાને પડકાર્યો હતો.

શર્મિલા ટાગોરના વકીલે અદાલતમાં દલીલ કરી હતી કે શહરયાર ખાનના મમ્મી એટલે કે મન્સૂર અલી ખાનના કાકી આબિદા સુલતાન જેઓ ભાગલા બાદ પાકિસ્તાન ચાલ્યા ગયા હતા અને નવાબનું અવસાન ૧૯૬૦ની સાલમાં થયું એટલે બે દેશના ભાગલા પછી તેઓ ભારતમાં કોઈ સંપત્તિનો દાવો કરે તો એ માટે તેમનો કોઈ હક બનતો જ નથી.

૨૦૧૯માં આદેશ બહાર પાડવામાં આવ્યો કે સૈફના દાદી એટલે કે મન્સૂર અલી ખાનના માતા સાજિદા સુલતાન સંપત્તિના વારસદાર કહેવાય અને શહરયારને ભારતમાં કોઈ જ સંપત્તિ નહીં મળે. સાજિદા સુલતાન મોહમ્મદ ઈફતિખાર અલી ખાનના બેગમ હતા.

# રિન્કુ સિંહ અને સાંસદ પ્રિયા સરોજની સગાઈ થઈ હોવાની અફવા





નવી દિલ્હીઃ ભારતના ક્રિકેટ-સ્ટાર રિન્કુ સિંહે સમાજવાદી પાર્ટી (સપા)ની સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરી હોવાના સમાચારને પ્રિયાના પિતા અને સપાના વિધાનસભ્ય તૂફાની સરોજે ખોટા બતાવ્યા છે અને એને લગતા અહેવાલોને અફવા ગણાવીને ફગાવી દીધા છે.

તેમણે એક જાણીતી ન્યૂઝ ચૅનલને કહ્યું કે રિન્કુ સિંહના ઘરવાળાઓએ અલીગઢમાં સીજેએમના હોદ્દા પર નીમાયેલા અમારા જમાઈને વાત કરી કે રિન્કુ અને પ્રિયાને એકમેકના જીવનસાથી બનાવી શકાય કે નહીં. અમે એ બન્નેના સંભવિત સંબંધો વિશે ગંભીરતાથી વિચાર કરી રહ્યા છીએ. લગ્નનો મામલો છે એટલે ખૂબ સમજી વિચારીને આગળ વધવું પડે. હા, એ બન્નેની સગાઈ થઈ હોવાના સમાચાર માત્ર અફવા જ છે.’

અગાઉ એવો અહેવાલ વાઇરલ થયો હતો કે ઇંગ્લૅન્ડ સામે બાવીસમી જાન્યુઆરીએ ઘરઆંગણે શરૂ થનારી ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝ પહેલાં રિન્કુ-પ્રિયાએ સગાઈ કરી લીધી છે અને થોડા જ સમયમાં તેઓ લગ્નગ્રંથિથી જોડાઈ જશે.

રિન્કુ સિંહના કોચ મસૂદ ઝફર અમીનીએ એક જાણીતી ન્યૂઝ ચૅનલને આપેલી મુલાકાતમાં આ માહિતી આપી હોવાનો અહેવાલ બપોરથી ચગ્યો હતો.

અહેવાલ મુજબ મસૂદ ઝફરે કહ્યું કે પ્રિયા સરોજના પિતા (જેમનું નામ તૂફાની સરોજ છે) ૧૬મી જાન્યુઆરીએ સરોજ અને બીજા સંબંધીઓ સાથે અલીગઢ આવ્યા હતા અને અલીગઢ ઓઝોન સિટીમાં કાર્યક્રમ થયો હતો જેમાં પારિવારિક સભ્યોની હાજરીમાં સગાઈની વિધિ યોજાઈ હતી.

૨૬ વર્ષની પ્રિયા સરોજે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં મછલીશહર બેઠક પરથી સમાજવાદી પાર્ટીની ટિકિટ પર જીત હાંસલ કરી હતી. તેણે બીપી સરોજ નામના હરીફને ૩૫,૮૫૦ મતથી હરાવ્યા હતા.

રિન્કુ સિંહ ૨૭ વર્ષનો છે. તેનો જન્મ ૧૯૯૭માં ઉત્તર પ્રદેશના અલીગઢ શહેરમાં થયો હતો. પ્રિયા સરોજનો જન્મ ૧૯૯૮માં વારાણસીમાં થયો હતો. પ્રિયાએ સ્કૂલનો અભ્યાસ દિલ્હીની ઍર ફોર્સ ગોલ્ડન જ્યુબિલી ઇન્સ્ટિટ્યૂટમાં પૂરો કર્યો હતો. ત્યાર બાદ તેણે દિલ્હી વિશ્વ વિદ્યાલયમાં આર્ટ્સમાં ગ્રેજ્યુએશન કર્યું હતું. ત્યાર પછી પ્રિયાએ નોઇડાની એમિટી વિશ્વ વિદ્યાલયમાંથી એલએલબીની ડિગ્રી મેળવી હતી.

પ્રિયાના પિતા તૂફાની સરોજ પણ ત્રણ વાર લોકસભાના સાંસદ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ કેરાકત બેઠક મતવિસ્તારમાં સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય છે.

લેફ્ટ-હૅન્ડ બૅટર રિન્કુ ભારત વતી બે વન-ડે અને ૩૨ ટી-૨૦ મૅચ રમી ચૂક્યો છે. તેના નામે કુલ ૫૫૦થી વધુ આંતરરાષ્ટ્રીય રન છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેણે ૫૦ મૅચમાં ૩,૩૩૬ રન બનાવ્યા છે જેમાં સાત સેન્ચુરી અને બાવીસ હાફ સેન્ચુરી સામેલ છે. ■

# આજથી મહિલાઓનો ટી-૨૦ અન્ડર-૧૯ વર્લ્ડ કપ

કવાલાલમ્પુરઃ મલેશિયામાં શનિવાર, ૧૮મી જાન્યુઆરીએ મહિલાઓનો ટી-૨૦ અન્ડર-૧૯ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે જેમાં ભારત સતત બીજા વિજેતાપદ માટે ફેવરિટ છે.

આ ટૂર્નામેન્ટમાં ૧૬ દેશની ટીમ ભાગ લઈ રહી છે. સ્પર્ધાની સૌપ્રથમ મૅચ (સવારે ૮.૦૦ વાગ્યાથી) ઑસ્ટ્રેલિયા અને સ્કૉટલૅન્ડ વચ્ચે રમાશે.

ભારતની પ્રથમ મૅચ (બપોરે ૧૨.૦૦ વાગ્યાથી) રવિવારે વેસ્ટ ઇન્ડિઝ સામે રમાશે.

૨૦૨૩ના પ્રથમ ટી-૨૦ જુનિયર વર્લ્ડ કપમાં શેફાલી વર્માના સુકાનમાં ભારત ચૅમ્પિયન બન્યું હતું.

નિક્કી પ્રસાદ ભારતીય ટીમની કૅપ્ટન છે, જ્યારે સનિકા ચળકે વાઇસ-કૅપ્ટન છે.

ભારતની અન્ય ખેલાડીઓમાં ગૉન્ગાડી ત્રિશા, શબનમ શકીલ, સોનમ યાદવ, ભાવિકા આહિરે, આયુશી શુક્લા, ઇશ્વરી અવસારે, વી. જે. જોશિતા, જી. કમલિની, દ્રિતી કેસરી, મિથિલા વિનોદ, આનંદિતા કિશોર, પારુણિકા સિસોદિયા, વૈષ્ણવી શર્માનો સમાવેશ છે. ■

# ક્રિકેટરો હવે શિસ્તબદ્ધ થશે! બીસીસીઆઇએ ખેલાડીઓ માટે ૧૦ કડક નિયમો જાહેર કર્યા

મુંબઈ ન્યૂ ઝીલેન્ડ અને ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝમમાં ભારતીય ક્રિકેટ ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ હવે બોર્ડ ઓફ ક્રિકેટ કંટ્રોલ ઇન ઇન્ડિયાએ પુરુષ ટીમમાં ખેલાડીઓ સામે કડકાઈ બતાવી છે. ઓસ્ટ્રેલીયા પ્રવાસ ખેલાડીઓના અનુશાસનહીનતા અંગેના અહેવાલો પ્રકાશમાં આવ્યા હતાં, ઉપરાંત ડ્રેસિંગરૂમમાં પણ વાતાવરણ તંગ હોવાની અટકળો વહેતી થઇ હતી. મુંબઈમાં સમીક્ષા બેઠકમાં ચર્ચા વિચારણા કર્યા બાદ બીસીસીઆઇએ હવે પુરુષ ક્રિકેટરોની નૅશનલ ટીમ માટે ૧૦ નવા નિયમો લાગુ કર્યા છે.

(૧) વિદેશ પ્રવાસ દરમિયાન પત્ની કે પરિવાર સાથે રહેવા પર મર્યાદાઃ

ટીમના વિદેશ પ્રવાસ દરમિયાન, ખેલાડીઓના પરિવારો અથવા પત્નીઓને ફક્ત બે અઠવાડિયા માટે ટીમ સાથે રહેવાની મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત, ખેલાડી વ્યક્તિગત સ્ટાફને સાથે નહીં લઈ શકે. આ નિયમો કોચ અને સપોર્ટ સ્ટાફ સહિત તમામ ખેલાડીઓને લાગુ પડશે. પ્રવાસ દરમિયાન કોઈપણ ખેલાડીને તેના પરિવાર સાથે અલગથી મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જો કોઈ ખેલાડી આમાંથી છૂટછાટ જોઈતી હોય તો, તો તેણે સિલેક્ટર કમિટીના અધ્યક્ષ અને મુખ્ય કોચની મંજૂરી લેવી પડશે.

(૨) ડોમેસ્ટિક મેચોમાં રમવું ફરજિયાત છેઃ

બીસીસીઆઇની નવી માર્ગદર્શિકા મુજબ, ખેલાડીઓને રાષ્ટ્રીય ટીમમાં સામેલ થવા અને સેન્ટ્રલ કોન્ટ્રૅક્ટમાં રહેવા માટે ડોમેસ્ટિક મેચોમાં ભાગ લેવો ફરજિયાત રહેશે. જેનાથી બધા ખેલાડીઓ ફિટનેસ જાળવી શકે. આ ઉપરાંત, નવા ખેલાડીઓને પણ તેમની પાસેથી શીખવાની તક મળશે. આ નિયમમાંથી છૂટ ફક્ત કેટલાક ખાસ કારણોસર જ આપવામાં આવશે, જેના માટે હેડ કોચ અને સિલેક્ટર કમિટીના અધ્યક્ષ પાસેથી મંજૂરી લેવી પડશે.

(૩) પ્રેક્ટિસ સેશનમાં ફરજિયાત હાજરીઃ

બધા ખેલાડીઓએ નિર્ધારિત પ્રેક્ટિસ સેશન દરમિયાન સમગ્ર સમયગાળા માટે ત્યાં જ રહેવું પડશે. આ નિયમ હેઠળ, હવે કોઈપણ ખેલાડી પ્રેક્ટિસ પૂર્ણ કર્યા પહેલા મેદાન છોડી નહીં શકે.

(૪) વધારાનો સામાન લઈ જવા પર રોકઃ

સિરીઝ માટેની વિદેશી ટૂર પર વધુમાં વધુ ૧૫૦ કિલો સામાન લઈ જઈ શકાશે. એનાથી વધારાનો સામાન લઈ જવાની મંજૂરી આપવામાં આવશે નહીં, જેના માટે તેમણે બીસીસીઆઇ દ્વારા નિર્ધારિત મર્યાદાનું પાલન કરવું પડશે. જો કોઈ ખેલાડી વધારાનો સામાન લઈ જાય છે, તો ખેલાડીએ પોતે ખર્ચ ઉઠાવવો પડશે.

(૫) વ્યક્તિગત સ્ટાફ સાથે રાખવા પર પ્રતિબંધઃ

ટીમ ઈન્ડિયાના કેટલાક ખેલાડીઓ વિશે એવા અહેવાલો હતા કે તેઓ તેમના અંગત સ્ટાફને તેમની સાથે લઈ જાય છે, હવે બીસીસીઆઇએ આના પર પણ સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો છે. વ્યક્તિગત મેનેજર, રસોઇયા, સહાયક અને ખાનગી સુરક્ષા કર્મચારીઓને સાથે લઈ જવા પર પ્રતિબંધ મૂક્યો છે. જેમાં કોઈ છૂટ આપવામાં આવશે નહીં

(૬) અલગ બૅગ મોકલવી ફરજિયાતઃ

ખેલાડીઓએ હવે બેંગલૂરુના સેન્ટર ઓફ એક્સેલેન્સમાં કોઈપણ સાધનો અને વ્યક્તિગત વસ્તુઓ મોકલતા પહેલા એક અલગ બેગ મોકલવી પડશે અથવા ટીમ મેનેજમેન્ટને જાણ કરવી પડશે. અલગ અલગ વ્યવસ્થાઓને કારણે થનારા કોઈપણ વધારાના ખર્ચની જવાબદારી ખેલાડીની રહેશે.

(૭) ખેલાડીઓ સિરીઝ દરમિયાન ઍડ શૂટ કરી શકશે નહીંઃ

ભારતીય ટીમનો કોઈપણ ખેલાડી કોઈપણ સિરીઝ દરમિયાન જાહેરાત શૂટ કરી શકશે નહીં. આ નિયમ પાછળનું કારણ એ છે કે ખેલાડીઓનું ધ્યાન ફક્ત રમત પર જ રહે છે.

(૮) પરિવાર સાથે મુસાફરીઃ

ખેલાડીઓ માટે પરિવારો સાથે ટ્રાવેલ પ્લાન પોલિસી લાગુ કરવામાં આવી છે, જેથી ખેલાડીના અંગત જીવન અને ટીમ માટેની જવાબદારી વચ્ચે સંતુલન રહે.

(૯) બીસીસીઆઇના કાર્યક્રમોમાં હાજરીઃ

હવે બધા ખેલાડીઓ માટે બીસીસીઆઇના સત્તાવાર શૂટિંગ અને ઇવેન્ટ્સમાં ભાગ લેવો ફરજિયાત રહેશે.

(૧૦) સિરીઝ પૂરી થયા પછી જ ખેલાડીઓને ઘરે પાછા ફરવાની મંજૂરીઃ

નવા નિયમો હેઠળ, કોઈપણ ખેલાડીને કોઈપણ મેચ કે સિરીઝ સમાપ્ત થયા પછી તરત જ ઘરે પાછા ફરવાની મંજૂરી આપવામાં આવશે નહીં; તેમણે પ્રવાસ સત્તાવાર પૂરો થયા પછી પાછા ફરવું પડશે, ભલે મેચ નિર્ધારિત સમય પહેલાં પૂરો થઇ ગયો હોય. ■

# ‘સોનાનો’ સુવર્ણચંદ્રક હરાજી માટે મૂકવામાં આવ્યો!

## ૧૯૦૪ની ઑલિમ્પિક્સમાં જીતવામાં આવેલો ગોલ્ડ મેડલ ઑક્શન હાઉસમાં

બૉસ્ટનઃ હેડિંગ વાંચીને ઘણાને થતું હશે કે સુવર્ણ ચંદ્રક તો સોનાનો જ હોયને! બીજો શેનો હોય?

જોકે આપણે અહીં જેની ચર્ચા કરવા જઈ રહ્યા છીએ એ ગોલ્ડ મેડલ દુર્લભ છે અને ૧૯૦૪ની સેન્ટ લુઇસ ઑલિમ્પિક્સમાં ઍથ્લેટિક્સમાં જીતવામાં આવ્યો હતો.

અમેરિકાની ધરતી પર ૧૯૦૪ની સાલમાં પહેલી વાર ઑલિમ્પિક ગેમ્સ યોજાઈ હતી અને એમાં અમેરિકાના જ ફ્રેડ સ્કુલ નામના રનરે ૧૧૦ મીટર વિઘ્ન દોડમાં આ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. હાલમાં ગોલ્ડ મેડલ ચાંદીના બનાવવામાં આવે છે અને એના પર સોનાનો વરખ લગાડવામાં આવે છે. જોકે અહીં ૧૯૦૪ના જે ગોલ્ડ મેડલની વાત થઈ રહી છે એ ચંદ્રક સંપૂર્ણપણે સોનાથી બનાવવામાં આવ્યો હતો.

આ ગોલ્ડ મેડલ પર ‘ઑલિમ્પિયાડ, ૧૯૦૪’ લખવામાં આવ્યું છે. એ મેડલ સાથે ઑરિજિનલ રિબન જોડાયેલી છે અને એનું કવર ચામડાંનું છે.

નવાઈની વાત એ છે કે આ પહેલી ઑલિમ્પિક્સ હતી જેમાં ગોલ્ડ મેડલ આપવામાં આવ્યા હતા જેનો ફાયદો અમેરિકનોએ લીધો હતો. તેઓ ૯૬માંથી ૭૮ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.

બૉસ્ટન ખાતેના આર. આર. ઑક્શન નામની કંપનીના ઑલિમ્પિક સ્પેશિયાલિસ્ટ બૉબી ઇટને કહ્યું હતું કે ‘આવા પ્રકારનો મેડલ હરાજી માટે આવે એ નવાઈ કહેવાય. આ સુવર્ણ ચંદ્રક એના વિજેતા ફ્રેડ સ્કુલના પરિવારે જ મોકલ્યો છે.’

ઑક્શનમાં ઑલિમ્પિક ગેમ્સને લગતી અસંખ્ય ચીજો હરાજી માટે આવી છે. એમાં ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સના એક બ્રૉન્ઝ મેડલનો તેમ જ ૧૯૩૨ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સના સુવર્ણ ચંદ્રકોનો પણ સમાવેશ છે.

અન્ય કેટલીક ઑલિમ્પિક્સમાં જીતવામાં આવેલા ચંદ્રકો પણ હરાજી માટે આવ્યા હોવાનું બૉબી ઇટને જણાવ્યું હતું. ■

## દેશ-વિદેશ

# ઈડીએ 300 કરોડ મિલકતને ટાંચ મારી

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમયુડીએ) સાથે સંકળાયેલા મની લૉન્ડરિંગ કેસમાં ૩૦૦ કરોડની સ્થાવર મિલકતને ટાંચ મારી હતી. આ કેસમાં કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયા અને બીજાઓ સંડોવાયેલા છે.

ઓથોરિટીએ જમીન ફાળવણીમાં કરેલી ગેરરીતિ અંગેની મની લૉન્ડરિંગની તપાસ કરતા કેસને કારણે આ ટાંચ મરાઈ છે. ટાંચ મરાયેલી સંપત્તિ વિવિધ વ્યક્તિના નામે હતી જેઓ રીયલ એસ્ટેટ બિઝનેસમેન અને એજન્ટ છે.

ઈડીએ એક નિવેદનમાં કહ્યું હતું કે એવો આક્ષેપ કરાયો છે કે સિદ્ધરામૈયાએ પોતાની રાજકીય વગ વાપરીને ઓથોરિટીએ અધિગ્રહણ કરેલી ત્રણ એકર ૧૬ ગુન્ટાની જમીનના બદલામાં તેમની પત્ની બી. એમ. પાવર્તીના નામે ૧૪ જગ્યાનું વળતર લીધું હતું.

જમીન શરૂઆતમાં ૩,૨૪,૭૦૦ રૂપિયામાં પ્રાપ્ત કરવામાં આવી હતી. પાર્વતીને વળતરના બદલામાં વૈભવશાળી વિસ્તારમાં ૧૪ જગ્યા આપવામાં આવી હતી. (એજન્સી) ■

# પંજાબમાં ‘ઇમર્જન્સી’ વિરુદ્ધનો વિરોધ એ ‘પજવણી’ છેઃ કંગના

ચંદીગઢ : શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી) અને શીખ સંગઠનો દ્વારા ફિલ્મ વિરુદ્ધ કરવામાં આવેલા વિરોધ બાદ શુક્રવારે પંજાબના મોટાભાગનાં સિનેમાઘરોમાં કંગના રનૌતની ‘ઇમર્જન્સી’ પ્રદર્શિત કરવામાં આવી ન હતી અને કંગનાએ એને ‘પજવણી’ ગણાવી હતી.

પંજાબમાં ઘણી જગ્યાએ એસજીપીસી અને અનેક શીખ સંગઠનોએ ફિલ્મ વિરુદ્ધ સિનેમાઘરો અને મોલની બહાર પ્રદર્શનો કર્યા હતાં.

રાજકીય ફિલ્મનું દિગ્દર્શન, લેખન અને નિર્માણ કરનાર કંગના રનૌતે એસજીપીસી દ્વારા “ઇમર્જન્સી” પર પ્રતિબંધ મૂકવાની માંગણીનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે પંજાબના કેટલાક ભાગોમાં ફિલ્મનું પ્રતિબંધિત પ્રદર્શન “કલા અને કલાકાર”નું સંપૂર્ણ ઉત્પીડન છે. ભૂતપૂર્વ વડા પ્રધાન ઇન્દિરા ગાંધીની ભૂમિકા ભજવતી કંગનાની આ ફિલ્મ ૧૯૭૫ થી ૧૯૭૭ સુધીના ૨૧ મહિનાની કટોકટી પર કેન્દ્રિત છે. સેન્સર પ્રમાણપત્ર અને શીખ સમુદાયને ખોટી રીતે રજૂ કરવાના આરોપોને કારણે વિવાદમાં રહેલી આ ફિલ્મ શુક્રવારે દેશભરમાં ઘણા વિલંબ પછી રિલીઝ થઈ હતી. લુધિયાણા, અમૃતસર, પટિયાલા, જલંધર, હોશિયારપુર અને ભટિંડાના મોટાભાગનાં સિનેમાઘરોમાં ફિલ્મ પ્રદર્શિત થઈ ન હતી. રાજ્યના મોલ અને સિનેમાઘરોની બહાર પોલીસોને તહેનાત કરવામાં આવ્યા હતા. અમૃતસરમાં, મહિલાઓ સહિત વિરોધીઓ “ઇમર્જન્સી ફિલ્મનો બહિષ્કાર કરો” લખેલા પ્લેકાર્ડ લઈને જોવા મળ્યા હતા.


એસજીપીસીના પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે “અમે ફિલ્મની રિલીઝ રોકવા માટે કેન્દ્ર સરકાર અને પંજાબ સરકાર સાથે વાત કરી હતી પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આ ફિલ્મ પંજાબની શાંતિને ખલેલ પહોંચાડવા માટે બનાવવામાં આવી છે.” ■

# વીક એન્ડ

## સ્પોર્ટ્સ મેન

યશવંત ચાડ
feedback@bombaysamachar.com





# સુવર્ણ જયંતીના અવસરે વાનખેડે સ્ટેડિયમના ભવ્ય ભૂતકાળ પર એક આગવી નજર...

### વાનખેડેમાં જ્યારે આગ બુઝાવવા ફાયરબ્રિગેડનો બંબો લાવવામાં આવ્યો હતો! કૉમેન્ટેટર વિજય મર્ચન્ટની પ્રેક્ષકો પર થઈ જાદુઈ અસર

**મુંબઈના** વાનખેડે સ્ટેડિયમે અડદી સદી પૂરી કરી છે અને હજી દાયકાઓ સુધી સફળતા હાંસલ કરે એવી શુભેચ્છા સાથે ભારતીય ક્રિકેટના રત્ન સમા આ સ્થળ વિશેની જૂની (કેટલીક જાણીતી અને ઘણી અજાણી) વાતોની ચર્ચા આ લેખમાં આપણે કરીશું.

૧૯૭૪-’૭૫ની ક્રિકેટ સીઝનમાં તૈયાર થયેલા વાનખેડે સ્ટેડિયમના મેદાન પર જાન્યુઆરી, ૧૯૭૫માં ભારત વિરુદ્ધ વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે સિરીઝની પાંચમી અને છેલ્લી ટેસ્ટ મૅચ રમાઈ હતી. ભારતમાં અત્યાર સુધી યોજાયેલી ટેસ્ટ મૅચોમાં પ્રથમ વખત અને અંતિમ વાર છ દિવસની (હા, વાંચક મિત્રો છ દિવસની) એકમાત્ર ટેસ્ટ રમાઈ હતી. પાંચ મૅચની શ્રેણીમાં બન્ને ટીમ બે-બે ટેસ્ટ જીત્યા બાદ વાનખેડે સ્ટેડિયમના પ્રારંભમાં ક્રિકેટ રસિકોમાં અનેરી ઇન્તેજારી વચ્ચે પ્રથમ વાર ‘હોમ ગ્રાઉન્ડ’ એટલે કે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)ની ‘માલિકી’ના વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી અને એ પણ કેટકેટલીયે મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ (સ્ટેડિયમનું બાંધકામ નબળું છે, સ્ટેડિયમ તૂટી-ભાંગી પડશે જેથી કોઈ દુર્ઘટના થશે એવી અફવા વચ્ચે) ભારતીયો અને કૅરિબયનો વચ્ચે ટેસ્ટ સિરીઝની આખરી મૅચનો આરંભ થયો અને...

સ્ટેડિયમનું બાંધકામ તો મજબૂત પુરવાર થયું, પણ ક્રિકેટ અને કટોકટી જાણે એકબીજાની સાથી ન હોય એવો એક અકલ્પનીય બનાવ બન્યો. એની પહેલાં વાનખેડેની કલ્પના કેવી રીતે ઉદ્ભવી એ જાણીએ.

એક સમય હતો જ્યારે ભારતીય ક્રિકેટ બોર્ડ સમક્ષ પ્રવાસી ટીમો ત્રણ ટેસ્ટ મૅચ રમવાની જ શરત મૂકતી હતી જેના કારણો જાણવા જરૂરી નથી. તેમના બહાનાં હતા જરૂરી સગવડોનો અભાવ. જોકે હવે સગવડો અફલાતૂન તો છે જ, પરંતુ કોઈ પણ બાબતમાં વાંકુ કાઢવાની આદત પડી ગઈ હોય તો એ ક્યાંથી જાય! કારણ એ છે કે પૈસાનો ખણખણાટ તથા આપણા દેશની આગતાસ્વાગતા, આબાદી વગેરે પરદેશી ખેલાડીઓને આઇપીએલમાં રમવા દોડતા કરી દીધા છે એવું કહેવામાં કંઈ જ અતિશયોક્તિ નથી.

હવે તો ભારતભરમાં ટેસ્ટ, વન-ડે તથા ટી-૨૦ માટે આશરે અડધી સદી જેટલાં મેદાનો-સ્ટેડિયમો ઉપલબ્ધ છે જે પુરવાર કરે છે કે ભારતના પ્રેક્ષકો કેટલા બધા ક્રિકેટમય થઈ ગયા છે અને રમતગમત એટલે ક્રિકેટ અને ક્રિકેટ એટલે રમતગમતએ સમીકરણ રેડિયોના આંખ દેખ્યા અહેવાલની અંગ્રેજી-હિન્દી કૉમેન્ટરીએ જબરી ચાહત રમત તરફ ઊભી કરી હતી. જોકે હવે કહી શકાય કે ચોક્કસ રીતે ભારતમાં અન્ય રમતોએ ગજબનું ગજું કાઢ્યું છે.

અગાઉ ભારતમાં એક કે ત્રણ ટેસ્ટની શ્રેણી રમાતી ત્યારે મુંબઈના બ્રેબૉર્ન સ્ટેડિયમનું નામ પહેલાં આવતું હતું. વિશ્વભરમાં સર્વશ્રેષ્ઠ સ્ટેડિયમ તરીકે ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા (સીસીઆઇ)નું બ્રેબૉર્ન સ્ટેડિયમ અને ક્રિકેટ એવા તો એકમેક થઈ ગયા હતા કે ભારતમાં ટેસ્ટ મૅચ રમાવાની હોય તો સૌથી પહેલાં બ્રેબૉર્નનું જ નામ લેવાતું હતું. અહીં ટેસ્ટ મૅચો ઉપરાંત દેશની તમામ પ્રસિદ્ધ ટૂર્નામેન્ટો પણ રમાતી હતી.

૧૯૬૦ના દાયકામાં એમસીએ અને સીસીઆઇ વચ્ચે એમસીએને સીસીઆઇના ક્લબ હાઉસમાં કેટલી સીટો ફાળવવી એ વિશે મતભેદ થયો હતો. પાસ સંબંધમાં કડવાશ ઊભી થઈ હતી અને સીસીઆઇના પ્રમુખ વિજય મર્ચન્ટ જેમની ગણના ભારતમાં જ નહીં, પણ વિશ્વભરમાં સર્વશ્રેષ્ઠ ઓપનિંગ બૅટ્સમૅન તરીકે થતી હતી તેમની એમસીએના પ્રમુખ તથા મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર શેશરાવ વાનખેડે અને તેમના સભ્યો સાથે મીટિંગ થયા કરી હતી, પરંતુ છેવટે ‘કડવાશ’ એટલી બધી વધી ગઈ કે વાનખેડેએ જાહેર કર્યું કે હવે તો એમસીએ પોતાનું હોમ સ્ટેડિયમ બનાવીને જ રહેશે.

તેમનું એ સપનું સાકાર કરવા માટે એ સમયના મુખ્ય પ્રધાન વસંતરાવ નાઇકે ચર્ચગેટ, મરીન લાઇન્સના રેલવે ક્રોસિંગ અને હૉકી સ્ટેડિયમ આગળ જગ્યા ફાળવી દીધી હતી. યુદ્ધના ધોરણે સ્ટેડિયમ અને મેદાન બનાવવાની શરૂઆત થઈ અને ૪૦થી ૪૨ હજાર પ્રેક્ષકો સમાઈ શકે એવું સ્ટેડિયમ ઊભું કરી દેવામાં આવ્યું હતું.

એ જમાનામાં (૧૯૫૦થી ૧૯૯૦ના દાયકા સુધી) રેડિયો કૉમેન્ટરીનો આંખે દેખ્યા અહેવાલનો અવાજ ભારતભરમાં ગૂંજતો હતો. કોઈ પણ અગત્યની મૅચ પહેલાં આકાશવાણીમાં ઑલ ઇન્ડિયા રેડિયોના સત્તાધીશો તેમ જ કૉમેન્ટેટર્સ તથા સ્કોરરની બેઠક મળતી હતી. ત્યારે વાનખેડેની ટેસ્ટ પહેલાં આગલા દિવસે મુંબઈ આકાશવાણીના મુખ્ય વહીવટકાર એચ. એસ. દલાલ (જેઓ પારસી હતા) અનુભવી વહીવટકાર હતા. એ મીટિંગમાં વિજય મર્ચન્ટ, મશહૂર કૉમેન્ટેટર ડિકી રત્નાગર, સુરેશ સરૈયા, વગેરે સાથે ચર્ચા થઈ હતી જેમાં દલાલે જણાવ્યું કે ક્રિકેટ મૅચમાં રમત દરમ્યાન જો કોઈ તોફાન થાય કે કોઈ વિવાદ થાય તો ક્રિકેટ મૅચના વર્ણન સિવાય બીજા કોઈ પ્રસંગનો કૉમેન્ટરીમાં ઉલ્લેખ ન કરવો.

મૅચમાં ક્લાઇવ લૉઇડે જ્યારે ડબલ સેન્ચુરી (૨૪૨ રન) ફટકારી ત્યારે નાના ઉત્સાહી છોકરાઓ લૉઇડને ફૂલના હાર પહેરાવવા દોડી આવ્યા હતા. અમ્પાયરો રુબેન અને નાગેન્દ્રએ પિચ બચાવવા એ ઉત્સાહી પ્રેક્ષકોને હટાવ્યા ત્યારે અચાનક મુંબઈ પોલીસના હવાલદારે લાઠી વીંઝી એમાં એક-બે બાળકને પગમાં વાગી હતી અને લોહી નીકળ્યું હતું. ત્યારે સ્ટેડિયમમાં ૪૦,૦૦૦ જેટલા પ્રેક્ષકો હતા.

અચાનક જ હાલના વિજય મર્ચન્ટ સ્ટેન્ડ આગળ કોઈ ઉશ્કેરાયેલા પ્રેક્ષકોએ આગ લગાડી હતી. જોકે કૉમેન્ટરીમાં મૅચ દરમ્યાન શું શું બન્યું એ જ કહેવાયું હતું. પ્રેક્ષકને થયેલી ઈજા પોલીસના ડંડાથી થઈ છે એ વાત જાહેર નહોતી કરાઈ, નહીં તો એવી ભીતિ હતી કે આખું સ્ટેડિયમ બળીને ખાક થઈ જાત.

મુખ્ય પ્રધાન વસંતરાવ નાઇક હાંફતા હાંફતા દોડી આવ્યા અને કૉમેન્ટરી બૉક્સમાં આવીને વિજય મર્ચન્ટને કહ્યું કે ‘વિજયભાઈ, તમે જાહેર કરો કે ઈજા પામેલો છોકરો હવે સ્વસ્થ છે અને તેનો સરકારી ઈલાજ ચાલે છે અને શાંતિ જાળવી રાખવા અપીલ કરો.’

વિજય મર્ચન્ટે મોઢા પર આંગળી રાખીને આકાશવાણીના ઇન્ચાર્જ એચ. એસ. દલાલ તરફ આંગળીની મદદથી ઈશારો કર્યો કે કૉમેન્ટરીમાં ઘટના વિશે કંઈ પણ બોલવાની મનાઈ કરાઈ છે.

ખુદ દલાલ સાહેબે વિજયભાઈને બે હાથ જોડીને વિનંતી કરી કે ‘તમે કૉમેન્ટરીમાં જાહેર કરો કે ઈજાગ્રસ્ત છોકરો હવે સ્વસ્થ છે અને સરકાર તેની સારવાર કરાવી રહી છે.’

વિજયભાઈએ જાદુઈ અવાજમાં અને આગવી શૈલીમાં એ છોકરાની સ્વસ્થતા વિશેની જાણકારી આપી અને પ્રેક્ષકોને શાંતિ જાળવવાની અપીલ કરી હતી. રેડિયો કૉમેન્ટરીની (વિજયભાઈના અવાજની) વાનખેડેના હજારો પ્રેક્ષકો પર એવી જાદુઈ અસર થઈ કે ક્ષણવારમાં પિનડ્રૉપ સાયલન્સ થઈ ગયું હતું. આગના બનાવને પગલે અગ્નિશામક દળના બંબાની ઉપસ્થિતિ બાદ સ્ટેડિયમમાં શાંતિ છવાઈ હતી અને અતિ મહત્ત્વની વાત એ છે કે લોકો પિચ પર દોડી આવ્યા હતા છતાં પિચ ખરાબ નહોતી થઈ. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# કવિતા ને કારખાનાં... જુડવે જુડવે નૈનાં



આપણા દેશમાં કોઈ પણ લેખક, કવિ, વિચારક, વિદ્વાનને ગરીબ કહેવા અથવા ગરીબ સમજવાની સુવિધા છે. એવું કહેવાય છે કે મા લક્ષ્મી અને મા સરસ્વતી બંનેમાં વેર છે એટલા માટે મા સરસ્વતીના પુત્રો પર મા લક્ષ્મી કૃપા નથી કરતી. મોટાભાગના લેખકો, કવિઓ સમાજના બીજા બધા પૈસાવાળાઓની સરખામણીમાં કડકા અને લુખ્ખા હોય છે. સરસ્વતીના આ છોકરાઓ જે મા લક્ષ્મી સાથે એડજેસ્ટ નથી કરી શકતા. પૈસાની બાબતમાં એ લોકો હંમેશા દુઃખી જ રહે છે, પરંતુ એનાથી વિરુદ્ધ, આ દેશમાં હજુ સુધી એવી સુવિધા નથી કે તમે મા લક્ષ્મીના પુત્રોને મૂર્ખ કહી શકો! લેખકને ગરીબ કહેવાનો કે સમજવાનો રિવાજ છે, પણ શેઠિયાઓને મૂર્ખ કહેવાનો કે સમજવાનો રિવાજ નથી. વ્યાપાર કરવાવાળા બહુ હોંશિયાર અને પ્રેક્ટિકલ ગણાય છે એટલે કે, મા લક્ષ્મી સરસ્વતીના છોકરાઓ પર ભલે કૃપા ન કરે, પરંતુ મા સરસ્વતી મા લક્ષ્મીના છોકરાઓ પર કૃપા કરે છે. અથવા કહી શકાય એ બન્ને મા બરાબર સંતુલન રાખે છે. જરૂરિયાત જેટલા પૈસા લેખકો, કવિઓની પાસે છે તો સ્વાર્થ જેટલી બુદ્ધિ શેઠિયાઓ પાસે છે. એનો અર્થ એવો કે, મા લક્ષ્મી મા સરસ્વતી ભલે અંદર-અંદર એકબીજા સાથે ઝઘડતા હોય, પરંતુ સાથે-સાથે એકબીજાના છોકરાઓનું ધ્યાન પણ રાખે તો છે જ!

આઝાદી પછી લેખકો, કવિઓએ પુસ્તકો લખ્યાં, સંપાદન કર્યું અને લક્ષ્મીજીના છોકરાઓએ ધંધો શરૂ કર્યો, કારખાનાઓ ઊભાં કર્યા. જ્યારે લેખકો, કવિઓની લાગણી શૂન્ય હતી એટલે એમનાં પુસ્તકો મોંઘાં તો થયાં જ હશે, પણ જોઈએ એટલા વેચાયા નહીં. એમને ખ્યાતિ મળી હશે, પરંતુ પ્રકાશકે એનું પૂરે-પૂરું શોષણ પણ કર્યું જ હશે! એક સમય એવો આવ્યો કે લેખકો, કવિઓ સત્તાના ખોળામાં જઈને બેસી ગયા અને સરકારી લાઈબ્રેરીમાં પોતાનું પુસ્તક મૂકવા ઈનામો, ફેલોશીપ વગેરે લેવાનાં આઇડિયા રચવા માંડે છે. અહીંયાં સુધી કે નવું લખવા માટે પણ એમને સરકારી મદદની જરૂર પડવા લાગી. બરાબર એ જ વખતે ઓછી બુદ્ધિને લીધે મા લક્ષ્મીના પુત્રોનાં કારખાનાઓ ફેલ થવા લાગ્યાં, મિલો બંધ થવા લાગી. મતલબ કે કવિતા સંપાદન જેવી દયનીય હાલત હવે કારખાનાઓની પણ થવા લાગી એટલે હવે લેખકો, કવિઓની ગરીબીની વાત સ્વીકાર કરતી વખતે મને શેઠ લોકોને મૂર્ખ કહેવાની પણ મંજૂરી આપો! હિન્દીમાં એવા લેખકોની કમી નથી, જેમણે લખવાનું તો શરૂ કર્યું, પરંતુ લેખક ન બની શક્યા. આઝાદી પછી અહીં કવિ, લેખક બનવાનો ચસ્કો લાગ્યો અને બીજી તરફ એ શેઠિયાઓ જે પેઢીઓથી વ્યાજ પર વ્યાજ ચઢાવી અને મકાનો બનાવી એને ભાડેથી આપી એનાં ભાડાં ખાઈને આળસુ જીવન જીવતાં હતાં એમને ઉદ્યોગપતિ કહેવડાવવાનો શોખ ઊભો થયો. એટલે જેને જે મશીન, જે સુવિધા મળી એનાથી એ લોકોએ ધંધો શરૂ કર્યો અને બની ગયા ઉદ્યોગપતિ! પણ એવું ને મૂળ સ્વભાવ તો એ જ, ગાદી પર બેઠા-બેઠા લાભ કમાવવાનો. અમે તો પૈસા આપ્યા, હવે કારખાનાની ફરજ છે કે અમને કમાઈને આપે! એમનામાં મેનેજ કરવાની ના તો ક્ષમતા છે અને ના તો ઈચ્છા, અને ઉપરથી દેશમાં રિવાજ એવો કે લેખકને ગરીબ કહી શકો, પણ શેઠિયાને નહીં! શેઠિયાઓ સ્માર્ટ બનીને, સફારી સૂટ પહેરીને, લાયન્સ કે રોટરી ક્લબમાંમાં ડિનર કરી રહ્યા છે, મંત્રીઓની સામે હાથ જોડીને હોંશિયાર, અનુભવી દેખાવાની મુદ્રામાં ઊભા છે અને બીજી તરફ કારખાનાં દિવસે-દિવસે ડૂબી રહ્યાં છે. આ તો એવી વાત થઈ, ધંધો કર્યો, નફો ન મળ્યો! ધંધો શરૂ કર્યો, ચલાવતા ન આવડ્યું!

જે કંગાળ સ્થિતિ કવિતા સંપાદનોની થઈ, એવી જ બીમાર મિલોની થઈ. બીમાર પડેલી મિલો સરકારના પગે પડીને કહે છે, અમને બચાવો! એક કવિતા સંપાદનના ફલોપ થવાથી દેશનું એટલું નુકસાન નહીં થાય, જેટલું એક કારખાનું નિષ્ફળ જવાથી થાય છે! પણ શું કરીએ? મા લક્ષ્મીના પુત્રોને મૂર્ખ કહેવાની સગવડ જ નથી આ દેશમાં! ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# લોસ ડ્રાગોસમાં કેળાંની ઉજાણી...








**ગ્રાન કનેરિયામાં** પહેલી ઇચ્છા તો ડ્યુન્સ જવાની જ થઈ આવી હતી. ખાસ તો એટલા માટે કે અહીંનાં ડ્યુન્સ ફુઅર્ટેવેન્ટુરાથી અલગ હતાં, અને અમારી ડ્યુન્સ જોવાની આતુરતા આડાં કેળાં આવી ગયાં. અમે જ્યારે એપાર્ટમેન્ટમાં ચેક-ઇન કર્યું ત્યાં બહાર સ્થાનિક ખાસિયતોનું એક છાપું પડ્યું હતું. તેમાં એક એવા મ્યુઝિયમની વાત હતી જેને વહેલી તકે જોવાની આતુરતા ડ્યુન્સને પણ ટપાવી ગઈ. એ હતું લોસ ડ્રાગોસનું બનાના પ્લાન્ટેશન અને મ્યુઝિયમ. હવે બનાના પ્લાન્ટેશન તો ભારતીયો માટે નવી વાત છે જ નહીં. ખાસ તો એટલા માટે કે ભારત દુનિયાનું સૌથી મોટું કેળાંનું એક્સપોર્ટર છે. કેળનાં પાંદડાંમાં જમવાથી માંડીને તેમાં ઇડલીથી લઈને પાનકી બનાનવવા ઉપરાંત તેના લગભગ દરેક પાર્ટનો ઉપયોગ આપણા કલ્ચરમાં થાય છે. એટલે એક સમયે તો એ પ્રશ્ન પણ થયો કે આપણને કેળાં વિષે કોઈ કંઇ નવું તો શું કહી શકશે. તે છતાં કેળાંનું મ્યુઝિયમ હોવાની આટલી મોટી વાત કરે છે તો તેમાં કંઈક તો ખાસ હોવું જોઈએ એ ખાતરી કરવા પણ એક વાર તો ત્યાં જવું જ રહ્યું.

પહોંચ્યા તે દિવસે તો લોકલ શોપિંગ, અહીંના વિસ્તારમાં ચાલીને રખડપટ્ટી, સૌથી નજીકનો બીચ એક્સેસ, પૂલ ટાઇમિંગ અને સૌથી વધુ તો બાલ્કનીમાંથી દેખાતા દરિયાના ઇન્ફિનિટી વ્યુ પાસે જ બેસી રહેવામાં જ સમય નીકળી ગયો. બાલ્કની બરાબર સનસેટ પણ બતાવતી હતી. દરેક સાંજ અહીંથી સનસેટ જોવા પાછું આવી જવું એ પણ નક્કી થયેલું. એક વાર અંધારું થયું પછી આવનારા દિવસનો પ્લાન બન્યાલ્ અને બધાનો વોટ સીધો કેળાંના મ્યુઝિયમ પર જ ગયો. આ નાનકડા ટાપુ પર પાકા રસ્તા પર સૌથી દૂર પણ આ બનાના પ્લાન્ટેશન માટે જવું જ પડે તેમ હતું. હજી અહીં પહેલી પ્રોપર સવાર પડી હતી એટલે અમે એકદમ ઉત્સાહમાં બ્રેકફાસ્ટ કરીને ગાડીમાં કૂદીને નીકળી પડ્યાં. ત્યાં ગ્રાન કનેરિયા જઈને પડ્યાં રહીશું, જલસા અને આરામ કરીશું, માત્ર જલસા કરીશું જ બાકી રહ્યું હતું. પડ્યા રહેવાનો ભાગ્યે જ પ્લાન બન્યો અને આરામ પણ જ્યારે દરિયા સામે બેસતાં ત્યારે જ કરવા મળેલો.

બધાં બનાના પ્લાન્ટેશન માટે વધુ ઉત્સાહમાં એમ પણ આવી ગયેલાં કે તેનાં ડિસ્ક્રિપ્શનમાં બનાના ટેસ્ટિંગ કરાવશે એ પણ વર્ણવેલું. ટાપુમાં વચ્ચે વચ્ચે દરિયાને પેરેલલ રસ્તો નીકળતો ત્યારે અને ખડકો વચ્ચે ઘણું સૌંદર્ય હતું, પણ ફુઅર્ટેવેન્ટુરા અને ટેનેરિફેના પ્રમાણમાં ગ્રાન કનેરિયાના વ્યુમાં કુદરતે ખાસ ગોઠવેલા પહાડો અને બીચ નજરે નહોતા પડતા. જોકે અહીં પ્રવૃત્તિઓની નક્કી કોઈ કમી નથી. આરુકાસ રિજનનું આ લોસ ડ્રાગોસ બનાના પ્લાન્ટેશન તો દરિયા કિનારે જ છે, પણ ત્યાંથી નીકળીને અમે ઇનલૅન્ડ ગામડાઓ તરફ જ નીકળવાનાં હતાં. દુનિયાના આ ખૂણામાં આટલા અંતરે કૉમર્સ અને કૉમ્પિટિશનની માથાકૂટથી દૂર પણ લોકો મજેથી કઈ રીતે રહે છે તે જોવાની પણ મજા આવતી હતી. આ જ મજા ભારતનાં પણ કોઈ પણ ગામમાં લઈ શકાય, પણ આપણાં ગામડાં ખાસ હવે આ લેવલ પર દુનિયાથી કટ-ઑફ હોય તેવું નથી લાગતું.

અહીંનાં ગામડાંઓ સુધી પહોંચતાં પહેલાં અમે બનાના પ્લાન્ટેશનના દરવાજે પહોંચ્યાં. પ્લાન્ટેશનનો એન્ટ્રન્સ અત્યંત ફુરસદથી, મોટા પાર્કિંગ સાથે બનાવેલો. તે સમયે આમ પણ નોન-ટૂરિસ્ટ સીઝનમાં અમારા સિવાય માંડ ત્રણ ગ્રૂપ હતાં. અમે પહોંચ્યાં તેની પંદરેક મિનિટમાં ગાઇડેડ ટૂર ચાલુ થવાની હતી. અમારી ગાઈડ વાતો કરતી અને પ્રશ્નો પૂછતી મજાથી અમને પ્લાન્ટેશન બતાવી રહી હતી. અમે ફ્રન્ટ સ્ટોરથી બનાના લેવર્ડ કૉફી અને બનાના ડોનટ્સ સાથે લીધાં હતાં. હવે ખરાં કેળાં જોવાનો વારો હતો. જોતજોતામાં કેળાંની એક લૂમ એંશી-નેવું કિલોની હોઈ શકે અને એક મધર પ્લાન્ટમાંથી વીસ જેટલાં બીજા બનાના પ્લાન્ટ ઊગે અને લૂમના વજનના કારણે છીછરા મૂળવાળા પ્લાન્ટને ત્રણથી ચાર સપોર્ટ આપવા પડે તે બધું જોવા અને જાણવા મળી રહ્યું હતું.

ઇલાઇચી કેળાં, લેડીઝ ફિંગર કેળાં, લેટિન અમેરિકન કેળાં અને કેળાંના બીજા પ્રકારોની વચ્ચે કેળાંનો સ્માઇલી શેપ કર્વવાળો કેમ હોય છે તે પણ જાણવા મળી ગયું. કેળું ઊગે ત્યારે તો સીધું જ હોય છે, તે મોટું થાય તેમ તેમ સતત સૂર્ય તરફ વળ્યા કરે અને તેમાં કર્વ આવી જાય. કેળાં જેટલાં લાંબો સમય ઝાડ પર રહી શકે એટલાં વધુ સ્વાદથી ભરપૂર હોય છે તે પણ ફરી જાણવા મળ્યું. એવામાં પ્લાન્ટેશનમાં કેળાંનાં ફૂલ, લૂમના અલગ અલગ સ્ટેજ, તેમની ખેતીનું સ્ટ્રક્ચર, બધું જ દેખાયું. તે પછી જ્યારે મ્યુઝિયમ તરફ આવ્યા તો લાગ્યું કે બનાનાની ખેતી સંબંધિત આનાથી વધુ કશું ન હોઈ શકે. ત્યાં એક રૂમમાં ખાસ કેળાંની છાલના તારમાંથી પ્લાસ્ટિક જેવું મટિરિયલ બનાવીને ચીજો બનાવાતી, કાપડ પણ વણી શકાતું તે બધું જોવા મળ્યું. કેળાંને કલ્ચર અને ઇતિહાસ સાથે જોડીને થોડાં ખેતીનાં સાધનો અને થોડી જૂની તસવીરો પછી બનાના ટેસ્ટિંગનો સમય આવી ગયો હતો.


ત્યાં અમારી સામે જાણે નાનકડું બનાના બૂફે આવી ગયેલું. અહીં પ્લાન્ટેશન પર ઊગેલાં કેળાં તો ખાવા મળ્યાં જ, સાથે કેળાંની ચટણી અને જેલીના અલગ અલગ ફ્લેવર્સ સાથે બ્રેડ સ્ટિક્સનો નાસ્તો થયો. એટલું જ નહીં, કેળાંની વાઇન, સ્પાર્કલિંગ વાઇન, કેળાંની બ્રાન્ડી અને અર્કોર્સ, કેળાંની ચિપ્સ ત્યાં હાજર હતી જ. જોકે તેમાં ખાલી વૈવિધ્ય માટે મૂકેલો સ્થાનિક લાલ મરચાંનો મોહો સોસ પણ એટલો જ મજેદાર હતો. નાનકડા નાસ્તાના બૂફેમાં લાંબી પ્લાન્ટેશન વોક પછી જલસાથી ઉજાણી કરી, ઘણા ફોટા પાડ્યા. અહીં એક વાર ટિકિટ લઈને પ્રવેશો પછી આખો દિવસ અંદર રહીને આંટા મારીને મજા કરી શકાય. અમે કંટાળીએ તે પહેલાં કેળાંની મજેદાર વાતો અને યાદગીરી લઈને ત્યાંથી નીકળી પડ્યાં. હવે ઇનલૅન્ડ જવાનું હતું. ■

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# ટેક્સાસ ને કેલિફોર્નિયા એક સમયે અમેરિકાનો હિસ્સો નહોતા!






**અમેરિકાના** રાષ્ટ્રપતિપદે ફરી વાર આરૂઢ થઈ રહેલા ટ્રમ્પ કેનેડાને 'યુએસએનું ૫૧મું રાજ્ય' ગણાવીને મજાક કરવાનો એક્કેય મોકો નથી ચૂકતા. શું કેનેડા એટલી આસાનીથી અમેરિકા સાથે મર્જ થઇ શકે-ભળી શકે ખરું ? ઘણી ટેકનિકલ બાબત વિચારવી પડે, પણ ધારી લો કે જો કેનેડાની સંસદ આવા મર્જની તરફેણમાં મતદાન કરે તો આવું થઇ શકે ખરું. જાણીને નવાઈ લાગશે કે ભૂતકાળમાં આખેઆખો દેશ અમેરિકામાં જોડાઈ ગયાના દાખલા છે!

આવાં જોડાણે અમેરિકાની ભૂગોળ જ નહિ, પણ આખું ભવિષ્ય બદલી નાખ્યું હતું ! આજે અમેરિકા જે કંઈ છે, એમાં આ જોડાણનું મહત્વ મોટું છે. વાતની શરૂઆત કરીએ ટેક્સાસથી...

આ વાતના મૂળિયા ઠેઠ સત્તરમી સદીમાં છે, જ્યારે ફ્રાંસ, બ્રિટન, સ્પેન જેવા યુરોપિયન દેશો વચ્ચે વ્યાપારિક હોડ હતી અને આ દેશો વિશ્વના બીજા દેશોમાં પોતાના થાણા સ્થાપી રહ્યા હતા. થાણા સ્થાપવાનો સીધો અર્થ એ થાય કે જે-તે પ્રદેશ પર કબજો જમાવવો. વિશ્વ આખું સામ્રાજ્યવાદની અસર હેઠળ હતું. જે દેશ દુનિયાના વધુમાં વધુ બંદરો પર કબજો જમાવી લે, એ સમગ્ર વૈશ્વિક વેપારને કબજે કરી શકે. વિશ્વના દરેક મોટા સંઘર્ષોના મૂળમાં ક્યાંકને ક્યાંક વેપાર ક્ષેત્રે સર્વોપરિતા સિદ્ધ કરવાની લાલચ જ જવાબદાર હોય છે. ફ્રાંસની ઈચ્છા એવી કે અમેરિકાની મિસિસીપીના કિનારે મેક્સિકોના અખાત પાસે એક થાણું નાખવામાં આવે તો ઘણો ફાયદો મેળવી શકાય. ફ્રાન્સે કોશિશ કરી પણ એ સમયે નકશાઓ બહુ ચોક્કસ નહોતા એટલે જહાજ લઈને નીકળેલો ફ્રેંચ સાગરખેડુ રોબર્ટ કેવેલિયર મિસિસીપીથી ૬૪૦ કિલોમીટર પશ્ચિમે આવેલા ટેક્સાસના કાંઠે જઈ ચડ્યો. એણે ત્યાં જ ફ્રેંચ કોલોની સ્થાપી, પણ ઇસ ૧૬૮૮ સુધીમાં સ્થાનિકો સાથેના સંઘર્ષોને કારણે કોલોની નાશ પામી. એ પછી સ્પેનિશ સેના અહીં પહોંચી અને પોતાનો કિલ્લો બનાવ્યો.પછી તો નેપોલિયને સ્પેન પર આક્રમણો શરૂ કર્યા અને સ્પેનની ગાદીએ પોતાના ભાઈ જોસેફ -પહેલાને બેસાડ્યો. એ વખતે સ્પેનના કબજા હેઠળના અમેરિકી પ્રદેશો 'ન્યૂ સ્પેન' અથવા સ્પેનિશ 'વાઈસરોયલ્ટીઝ' કહેવાતા, જે સ્પેનિશ વાઈસરોયના સીધા અંકુશ હેઠળ આવતા. જોકે, આ પ્રદેશો જોસેફને પોતાના શાસક તરીકે સ્વીકારવા તૈયાર નહોતા. એટલે ઘણી જગ્યાએ વિરોધ શરૂ થયો. મેક્સિકોમાં મેગ્યુઅલ હિડાલ્ગો નામના પાદરીએ સંઘર્ષની આગેવાની લીધી. ઇ.સ. ૧૮૧૦ના સપ્ટેમ્બરથી શરૂ થયેલા સ્પેનિશ શાસન સામેના સશસ્ત્ર સંઘર્ષો ૧૮૨૧ સુધી ચાલતા રહ્યા. હિડાલ્ગોને તો ૧૮૧૧માં જ મોતની સજા આપી દેવામાં આવી હતી, છતાં લોકોએ સંઘર્ષ ચાલુ રાખ્યો, જેને પરિણામે મેક્સિકો દેશ આઝાદ થયો. ટેક્સાસ એ સમયે મેક્સિકોનું એક રાજ્ય હતું. સ્વતંત્રતા મળ્યા બાદ મેક્સિકોએ એક અત્યંત ગંભીર ભૂલ કરી નાખી.

એ સમયે ટેક્સાસ રાજ્યમાં વસતિ બહુ પાંખી અને વિકાસની તકો ભરપૂર એટલે મેક્સિકોની સરકારે પડોશી દેશ અમેરિકાના નાગરિકોને ભરપૂર આર્થિક લાભો આપીને ટેક્સાસમાં તેડાવ્યા!

આ તો બિલકુલ એના જેવું ગણાય કે ભારત સરકાર બંગાળ અને આસામના વિકાસ માટે બાંગ્લાદેશના વેપારીઓને ટેક્સમાં મોટી છૂટ આપીને અહીં ધંધો કરવા બોલાવે! રાજકારણમાં આવી ભૂલોની ગંભીર સજા મળતી હોય છે. મેક્સિકોને ય સજા મળી. શરૂઆતમાં બધું બરાબર ચાલ્યું, પણ પછી ગુલામીપ્રથા સહિતના કેટલાક મુદ્દે ટેક્સાસમાં આવી વસેલા અમેરિકન્સ અને મેક્સિકો સરકાર વચ્ચે ઘર્ષણ વધતું ચાલ્યું. છેવટે વાત સશસ્ત્ર સંઘર્ષ સુધી પહોંચી. એમાં અમેરિકન્સનો વિજય થયો અને બીજી માર્ચ, ૧૮૩૬ના રોજ એમણે ટેક્સાસને મેક્સિકોથી અલગ કરીને 'રિપબ્લિક ઓફ ટેક્સાસ' નામનો નવો દેશ ઘોષિત કરી દીધો!

સ્વાભાવિક છે કે આખા ઘટનાક્રમ પર નજર ખોડીને બેઠેલા પડોશી દેશ યુએસએ દ્વારા આ નવનિર્મિત રાષ્ટ્રને માન્યતા આપી દેવામાં આવી ...અને અમેરિકાનું આખું સ્વરૂપ બદલાઈ ગયું!

હવે તમે મજા જુઓ. ટેક્સાસમાં જે પ્રજા હતી, એમાં ત્યાંના મૂળ રહેવાસી આદિવાસીઓ (કે જેમની પાસે કોઈ પોલિટિકલ અવાજ કે શક્તિ નહોતા) અને અમેરિકાથી આવી વસેલા ધોળિયાઓનો સમાવેશ થતો હતો. જ્યારે તમામ નિર્ણયો આ અમેરિકન વેપારીઓએ જ લેવાના હોય, તો એમણે અલગ દેશ બનાવવાની માથાકૂટ કરવાને બદલે અમેરિકા સાથે જોડાઈ જવાનું શા માટે પસંદ ન કર્યું? મુખ્ય બે કારણ છે.

પહેલું કારણ હતું મેક્સિકો સાથે યુદ્ધનો ડર. મેક્સિકોનો કોઈ પ્રદેશ છૂટો પડીને યુએસએ સાથે જોડાય તો મેક્સિકોને એ ન જ ગમે. અને એ સંજોગોમાં યુએસએ-મેક્સિકો વચ્ચે યુદ્ધ થયા વિના ન રહે. એ સમયે યુએસએ શક્તિશાળી ખરું, પણ આજની માફક સુપર પાવર નહોતું. બીજું વધુ મહત્ત્વનું કારણ હતું ગુલામીપ્રથા. અમેરિકામાં ગુલામીપ્રથા નાબૂદ કરવા માટે સંઘર્ષ ચાલી રહ્યો હતો. ઉત્તરીય રાજ્યો ગુલામીપ્રથા નાબૂદ કરવા માગતા હતા. જ્યારે દક્ષિણી રાજ્યો ગુલામીપ્રથાના ચુસ્ત ટેકેદાર હતા. આ મામલે અમેરિકન રાજ્યો વચ્ચે ત્રાજવું બરાબર સમતોલ સ્થિતિમાં હતું. જો કોઈ એક પલડામાં જરાસરખું વજન વધે, તો એ પલડું નમી પડે! હવે ટેક્સાસમાં જે અમેરિકન્સ વસેલા, એ બધા પાસે લાખોની સંખ્યામાં ગુલામો હતા. એમની સમૃદ્ધિ આ ગુલામોને જ આભારી હતી. જો ટેક્સાસને અમેરિકા સાથે જોડી દેવામાં આવે, તો ગુલામીપ્રથાને સમર્થન કરતું એક મોટું રાજ્ય અસ્તિત્વમાં આવે! આથી ઘણા ડાહ્યા અમેરિકન રાજકારણીઓ ટેક્સાસને અમેરિકા સાથે જોડવા સંમત નહોતા, પરંતુ તત્કાલીન અમેરિકન પ્રમુખ જહોન ટાયલર મક્કમ હતા. એક વખત સેનેટની મંજૂરી મેળવવામાં નિષ્ફળતા મળી તેમ છતાં એમણે સમજાવટના પ્રયત્નો ચાલુ રાખ્યા. આખરે બીજી વખત મતદાન થયું. એમાં સફળતા મળી, અને ટેક્સાસ એક સ્વતંત્ર દેશ મટીને ૨૯ ડિસેમ્બર, ૧૮૪૫ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં ૨૮મા રાજ્ય તરીકે જોડાયું...ટેક્સાસની તમામ જાહેર મિલકતો અમેરિકન સરકારને જમા થઇ, બદલામાં યુએસએ ગવર્મેન્ટે ટેક્સાસ ઉપરનું દસ મિલિયન ડૉલર્સનું દેવું ચુકવવાની જવાબદારી લીધી. મેક્સિકોને આ નહોતું જ ગમવાનું. એટલે ૧૮૪૬માં મેક્સિકો- યુએસએ યુદ્ધ છેડાયું. બે વર્ષ લાંબા યુદ્ધમાં યુએસએનો વિજય થયો પછી કેલિફોર્નિયા, એરિઝોના તેમજ ન્યૂ મેક્સિકો પણ ટેક્સાસને પગલે અમેરિકન રાજ્ય બન્યા! (યસ, એ પહેલા આ તમામ રાજ્યો યુએસએનો હિસ્સો નહોતા!)

અરે, પણ પેલા ગુલામીપ્રથા અંગેના સંઘર્ષનું શું થયું? નવા જે ચાર રાજ્ય યુએસએમાં જોડાયા, એ પૈકીના ત્રણ ગુલામીપ્રથાને ટેકો આપનારા હતા. આથી ગુલામીપ્રથાના વિરોધી ગણાતા ઉત્તરીય યુએસએનાં રાજ્યો સાથે આ દક્ષિણી રાજ્યોનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો. એવામાં વળી ગુલામીપ્રથાના કટ્ટર વિરોધી અબ્રાહમ લિંકન ૧૮૬૦માં અમેરિકન પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયા એટ્લે ટેક્સાસ સહિતનાં રાજ્યો ઓર ગિન્નાયાં. આ સંઘર્ષ એટલો તીવ્ર બન્યો કે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા પાંચેક વર્ષ સુધી (૧૮૬૧-૧૮૬૫) ભયંકર ગૃહયુદ્ધમાં (સિવિલવોરમાં) સપડાયું... એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી!

જો કેલિફોર્નિયા અને ટેક્સાસ સહિતના રાજ્ય એ સમયે યુએસએ સાથે ન જોડાયા હોત તો ઈતિહાસપ્રસિદ્ધ 'ગોલ્ડ રશ' અને આર્થિક સમૃદ્ધિમાં ક્રાંતિકારી વધારો ન નોંધાયો હોત. કદાચ અમેરિકા સુપર પાવર પદે ય ન પહોંચ્યું હોત અને ગુલામીપ્રથાનો ઇતિહાસ પણ કંઈક જુદો હોત. કદાચ લિંકનની હત્યા ન થઇ હોત.... અને...કદાચ....ખેર, ઇતિહાસના પૃષ્ઠો પણ કેવા આશ્ચર્યજનક કલરશેડ્સથી રંગાઈ જતાં હોય છે. ■


## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# વાંસના આવાસ - વિયેટનામ







**વિશ્વના** નકશામાં કેટલાક દેશો એવા છે કે જ્યાં લોકોને કુદરત તથા અન્ય માનવ સમુદાયે જાતજાતની થાપટ આપી છે. વિયેટનામ એક એવો જ દેશ છે. અહીંના સમાજે અન્ય માનવસમુદાયે આપેલી થાપટને જીરવી તેનો પ્રતિકાર કર્યો છે. સાથે સાથે આ દેશના નાગરિકોએ અહીં આવતી કુદરતી આફતોનો પણ મક્કમતાથી સામનો કર્યો છે. આવી આફતો સામે ટકી રહેવા તેમણે ચોક્કસ સામાજિક, આર્થિક અને તકનીકી પદ્ધતિ વિકસાવી છે. આવો જ એક પ્રયત્ન એટલે પોસાય તેવાં કુદરતનાં વિનાશક પરિબળો સામે ટકી રહેવા સક્ષમ વાંસના આધુનિક આવાસ. અહીંના એચએન્ડપી આર્કિટેકસ દ્વારા સૂચિત કરાયેલ આ આવાસોએ વિશ્વનાં સંવેદનશીલ સ્થાપત્યોનું ધ્યાન ખેંચ્યું છે.

આ એ પ્રકારનો સ્થાપત્ય-વિચાર છે જેમાં વિવિધ પ્રમાણ-માપવાળી રચનાઓ કરી શકાય છે. આ શૈલી મુજબ માત્ર એક જ રૂમનું આવાસ બનાવી શકાય અને વિસ્તૃત આવાસ પણ. આ પ્રકારની રચના વડે શાળાના ઓરડા બનાવી શકાય અને સામાજિક મેળાવડાનું સ્થાન પણ. આ એક ''માળખું'' છે જેમાં જરૂરિયાત પ્રમાણે નાના ફેરફાર કરી તેને વિવિધ ઉપયોગ માટે પ્રયોજી શકાય. આ ''ન્યૂનતમ'' સ્થાપત્યનું ઉદાહરણ છે જેને જરૂરિયાત પ્રમાણે ઢાળી શકાય. બાંધકામની પ્રાપ્ય સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરીને, સ્થાનિક આબોહવા-કુદરતનાં વિપરીત પરિબળો સામે રક્ષણ આપે એવી આ રચના છે. સાથે સાથે તેનું સ્થાનિક પરંપરા સાથેનું જોડાણ પણ ઉલ્લેખનીય છે. આ વાંસના આવાસની બનાવટનો પહેલો તબક્કો જ્યારે સન ૨૦૧૧માં પૂરો થયો ત્યારે સ્થાપત્યના ઇતિહાસમાં જાણે નાનકડી કવિતા - હાઇકુ લખાઈ ગયું.

મૂળમાં આ રચના ઉપર અને નીચેની ચાર-ચાર ધાર કપાયેલા ઘનાકાર ચોસલા જેવી છે. આ કાપથી ઉપર અને નીચેના ભાગમાં વચ્ચેનો ચોરસ છોડીને ઢાળ બને છે. પછી આ વચમાંની ઊભી દીવાલવાળો ભાગ મકાનના મુખ્ય સ્થાનને નિર્ધારિત કરે છે જેમાં ઉપરનો ભાગ છાપરું તથા નીચેનો ભાગ ફરસ તરીકે વાપરી શકાય તેવો માળખાકીય મંચ બને છે. આ મંચ ટેકા પર ટેકવાયેલો હોવાથી નીચેના ખુલ્લા ભાગમાંથી, પાણીનો ભરાવો થાય તો, પાણી નીચેથી વહી જાય. તેના આકાર અને તેની બનાવટમાં વપરાયેલ વાંસને કારણે પવનની થાપટ તેને ઓછી લાગે છે. વળી ઓરડાઓ જમીનથી ઊંચકાયેલા રહેતા હોવાથી પાણીના ભરાવાના સમયે તકલીફ પડતી નથી. વળી જો પાણી વધારે ભરાય તો સમગ્ર આવાસ તરી પણ શકે છે. અહીંની ભેજવાળી આબોહવામાં વાંસના બાંધકામને કારણે હવાની અવરજવર સુગમ બની રહે છે જેનાથી આવાસની અંદરની પરિસ્થિતિ અનુકૂળ રહે. આ રચના કુદરતે ઊભાં કરેલા પ્રશ્નોના જવાબ સમાન છે.

અસરકારક ભૌમિતિક આકાર તથા તેને કારણે બાંધકામમાં આવતી નિયમિતતા તથા એકમાપતાને કારણે આ રચના ઓછા સમયમાં તૈયાર થઈ શકે છે. ખૂલી શકે તેવું છાપરું, ભેજવાળી ગરમ આબોહવામાં પવનની આવજા માટે જાળીદાર વ્યવસ્થા, ભૌમિતિક માળખાકીય રચનાથી વધતી મકાનની મજબૂતાઈ, લોકોને પોસાય તેવું સસ્તું બાંધકામ, સ્થાનિક કારીગરો દ્વારા બનાવી શકાય તેવું માળખું, માસ-પ્રોડક્શનની રહેલી સંભાવના, જ્યાં જરૂર જણાય ત્યાં લોખંડનો માળખાગત - તેમ જ આજુબાજુથી પ્રાપ્ત લોખંડના ભંગારનો અન્ય રચનાત્મક ઉપયોગ, સ્થાનિક વાંસની સ્થાપત્ય તેમ જ રાચરચીલાની બનાવટમાં બહુમૂલ્ય કલાત્મક ખપત, વાંસ જેવી ઝૂંપડાંમાં વપરાતી બાંધકામની સામગ્રીનો સર્જનાત્મક ઉપયોગ, આર્ય ભટ્ટ ઉપગ્રહ જેવો જોવો ગમે તેવો શાસ્ત્રીય ભૌમિતિક આકાર, બાંધકામના માપમાં રહેલી મર્યાદાઓ સાથે તેની સ્વીકૃતિ, મજબૂતાઈ માટે પ્રયોજાયેલી નવીન તેમ જ ટકાઉ રીત, સરળ હોવા છતાં આકર્ષક જણાય તેવી રચના - આવી કેટલીક બાબતો સ્થાપત્યની આ રચનાને ખાસ બનાવે છે.

ગરીબ-વંચિતના આવાસ પણ સ્થાપત્યના ઇતિહાસમાં મહત્ત્વની જગ્યા રોકી શકે છે એ વાત આ પ્રોજેક્ટથી સાબિત થાય છે. સ્થાપત્યનો ઇતિહાસ જોતાં જણાશે કે આ ક્ષેત્રમાં મહેલ, કિલ્લા, મંદિરોને જ મુખ્ય ગણવામાં આવ્યાં છે. આ સાથે ક્યાંક ક્યાંક જળાશયોનો પણ ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ સામાન્ય માનવીના આવાસને યોગ્ય સ્થાન મળ્યું નથી. પછી ભલેને આ આવાસ વધુ વપરાતા હોય, ઉપયોગી વધુ હોય અને સમગ્રતામાં સ્થાપત્ય શૈલીને સ્થાપિત કરવામાં વધારે મહત્ત્વનો ફાળો આપતા હોય, પણ હવે ચલણ કંઈક બદલાય છે. સામાન્ય માનવીના આવાસ પણ સ્થાપત્યની દૃષ્ટિએ મૂલ્યવાન છે તે સ્થાપિત થતું જાય છે. આવા સંજોગોમાં આ પ્રકારની સ્થાપત્ય રચનાઓ થતી રહે તો આ સામાન્ય માનવીના આવાસનું પ્રકરણ વધુ સમૃદ્ધ થતું જાય.

કોઈ વાર્તા નહીં, કોઈ દંભ નહીં, કોઈ ગપગોળા નહીં, માત્ર જરૂરિયાત પ્રમાણે રચના નિર્ધારિત કરવાનું લક્ષ્ય. ક્યાંય આડંબર નહીં, ક્યાંય ગ્લેમર નહીં, માત્ર પ્રશ્નોના અસરકારક તેમ જ કલાત્મક જવાબ આપવાનો સ્થાપત્યકીય પ્રયાસ. ક્યાંય પૈસાનો બગાડ નહીં, બાંધકામની પ્રક્રિયામાં ક્યાંય અનિચ્છનીય સમયનો વ્યય નહીં, માત્ર પ્રાપ્ય સામગ્રી-સમયનો અસરકારક ઉપયોગ. જે છે તે, જેમ છે તેમ, તેને જ સુંદરતામાં ઢાળવાનો આ પ્રયત્ન છે. આ એક વ્યવહારુ તથા આશાસ્પદ રચના છે. બાંધકામની સ્થાનિક સામગ્રીને એ ઊંચાઈ પર લઈ જતી આ ઘટના થકી સ્થાપત્યમાં નવા પ્રકારની ગંભીરતા સ્થાપિત થઈ હોય તેમ જણાય છે. ■



## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# હેં, આને ચોરી ન કહેવાય?!

આજે તો સવાર સવારમાં જ ચુનિયાના ઘરવાળાનો ફોન આવી ગયો.હજી તો હું ઊંઘમાં હતો ત્યાં મારી ઘરવાળીએ મને જગાડ્યો કહ્યું કે 'ભાભીનો ફોન છે ...વાત કરો'

હાંફળા ફાફળા થઈ મેં ફોન રિસીવ કર્યો :

'બોલો.. બોલો ભાભી, કંઈ તકલીફ પડી?'

'તકલીફ તો શું પડે, પરંતુ કાલ તમારા ભાઈ તમારી સાથે પ્રોગ્રામમાં આવેલા તો એને તમે તમારી સાથે હોટલમાં નહોતા રાખ્યા? આખો થેલો મેં જોઈ લીધો- ક્યાંય શેમ્પૂ કે સાબુ દેખાયા નહીં અને તમે જે હોટલમાં ઊતરવાનું કહેતા હતા તે હોટલમાં તો આખી કિટ આપે છે.'

મેં તરત જ કહ્યું : 'ના ના, ભાભી એવું નથી અમે તે જ હોટલમાં ઉતરેલા.'

ફોનમાં દેકારો સાંભળી અને ચુનિયો એના ઘરે ઉઠી ગયો હશે. એણે પોતાની ઘરવાળીને ખખડાવી કે 'અત્યારે સવારના પોરમાં મિલનભાઈ ને ક્યાં જગાડે છે મને પૂછ તો ખરી? જો, બેગના ચોર ખાનામાં હશે અને હા, ગયા વખતના 'પ્રિન્સ હોટલ'ના શેમ્પૂ અને સાબુ હજી ક્યાં પૂરા થયા છે કે તારે નવા કાઢવા છે.'

સામા છેડે મેં આ વાત સાંભળી લીધી ને ફોન મૂકી દીધો.

આવા સંજોગોમાં તમે ચુનિયાને ચોર કહી શકો? હું કહું છું ના, એ ચોરી ના કહેવાય. અમુક લોકોની પ્રકૃતિ સાથે જોડાયેલી એ ચીજ છે. જ્યારે જ્યારે પ્રોગ્રામમાં કોઈ હોટલમાં હું ઊતરું છું ત્યારે ત્યારે ચુનિયો મારી સાથે આવે છે. શરૂઆતમાં મને એમ થતું હતું કે મને કંપની દેવા માટે આવે છે, પરંતુ ચાર -પાંચ વારના અનુભવ પછી મને એવું થયું કે આને મારા પ્રોગ્રામ કરતાં હોટલની કીટમાં રસ છે. એમાં પણ જો દસેક દિવસ મારે કાર્યક્રમમાં હોટલમાં રહેવાનું ન થયું હોય તો સામેથી પૂછે : 'મિલનભાઈ, કાર્યક્રમો ઘટી ગયા કે શું? કે પછી કોઈ હોટલ નથી આપતું? ત્યારે હું મારી બેગમાંથી એને કીટ મોકલી દઉં છું. ઘણા વાચક મારી વાત સાનમાં સમજી ગયા હશે.. ઘણા તો એવા હોય છે કે બે દિવસ હોટલમાં રહે તો હોટલમાં નહાય નહીં ને જે કીટ આવતી હોય તે ઘરે લઈ જાય. ચા-કોફી, સુગર, સુગર ફ્રીના પાઉચ, નાસ્તાના પડીકા, ફોર સ્ટાર કેટેગરીની ઉપરની હોટલ હોય તો કાજુ -બદામ- પિસ્તાના પડિકા, ફ્રૂટ પણ હોય. મારે તો પાર્ટીના ખર્ચે હોટલ હોય એટલે હું ન લઉં. પુરસ્કારની રકમથી સંતોષ માની લઉં, પરંતુ ક્યારેક જોડે આવેલા લોકો સિફતથી સરકાવી લે ત્યારે તકલીફ પડે. ચુનિયો તો બિચારો શેમ્પૂ સાબુના પાઉચ સુધી જ રહે છે. એકવાર મારા એક બીજા મિત્રને હું કાર્યક્રમમાં લઈ ગયો હતો, સારામાં સારી હોટેલમાં ઉતારો હતો એ મિત્ર સાથે એક મોટી બેગ લાવેલો મેં એને કહ્યું કે, 'તારે આટલા બધા કપડાંની શું જરૂર હોય?' એ મને કહે : 'તમને ન ખબર પડે મારે કામ છે એમ કહી એ મારી સાથે આવ્યો, પરંતુ જ્યારે હોટેલમાંથી બીજે દિવસે ફોન આવ્યો કે 'સાહેબ તમારી રૂમમાંથી એક ટુવાલ, ચાની કીટલી, એસીનું રિમોટ, બે કાચના ગ્લાસ ઉપરાંત બે ચમચી વિગેરે ગુમ છે' ત્યારે મને મોટી બેગનું રહસ્ય સમજાણું, છતાં હું મિત્રને તો ન કહી શક્યો અને તેનું બિલ હોટલવાળાને ચૂકવી આપ્યું.

આ એક સાઈકોલોજીકલ ડિસઓર્ડર છે, જેને ''ક્લેપ્ટોમેનિયા'' નો રોગ કહે છે. ૫,૦૦૦ રૂ. નો આપણે રૂમ રાખી શકીએ છીએ , પરંતુ પાંચ રૂપિયાના સાબુ અને શેમ્પૂને છોડી શકતા નથી. હોટલની ક્વોલિટી કરતાં સારામાં સારી ક્વોલિટી આપણે ઘરે વાપરતા હોઇશું, પરંતુ હોટેલમાંથી તે લેવાની મજા જ કંઈક જુદી છે.

સામાન્ય રીતે મોલમાંથી ચોરી ઓછી થતી હોય છે ,પરંતુ તેમાં પણ ઘણી બહેનો પાંચ રૂપિયાના માથામાં નાખવાના બકલ, નાની શેમ્પૂની બોટલ, સારી ક્વોલિટીની ચોકલેટ કે બિસ્કીટ ક્યારેક ઉપાડી લે છે. હું એમ નથી કહેતો કે એ બહેનો ચોરી કરે છે , પરંતુ દસ હજાર રૂપિયાનું શોપિંગ કરે તો શું તે સો રૂપિયાનું આવું નાની- મોટી વસ્તુનું બિલ ચૂકવી ન શકે? પરંતુ ના, એ એક થ્રિલની વાત છે તેવું તે લોકોનું માનવું છે.

મોલમાં હમણાં એક કાકીએ બિસ્કિટનું પેકેટ તફડાવ્યું, ખબર પડી ગઈ. એટલે કેસ કોર્ટમાં ગયો ત્યારે જજે હુકમ કર્યો કે બિસ્કીટના પેકેટમાં જેટલા બિસ્કીટ હોય તેટલા દિવસની સજા કરવામાં આવશે...! ૧૦ બિસ્કીટ હતા એટલે દસ દિવસની સજા..એ મુજબ હજી તો ચુકાદો લખાય ત્યાં જ કાકાએ પાછળથી કહ્યું કે કાકીએ એક મમરાનું પેકેટ પણ તફડાવ્યું છે. તમે નહીં માનો, કોર્ટમાં પંખો બંધ કરી અને સાંજ સુધી લોકોએ મમરા ગણ્યા.!

રેલવેમાં એસી કોચમાં મુસાફરી કરતા હોય ત્યારે સ્વાભાવિક છે કે તમે વધારે ભાડું ચૂકવો છો છતાં દસ રૂપિયાના નેપકીન ઘરે લાવવાનો રોમાંચ અનોખો છે. એ નેપકીનથી તમે ઘરે મોઢું લૂછવાના નથી કે મહેમાનોની હાજરીમાં તમે બેઝીન પાસે ટીંગાડવાના... આ બધી વસ્તુ લેવી તેને હું ચોરી નથી ગણતો, કારણ કે તેનાથી કોઈને કદાચ ઝાઝું નુકસાન થતું નથી. મધ્યમ વર્ગ આનાથી વિશેષ કશું કરી પણ શું શકે? બીજી તરફ મોટા મગરો તો ટેક્સ બચાવવા માટે આડા અવળા ધંધા કરે અને કરોડો રૂપિયાનો ચૂનો લગાડે તો તે ચોરી જ કહેવાય. જોકે એક દલીલ એવી પણ છે કે તે જેટલું કમાય છે અને તેના પ્રમાણમાં જે ચોરી કરે છે તે ખરેખર સાબુ - શેમ્પૂ જેટલું જ કહેવાય...! ■

**વિચારવાયુઃ**

*'ક્લિપ્ટોમેનીયા સિન્ડ્રોમ'ની તીવ્રતા જેટલી વધુ એટલો એ મોટો ને સફળ અધિકારી... આ વાત સાચી?*

પ્રકરણ: ૧૬

# ચહેરા મોહરા

**હા, અફસોસ છે કે હું તારી પાસેથી મારા પિતાનું નામ ન જાણી શક્યો... કાશ, નામ જાણી શક્યો હોત તો બસ એક વાર તેમને મળવાની ઈચ્છા હતી...**



પ્રફુલ્લ કાનાબાર

આજે વહેલી સવારના સપનામાં સોહમને પહેલી જ વાર મા દેખાઈ :

'દીકરા, તું એવા કોઈ રસ્તે ન જતો જ્યાં જવાથી તને અફસોસ થાય અથવા મુશ્કેલીમાં મૂકાઈ જાય.'

'મા, હું જે રસ્તે જઈ રહ્યો છું, તે અનિશ્ચિતતાથી ભરેલો છે, પરંતુ હવે તો મારી મંઝિલ જ એ છે.... ..હા, અફસોસ તો એક વાતનો જીવનના અંત સુધી રહેશે કે હું તારી પાસેથી મારા પિતાનું નામ ન જાણી શક્યો...કાશ, નામ જાણી શક્યો હોત તો બસ એક વાર તેમને મળવાની ઈચ્છા હતી.'

સપનામાં ત્યારે માએ સાડીના ફાટેલા પાલવ વડે સોહમની આંખ લૂછતાં કહેલું :

'દીકરા, દરેક સબંધ લેણદેણ પર આધારિત હોય છે. અફસોસ કરવાને બદલે હવે તારા ભવિષ્યનો જ વિચાર કર.'

–અને આ સાથે જ સોહમની આંખ ઊઘડી ગઈ. જે રીતની એને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ હતી એ જોઈને સોહમને ભય લાગ્યો કે પેલા નંદગીરીએ જમવામાં ઘેન તો નહીં મેળવ્યું હોય ને ?! સોહમ પથારીમાંથી સફાળો બેઠો થઇ ગયો. ખોરાકમાં ઘેન હતું તેવી શંકા –કુશંકા કરવાનો હવે કોઈ મતલબ પણ નહોતો. આમ પણ જો ખાવામાં ઘેન હોય તો ઉઠતાંની સાથે માથું ભારે લાગવા માંડે.. એની બદલે સોહમ તો ચોકડીમાં મો ધોયા બાદ એકદમ ફ્રેશ થઇ ગયો હતો. સોહમે બારીમાંથી નીચે જોયું તો નંદગીરી ખાટલા પર બેઠા બેઠા બીડી પી રહ્યા હતા. ભોલુ ગાયને ઘાસ નાખી રહ્યો હતો. નજીકમાં જ મહાદેવનું મંદિર હતું. થોડી થોડી વારે સંભળાતા ઘંટનાદથી મંદિરમાં એકલ દોકલ માણસની અવર –જવર વર્તાતી હતી.

સોહમ સીડી ઊતરીને નીચે આવ્યો એટલે નંદગીરીએ તેને આવકારતાં કહ્યું. 'આઓ ભાઈ આઓ. કિતને સાલ બાદ આરામસે સોયા?' 'જી મહારાજ...ઇતની ગેહરી નીંદ સોયે હુએ તો બરસો હો ગયે' સોહમે સાચી જ વાત કરી. 'અચ્છા હુઆ.. તુ ફ્રેશ હો ગયા..કલ મુસાફરી ભી કરની હૈ' સોહમે નોંધ્યું કે નંદગીરીના અવાજમાં લાગણી છલકાતી હતી. સોહમને એ વાતની નવાઈ લાગી રહી હતી કે માત્ર આઠ કલાકની ઓળખાણમાં નંદગીરી તેને આત્મીયજન લાગવા માડ્યા હતા! જેલમાં તેર વર્ષનો ભારે એકાંતવાસ ભોગવ્યો હોવાથી કદાચ સોહમ હવે માણસનો પ્રેમ ઝંખતો હતો! થોડી વાર બાદ ભોલુ ચા બનાવીને લાવ્યો. ત્રણ રકાબીમાં ચા કાઢીને ભોલુ પણ સાથે જ ચા પીવા બેઠો. સોહમને એ ગમ્યું. થોડી વાર બાદ નંદગીરીએ ઈશારો કર્યો એટલે ભોલુ અંદરથી બે પ્લાસ્ટિક બેગ લઇ આવ્યો, જેમાં બે પેન્ટ અને બે શર્ટ હતા .

'તુ સો ગયા થા બાદમેં મૈને ભોલુ કો ગાંધીનગર ભેજા થા તેરે લિયે નયે કપડે ખરીદને કે લિયે' નંદગીરીએ બીડીનો ઊંડો કશ લઈને કહ્યું. સોહમે કોથળી ખોલીને જોયું કે તદ્દન નવા જ બ્રાન્ડેડ કપડાં હતા. પ્લાસ્ટિકની કોથળી પર 'બીગ બજાર'નું નામ હતું. સોહમે પ્રાઈસ ટેગ જોઈ. આટલા મોંઘા કપડાં સોહમે આટલી ઉંમરમાં ક્યારેય પહેર્યાં નહોતાં. સોહમ સમજી ગયો કે મોબાઈલની જેમ જ આ બે જોડી કપડાં પણ તેને પ્લાનમાં સામેલ થવા માટે જ આપવામાં આવી રહ્યા છે.

સોહમ જાણતો હતો કે હવે આભાર માનવાની ફોર્માલીટી કરવાની જરૂર નથી તેમ છતાં સ્વભાવગત તેનાથી આભારનો ભાર ઓછો થઇ જ ગયો! નંદગીરીની સામે જોઇને એણે કહ્યું : 'ધન્યવાદ.' સોહમે પેકિંગમાંથી પેન્ટ –શર્ટ કાઢીને ખોલીને હાથ વડે માપ જોઇને ચેક કર્યું. તેના ચહેરા પર સંતોષ છલકાયો. સોહમે જોયું કે ભોલુ તેની ગતિવિધિ ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો. સોહમે તેની સામે જોઇને પણ સ્મિત કર્યું. ભોલુએ એને એક કાગળ આપ્યો : 'આ શું છે?'

'આ તમારી રેલવેની ટિકિટ બૂક કરાવી તેની પ્રિન્ટ પણ કઢાવતો આવ્યો છું. કદાચ રસ્તામાં ટીસી માગે તો બતાવવા કામ લાગશે.' સોહમ એ પ્રિન્ટને વાંચી રહ્યો. સોહમના ચહેરા પર પથરાયેલું વિસ્મય જોઇને ભોલુ બોલ્યો: 'હું ગાંધીનગર ગયો હતો તેથી આ પ્રિન્ટ કઢાવી લાવ્યો. બાકી પ્રિન્ટ ન હોય તો પણ ચાલે.' સોહમને નવાઈ લાગી :

'ભોલુ, રસ્તામાં ટીસી ટિકિટ જોવા માગે તો શું બતાવવાનું?'

'તમે ટીસીને મોબાઈલનો આ મેસેજ બતાવો તો પણ ચાલે. તેમની પાસે જે ચાર્ટ હોય તેમાં તમારું નામ સીટ નંબરની સામે હોય જ.' સોહમના હાથમાંથી મોબાઈલ લઈને તેમાં રિઝર્વેશનનો જે મેસેજ આવેલો પડ્યો હતો તે ખોલીને બતાવતા ભોલુએ કહ્યું. 'ખરેખર આ તેર વર્ષમાં ટેકનોલોજી ખૂબ આગળ વધી ગઈ છે.' સોહમ બોલી ઉઠયો. સોહમને ભૂતકાળના એ દિવસો યાદ આવી ગયા જયારે આંગડિયાની ઓફિસમાં તે નોકરી કરતો હતો. મનોહર રૂબરૂ જઈને અથવા ટ્રાવેલ એજન્ટ મારફતે કાયમ રેલવેનું રિઝર્વેશન કરાવતો હતો. મનોહરની યાદ આવતાં જ સોહમના ચહેરા પર નારાજગી છવાઈ ગઈ. : સાલ્લો દગાબાજ...શેઠની વર્ષોની નોકરીની સામે તેણે દગો કર્યો હતો..વળી મનોહરને કારણે જ તો ખુદ સોહમ પણ ખોટી રીતે ફસાઈ ગયો હતો.એ તો સારું થયું કે ચોરીનો ભેદ ચોવીસ કલાકમાં જ ઉકલી ગયો હતો પરિણામે સોહમ જેલમાં જતા જતા બચી ગયો હતો. જોકે સોહમની નિયતિમાં જેલવાસ લખેલો તો હતો જ..માત્ર બાર કલાકમાં જ આવેશમાં આવીને તે તેના કહેવાતા બાપનું ખૂન કરી બેઠો હતો!

આવા બધા વિચારોમાં ખોવાયેલા સોહમને ખ્યાલ જ ન રહ્યો કે સામે બેઠેલા નંદગીરી તેના ચહેરા પર બદલાતા જતા ભાવનું બારીક નિરીક્ષણ કરી રહ્યા છે :

'ભૂતકાલ કો દફના દો.' નંદગીરીએ બીડીનું ઠૂંઠું પગ નીચે દબાવતા કહ્યું. સોહમ તરત વર્તમાનમાં આવી ગયો.

સોહમની એટેચી ઉપરના રૂમમાં જ પડી હતી. સોહમે ઉપર જઈને તેમાં કપડાં મૂકી દીધા. થોડી વાર બાદ ભોલુ પણ ઉપર આવ્યો.તેના હાથમાં પ્રગટાવેલી અગરબત્તી હતી. ધૂપની પવિત્ર સુવાસથી રૂમ મહેકી મ્હેકી ઉઠયો. સામેની દીવાલે શંકર ભગવાનનો મોટો ફોટો હતો. ભોલુ ભાવપૂર્વક અગરબત્તીની ધૂપ જમણા હાથ વડે ફોટાને ચડાવી રહ્યો.સોહમે જોયું કે એ ફોટાની નીચે બાંધેલી પ્લાસ્ટીકની દોરીમાં અલગ અલગ પ્રકારના રુદ્રાક્ષ બાંધેલા હતા. સોહમે એ તરફ અંગૂલીનિર્દેશ કરીને પૂછ્યું:

'આટલા બધાં રુદ્રાક્ષ?'

'શિવજીની પૂજામાં રુદ્રાક્ષનું ખાસ મહત્ત્વ છે. એની પૌરાણિક કથા પણ છે.'

'શું?' સોહમે પૂછ્યું.'

તે કોઈ પણ હિસાબે ભોલુ સાથે વાતચીતનો દોર આગળ વધારવામાંગતો હતો.ભોલુ ઉત્સાહમાં આવીને કહેવા લાગ્યો :

'એક વાર ત્રિપૂર નામના દૈત્યે બધા દેવોને જીતી લીધા હતા. બધા દેવ ત્રાહિમામ પોકારી ગયા. એ બધા ભેગા થઈને આખરે શિવજીના શરણે ગયા. એ તમામની પ્રાર્થના સાંભળીને મહાદેવજી પ્રસન્ન થયા. ત્રિપૂરને નાથવા માટે શિવજીએ અઘોર તપ કર્યું. વર્ષો બાદ જયારે શિવજીએ નેત્રો ખોલ્યા ત્યારે તેમની આંખમાંથી જે અશ્રુબિંદુ જમીન પર ટપક્યા તેમાંથી રુદ્રાક્ષનાં વૃક્ષો થયાં. આજે તો સસ્તા અને મોંઘાએમ કુલ આડત્રીસ જાતના રુદ્રાક્ષ આવે છે.'


'અરે વાહ..ભોલુ, તારી પાસે તો જ્ઞાનનો ભંડાર છે.'

'આ કથા તો મને બાપુએ જ કરી હતી.બાપુ તો ચાર ધામની જાત્રા પણ કરી આવ્યા છે. વળતાં પશુપતિનાથથી ખૂબ જ મોંઘા રુદ્રાક્ષ પણ લઇ આવ્યા હતા. બાપુને રુદ્રાક્ષ પર અપાર શ્રદ્ધા છે. નીચે રુદ્રાક્ષનો આખો પટારો ભરેલો છે. દેશના વિવિધ ભાગોમાંથી રુદ્રાક્ષ આવે છે..નેપાળથી આવે છે એ મણકાની કિંમત તો લાખ સવા લાખ સુધીની હોય છે.'

'એક મણકાની ?

સોહમની આંખો વિસ્મયથી પહોળી થઇ ગઈ. અચાનક ભોલુ ચૂપ થઇ ગયો. જાણે કે જાહેર ન કરવાની વાત તેનાથી અનાયાસે જ જાહેર થઇ ગઈ હતી! ભોલુના ભોળા ચહેરા પર બોલાઈ ગયા પછીના પસ્તાવાના ભાવ તરવરી રહ્યા. ભોલુનો ચહેરો જોઇને સોહમ પણ હવે ભોલુને વધારે બોલવા માટે મજબૂર કરવા માગતો નહોતો. તેણે પણ વધારે પૂછપરછ કરવાનું ટાળ્યું. રાત્રે રોટલો, ખીચડી, કઢી અને ઓળો જમીને સોહમ ઉપરના રૂમમાં ગયો. બપોરે પૂરતી ઊંઘ લીધી હોવાથી તેની આંખમાં ઊંઘનું નામ નિશાન નહોતું. ભોલુથી અનાયાસે જ બોલાઈ ગયેલી વાત .. નંદગીરી પાસે પટારો ભરીને રુદ્રાક્ષ છે, જેમાં અમૂકની કિંમત તો સવા લાખ સુધીની પણ છે.. સોહમના મનમાં એ વાત ઘર કરી ગઈ હતી. તે વિચારી રહ્યો.. એ દ્રષ્ટિએ તો ગામડામાં રહેતાં નંદગીરી પણ કરોડપતિ તો છે જ..ગામ ભલેને તેમને એક સામાન્ય બાવો માનતું હોય! આટલા બધા પૈસા તેમની પાસે ક્યાંથી આવતા હશે? વળી એ માણસ ઘરમાં રાયફલ શા માટે રાખતો હશે ? એનું લાઈસન્સ એની પાસે હશે ખરું? સોહમના મનમાં સવાલ અનેક હતા, પણ જવાબ એક પણ નહોતો.સોહમ પથારીમાં પડખા ફેરવતો હતો ત્યાં જ તેને નંદગીરીનો ધીમો અવાજ સંભળાયો..સોહમે અવાજ ન થાય તે રીતે પથારીમાંથી ઊભા થઈને પગથિયા પાસે આવીને એ તરફ કાન માંડયા....

(ક્રમશઃ)■





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ–મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ–મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી – ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સત્વર | પરવાનો |
| સદન | જલદી |
| સદંતર | કાયમ |
| સદૈવ | પૂર્ણપણે |
| સનદ | ઘર |

## ઓળખાણ પડી?



આપણા દેશના વિવિધ શહેર વિવિધ ઉપનામથી ઓળખાય છે. કયું શહેર 'પૂર્વના વેનિસ શહેર' તરીકે નામના ધરાવે છે એ કહેશો?

અ) મુનાર બ) કોવલકમ ક) કુમારકોમ ડ) અલપ્પુઝા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જી | ૨ વ | ન | ૩ પા | ૪ થે | ય | ■ | ૫ મુ | મુ | ૬ ક્ષુ |
| ૭ ગ | ણ | ■ | ૮ વા | લિ | ■ | ૯ સં | ગ | ■ | ધા |
| ૧૦ ર | જા | ઈ | ■ | સિ | ■ | ૧૧ ચ | ટ | ણી | ■ |
| ■ | ર | ■ | ■ | ૧૨ મિ | ૧૩ ર | ર | ■ | ■ | ૧૪ સં |
| ૧૫ જુ | ■ | ૧૬ ફ | ૧૭ રિ | યા | દ | ■ | ૧૮ પ | ૧૯ ર | વા |
| ૨૦ ગ | મા | ડ | વા | ■ | ■ | ૨૧ ધ્યે | ય | વા | દ |
| લ | ■ | ૨૨ તા | જ | ■ | ૨૩ કા | પ | ■ | ની | ■ |
| ૨૪ બં | ૨૫ ગા | ળ | ■ | ૨૬ અ | પ | લ | ૨૭ ક | ■ | ૨૮ સી |
| ૨૯ ધી | જ | ■ | ■ | પ | ■ | ૩૦ ક્ષી | ર | ૩૧ પા | ક |
| ■ | ૩૨ ર | મ | તા | રા | મ | ■ | ૩૩ જ | ઠ | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | | ■ |
| | ■ | | ■ | ૬ | ■ | ૬-અ | | ■ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | | ■ | |
| | ■ | ૧૦ | ૧૧ | | ■ | ■ | ૧૨ | ૧૩ | |
| ૧૪ | | ■ | ૧૫ | | | ૧૬ | ■ | | ■ |
| | ■ | ૧૭ | | ■ | ■ | ૧૮ | ૧૯ | | ૨૦ |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | ૨૫ | | | ■ | |
| ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | ■ | | ■ | ■ |
| ૨૮-અ | ■ | ૨૯ | ૩૦ | | ■ | ૩૧ | ■ | ૩૨ | ૩૩ |
| ૩૪ | | | | ■ | ૩૫ | | | | |

### આડી ચાવી

૧. જ્યોતિષમાં ફળ કહેવું તે (૪)
૩. છાંટવું તે (૪)
૬અ. જાતિ, જ્ઞાતિ (૨)
૮. 'નચાવવું'નું આજ્ઞાર્થ (૩)
૯. ગાનતાન, મોજમજા (૪)
૧૦. ખેલ, ક્રીડા (૩)
૧૨. ફજેતી (૩)
૧૪. કહાની, વાર્તા (૨)
૧૫. રમતમાં --- થયા કરે (૪)
૧૭. કિંમત, લાગણી (૨)
૧૮. ભિન્ન અભિપ્રાય (૪)
૨૧. અવસર, પ્રસંગ, લાગ (૨)
૨૩. વધારામાં, વિશેષ, વળી
૨૬. નદીના--- પર તારું નામ લખી દઉં (૨)
૨૮. અણી (૨)
૨૯. પોચું ઘાસ (૩)
૩૨. વેદનાનો ઉચ્ચાર (૨)
૩૪. અંકુશ વગરનો (૪)
૩૫. ઉધ્ધારક (૫)

### ઊભી ચાવી

૧. ઉડાઉ, દેવું કરી ખર્ચ કરનાર (૩,૪)
૨. પરદેશ (૪)
૪. બારણું ઠોકવાના રણકાર (૩)
૫. કાર્ય, એક દેવ (૨)
૬. હંમેશાં (૪)
૭. ચમડી જાય પણ --- ના જાય (૩)
૧૧. હાથીનો ચાલક (૪)
૧૩. દુનિયા, વિશ્વ (૩)
૧૬. ચોમાસાની રાતે--- બોલે (૩)
૧૯. તાર, સૂત્ર, દોરો (૩)
૨૦. ચેપ ના લાગે એ માટે લેવી પડે (૨)
૨૨. બનાવટી વાત (૨)
૨૪. દૂધ આપનાર ઢોર (૩)
૨૫. માણસે સુખદુ:ખથી --- થવું પડે (૨)
૨૭. બાળકને ગાલે --- કરો (જો. છૂ.) (૩)
૨૮-અ. થાક, ખિન્નતા, ઘૃણા (૨)
૩૦. જાડું દોરડું (૨)
૩૧. ઘાસચારો (૨)
૩૨. વાહ, શાબાશ (૨)
૩૩. ભગવાન શિવ (૨)

## ગુજરાત મોરી મોરી રે

મત્સ્ય ઉદ્યોગ તેમજ હોડીઓ બનાવવાના ઉદ્યોગ તરીકે કયું શહેર જાણીતું છે એ જણાવો. અહીં અગ્રણી સિમેન્ટ કંપનીઓ પણ છે.

અ) ખંભાત બ) જૂનાગઢ ક) વેરાવળ ડ) જાફરાબાદ

## જાણવા જેવું

વજનદાર પ્રાણીઓની દુનિયા હેરત પમાડે છે. પૃથ્વી પરનું સૌથી વજનદાર પ્રાણી છે એન્ટાર્કટિક બ્લુ વ્હેલ. ચાર લાખ પાઉન્ડ (આશરે પોણા બે લાખ કિલો)નું વજન હોય છે એનું જે ત્રીસેક હાથીના વજનની સમકક્ષ ગણાય છે. એની લંબાઈ ૯૮ ફૂટ જેટલી હોય છે.

## સુડોકુ-૭૦૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨ | | | ૮ | | |
| | | | ૭ | ૬ | | | | ૫ |
| | ૯ | ૧ | | | | | ૭ | ૨ |
| | | ૫ | | | | ૯ | | ૪ |
| | ૭ | | | | | | ૮ | |
| ૧ | | ૩ | | | | ૨ | | |
| ૨ | ૫ | | | | | ૪ | ૯ | |
| ૪ | | | | ૫ | ૩ | | | |
| | | ૬ | | | ૭ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૬ | ૪ | ૯ | ૮ | ૩ | ૭ | ૧ |
| ૭ | ૪ | ૧ | ૬ | ૩ | ૫ | ૯ | ૮ | ૨ |
| ૮ | ૯ | ૩ | ૨ | ૧ | ૭ | ૪ | ૬ | ૫ |
| ૬ | ૭ | ૨ | ૮ | ૪ | ૧ | ૫ | ૯ | ૩ |
| ૩ | ૧ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૨ | ૬ |
| ૯ | ૮ | ૫ | ૩ | ૬ | ૨ | ૭ | ૧ | ૪ |
| ૧ | ૨ | ૭ | ૫ | ૮ | ૪ | ૬ | ૩ | ૯ |
| ૫ | ૩ | ૮ | ૯ | ૨ | ૬ | ૧ | ૪ | ૭ |
| ૪ | ૬ | ૯ | ૧ | ૭ | ૩ | ૨ | ૫ | ૮ |

## ચતુર આપો જવાબ

ભાવનગરથી મુંબઈ સુધીના દરિયાઈ અને રેલ માર્ગના પ્રવાસ માટે કયા સ્થળેથી ફેરી પકડવી પડે એ કહી શકશો?

માથું ખંજવાળો

અ) તળાજા
બ) ત્રાપજ
ક) ઘોઘા
ડ) સિહોર

## નોંધી રાખો

કિરણ ભલે સૂરજની હોય કે પછી આશાની હોય, એ કિરણ આપણી જિંદગીમાંથી અંધકારનો નાશ કરે છે.

## માઈન્ડ ગેમ

૫૫ વર્ષ પહેલા શરૂ થયેલી પ્રથમ વન – ડે ઈન્ટરનેશનલ પદ્ધતિની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ કયા બે દેશ વચ્ચે રમાઈ હતી?

અ) ઓસ્ટ્રેલિયા – ન્યૂઝીલેન્ડ બ) ઈંગ્લેન્ડ – ઓસ્ટ્રેલિયા ક) ભારત – શ્રીલંકા ડ) વિન્ડીઝ – આફ્રિકા

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| તુલા | ત્રાજવું |
| તોડ | નિકાલ |
| તૃષ્ણા | ઈચ્છા |
| તોટો | નુકસાન |
| તાત | પિતા |

ગુજરાત મોરી મોરી રે: ગાંધીનગર

ઓળખાણ પડી: લખનઊ

માઈન્ડ ગેમ: જેક કાલિસ

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: હિમસાગર એક્સપ્રેસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) પ્રતિમા પમાણી (૫) ગીતા ઉદેશી (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ભારતી બુચ (૧૧) લજિતા ખોના (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ડો. પ્રકાશ કટકિયા (૧૪) ભારતી પ્રકાશ કટકિયા (૧૫) પુષ્પા પટેલ (૧૬) ખુશરૂ કાપડિયા (૧૭) શ્રદ્ધા આશર (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) મીનળ કાપડિયા (૨૦) કિશોર બી. સંઘરાજકા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભાવના કર્વે (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) કલ્પના આશર (૨૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૯) નીતા દેસાઈ (૩૦) મહેશ દોશી (૩૧) અંજુ ટોલિયા (૩૨) પ્રવીણ વોરા (૩૩) જગદીશ ઠક્કર (૩૪) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૫) જયવંત પદમશી ચિખલ (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) નિતિન બજરિયા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) અરવિંદ કામદાર (૪૨) જ્યોત્સના ગાંધી (૪૩) રમેશ દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) હિના દલાલ

# એક્સિસ અને ઈન્ફોસિસના કડાકા પાછળ બેન્ચમાર્કની ત્રણ દિવસની આગેકૂચને લાગી બ્રેક, બજાર મિશ્ર પ્રત્યાઘાત આપનારા પરિબળોથી ઘેરાયેલું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના મિશ્ર પરિબળોની અસર સાથે સ્થાનિક ધોરણે એક્સિસ અને ઇન્ફોસિસ જેવા ઇન્ડેક્સના હેવીવેઇટ શેરોના કડાકા પાછળ બેન્ચમાર્કની ત્રણ દિવસની આગેકૂચને લાગીહતી અને બંને બેન્ચમાર્ક નેગેટિવ ઝોનમાં સરી પડ્યા હતા. સેન્સેક્સ સત્ર દરમિયાન ૭૮૦ પોઇન્ટના કડાકા સાથે ૭૬,૨૬૩.૨૯ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે ૭૭,૦૦૦ની સપાટી તોડતો ૪૨૩.૪૯ પોઇન્ટ અથવા તો ૦.૫૫ ટકાના ગાબડાં સાથે ૭૬,૬૧૯.૩૩ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે. જ્યારે નિફ્ટી ૧૦૮.૬૦ પોઇન્ટ અથવા તો ૦.૪૭ ટકાના મસમોટા ગાબડાં સાથે ૨૨,૨૦૩.૨૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. બેન્ક શેરોમાં જોરદાર વેચવાલી ચાલુ રહેતા બેન્ક નિફ્ટીમાં ૭૩૮ પોઇન્ટનો કડાકો જોવા મળ્યો હતો, જ્યારે મિડકેપ શેરોમાં લેવાલી જળવાઇ રહી હોવાથી બીએસઇ મિડકેપ ઇન્ડેક્સમાં ૧૪૦ પોઇન્ટનો અને નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં ૧૨૪ પોઇન્ટનો સુધારો જોવા મળ્યો હતો. સ્મોલકેપ ઇન્ડેક્સમાં પણ સુધારો જોવા મળ્યો હતો.

એફઆઇઆઇની એકધારી વેચવાલી અને ક્રૂડના વધતા ભાવને કારણે પણ બજારનું માનસ ખરડાયું હતું.

મિશ્ર પ્રત્યાઘાત આપનારા પરિબળોથી ઘેરાયેલું શેરબજાર ત્રણ દિવસની આગેકૂચ બાદ શુક્રવારે ફરી નેગેટિવ ઝોનમાં ઝડપથી ગબડ્યું હતું. સવારના સત્રમાં જ સેન્સેક્સ ૭૫૦ પોઈન્ટ સુધી નીચી સપાટીએ ગબડ્યો હતો અને નિફ્ટી ૨૩,૧૫૦થી નીચે સરક્યો હતો. ભારતીય બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક, સેન્સેક્સ અને નિફ્ટી શુક્રવારે નીચા મથાળે ખૂલ્યા હતા, ઇન્ડેક્સ હેવીવેઇટ્સ ઇન્ફોસિસ અને એક્સિસ બેન્કના ત્રીજા ક્વાર્ટરના પરિણામોને તેમના શેરોમાં આવેલા કડાકાને કારણે બંને બેન્ચમાર્કને ફટકો પડ્યો હતો.

આઈટી ફર્મ ઇન્ફોસિસના શેરમાં પ્રારંભિક કામકાજમાં જ પાંચ ટકા જેટલો કડાકો બોલી ગયો હતો. કંપનીએ તેના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યા હોવા છતાં સેન્સેક્સમાં તે ટોચની અંડરપર્ફોર્મર કંપની બની હતી. કંપનીએ તેની આવકનું અનુમાન પણ વધાર્યું હતું અને તેના યુ.એસ. ક્લાયન્ટ્સ તરફથી વિવેકાધીન ખર્ચમાં વધારો થવાના પ્રારંભિક સંકેતોને પ્રકાશિત કર્યા હતા.

જ્યારે લોનની ધીમી વૃદ્ધિ અને બેડ લોન માટેની ઉચ્ચ જોગવાઈઓને ટાંકીને ખાનગી ધિરાણકર્તા એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હોવાથી તેના શેરમાં પણ પ્રારંભિક સત્રમાં ચાર ટકાથી મોટો કડાકો નોંધાયો હતો. આમ બે દિગ્ગજ શેરોના તીવ્ર કડાકાએ બેન્ચમાર્કને ઝડપથી નેગેટિવ ઝોનમાં ધકેલ્યો હતો.

જોકે અપેક્ષાથી સારા પરિણામને પગલે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં સવારના સત્રમાં જ ચાર ટકાથી વધુ તેજી જોવા મળી હતી. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો શેર ૪.૪ ટકા વધીને શુક્રવારે બીએસઈ પર રૂ.૧,૩૨૫.૧૦ની ઇન્ટ્રા-ડે હાઈ પર પહોંચ્યો હતો, કંપની દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિની જાહેર કરવામાં આવી છે.

ઇન્ફોસિસએ તેના ત્રીજા ક્વાર્ટરના પરિણામોની જાણ કર્યા પછી, તેના શેર લગભગ પાંચ ટકા તૂટીને રૂ. ૧,૮૩૨ની દૈનિક નીચી સપાટીએ પહોંચી ગયા હતા. કંપનીએ રૂ. ૬,૮૦૬ કરોડના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૧૧ ટકા વૃદ્ધિ નોંધાવવા છતાં પરિણામો રોકાણકારોને ઉત્તેજિત કરવામાં નિષ્ફળ રહ્યા હતા. કંપનીની કામગીરીમાંથી આવક આઠ ટકા વધીને રૂ. ૪૧,૭૬૪ કરોડ થઈ છે. એક્સિસ બેંકનો શેર ૫.૭૮ ટકા ઘટીને રૂ. ૯૮૦ની બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યો હતો. કંપનીએ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૩.૮ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી, જે ગયા વર્ષે સમાન સમયગાળાની રૂ. ૬,૦૭૧ કરોડની સરખામણીએ રૂ. ૬,૩૦૪ કરોડ સુધી પહોંચ્યો હતો.

ઇન્ટરનેટ સર્વિસિસ, નેટવર્ક મેનેજમેન્ટ, ડેટા સેન્ટર અને કો-લોકેશન સર્વિસ, એન્ટરપ્રાઇઝ મેઇલિંગ સોલ્યુશન્સ સહિત નેટવર્ક સોલ્યુશન્સ પ્રોવાઇડર નેટલિંક્સ લિમિટેડે ૩૧ ડિસેમ્બરે પૂરા થયેલા ત્રિમાસિક




અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં ૪૭૦.૯૦ ટકાના વધારા સાથે રૂ. ૬૭૧ લાખનો ચોખ્ખો નફો, ૪૦.૫૦ ટકાના વધારા સાથે રૂ. ૮૯૬.૩૦ લાખની કુલ આવક અને ૨૦.૪૦ ટકાના વધારા સાથે રૂ. ૨૭૧.૮૦ લાખનો એબિટા નોંધાવ્યો છે. વારી રિન્યુએબલ ટેક્નોલોજીસના શેરમાં સાત ટકાનો કડાકો નોંધાવ્યો હતો. કંપનીએ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ પૂરા થતા ત્રીજા ક્વાર્ટરમાં ટેક્સ પછીના તેના નફા (કરવેરા પછીનો ચોખ્ખો નફો)માં વાર્ષિક ધોરણે ૧૬.૭ ટકા ઘટાડો (રૂ. ૫૩.૫૦ કરોડ) નોંધાવ્યા બાદ વારી રિન્યુએબલ ટેક્નોલોજીસનો શેર બીએસઈ પર સાત ટકા ઘટીને રૂ. ૧,૦૦૧.૦૫ની ઇન્ટ્રાડે નીચી સપાટીએ પહોંચ્યો હતો. સત કરતાર શોપિંગ શેર્સે શુક્રવારે એનએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર નેવું ટકા પ્રીમિયમ સાથે પ્રવેશ કર્યો છે. આઈપીઓની કિંમત રૂ. ૮૧ની સરખામણીએ શેર રૂ. ૧૫૩.૯ પર ખૂલ્યો હતો. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, યુએસ ફુગાવાના હળવા ડેટાને પગલે ફેડરલ રિઝર્વ દ્વારા સંભવિત દર ઘટાડાની આશા ફરી વધી છે. વધુમાં, ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ, ચાઇનાના અર્થતંત્રનો પાંચ ટકાથી વધુનો વિકાસ, ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડમાં જળવાયેલો ઘટાડાના ટ્રેન્ડ તેમ જ સ્થાનિક સ્તરે વેપાર ખાધમાં ઘટાડો થવાથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. જોકે, યુકેના નબળા આર્થિક વિકાસના ડેટા ચિંતાનો વિષય છે. આ ઉપરાંત નિષ્ણાતો માને છે કે ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડનો ઘટાડાનો ટ્રેન્ડ એવો નથી કે વિદેશી ફંડોની વેચવાલીના તીવ્ર દબાણને હળવું કરી શકે.

સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝન અને આગામી કેન્દ્રીય બજેટની વધુ અસર વર્તાશે, જે અંગે મિશ્ર મત પ્રવર્તે છે. વૈશ્વિક બજારમાં સુધારો અને સ્થાનિક સીપીઆઇ ફુગાવામાં ઘટાડો થવાથી શેરબજારને રાહત મળી છે, આનાથી આરબીઆઇને તેની આગામી નીતિ નક્કી કરવામાં થોડી છૂટ મળી શકે છે; જોકે, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને દસ વર્ષના બોન્ડની ઊંચી ઉપજ પર ધ્યાનપૂર્વક નજર રાખવામાં આવશે.

એશિયન બજારોમાં, સિઓલ અને ટોકિયો નેગેટિવ ઝોનમાં સપડાયા હતા, જ્યારે શાંઘાઈ અને હોંગકોંગના બેન્ચમાર્ક સકારાત્મક ક્ષેત્રમાં આગળ વધ્યા હતા. એ જ રીતે, યુરોપના બજારોમાં ઇક્વિટી બજારો બપોરના સત્રમાં ઊંચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. જ્યારે અમેરિકન બજારોમાં ગુરુવારે મંદી જોવા મળી હતી. વિદેશી ફંડો એકધારી અને મોટી વેચવાલી ચાલુ રાખી છે. એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૪,૩૪૧.૯૫ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૭ ટકા વધીને ૮૧.૪૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. પાછલા સત્રમાં, ગુરુવારે બીએસઇ બેન્ચમાર્ક ૩૧૮.૭૪ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૭૭,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરતો ૭૭,૦૪૨.૮૨ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૯૮.૬૦ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૨૩,૩૧૧.૮૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

શેરબજારમાં સતત ત્રીજા દિવસની આગેકૂચને બ્રેક લાગી હતી અને બેન્ચમાર્ક નીચી સપાટીએ ગબડ્યા હતા. એનર્જી, કેપિટલ ગુડ્સ અને મેટલ શેરો સર્વાધિક વધ્યા હતા, જ્યારે આઈટી અને ટેકનોલોજી તેમ જ બેન્ક શેરો ઘટ્યા હતા. સેન્સેક્સ ૭૭,૦૬૯.૧૯ ખૂલીને નીચામાં ૭૬,૨૬૩.૨૯ સુધી જઈને અંતે ૭૬,૬૧૯.૩૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૫ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૫ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૫૬ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૮૮૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૯૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૦૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૧ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૦ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૪ ટકા વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ એનર્જી ૧.૬૩ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૫૯ ટકા, મેટલ ૧.૫૪ ટકા, રિયલ્ટી ૧.૩૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૨૫ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૫ ટકા, પાવર ૦.૯૬ ટકા, એફએમસીજી ૦.૯ ટકા, યુટિલિટીઝ ૦.૫૯ ટકા, કોમોડિટીઝ ૦.૫૬ ટકા, કંઝયુમર ડિસ્ક્રેશનરી ૦.૩૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૬ ટકા, હેલ્થકેર ૦.૨૨ ટકા અને સર્વિસીસ ૦.૨૧ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૨.૫૭ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૨.૪૮ ટકા, ટેક ૨.૧૫ ટકા, બેન્કેક્સ ૧.૮૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૧૮ ટકા અને ઓટો ૦.૨૮ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઝોમેટો ૨.૭૯ ટકા, રિલાયન્સ ૨.૫૭ ટકા, નેસ્લે ૨.૨૬ ટકા, ટાટા સ્ટીલ ૧.૯૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૯૫ ટકા, આઈટીસી ૧.૭૦ ટકા, પાવર ગ્રીડ ૧.૬૫ ટકા, લાર્સન ૧.૬૦ ટકા સન ફાર્મા ૧.૨૮ ટકા અને ટાઈટન ૧.૨૩ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોસિસ ૫.૭૭ ટકા, એક્સિસ બેન્ક ૪.૭૧ ટકા, કાટક બેન્ક ૨.૫૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૧૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૯૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૯૧ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૧૧ ટકા, એચડીએફસી બેન્ક ૦.૯૭ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૮૧ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૯૪.૬૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૫૩૫ સોદામાં ૭૯૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૯,૭૫,૫૨૦ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૪૨,૫૦,૯૬૪.૩૯ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં એક પૈસાની નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્ય પ્રવાહ, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં કક્કમ વલણ, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આગેકૂચ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાધારણ એક પૈસાના ઘટાડા સાથે ૮૬.૬૨ના મથાળે રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૬૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૬.૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૬૨ અને ઉપરમાં ૮૬.૫૫ની રેન્જમાં અથડાઈને અંતે એક પૈસો ઘટીને ૮૬.૬૨ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા તૂટીને ૮૬.૮૧ની સપાટીએ બંધ રહ્યો હતો.

સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ક્રૂડતેલના ભાવમાં વધારો અને આયાતકારોની પ્રબળ માગને કારણે ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળી રહ્યું હોવાનું મિરે એસેટ્સ શૅરખાનનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૬.૫૫થી ૮૬.૯૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા વધીને ૧૦૮.૯૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૩૬ ટકા વધીને બેરલદીઠ ૮૧.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૨૩.૪૯ પૉઈન્ટનો અને ૧૦૮.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૩૪૧.૯૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# સોનામાં ₹ પંચાવનની આગેકૂચ, ચાંદીમાં ₹ ૯૬૪નો પ્રત્યાઘાતી ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવાનો આશાવાદ સપાટી પર આવતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવ ગત ૧૨મી ડિસેમ્બર પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવમાં ધીમો પ્રત્યાઘાતી ઘટાડો આવ્યો હતો તેમ જ ચાંદીના ભાવમાં પણ પીછેહઠ જોવા મળી હતી. તેમ છતાં વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. પંચાવનની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૯૬૪નો પ્રત્યાઘાતી ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૨૩૪નો ઉછાળો આવ્યા બાદ આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૯૬૪ના ઘટાડા સાથે રૂ. ૯૦,૮૨૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ



રૂ. પંચાવન વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૮,૯૨૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૯,૨૩૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી એકંદરે પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે રેટ કટના આશાવાદ હેઠળ ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પીછેહઠ નોંધાતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ગત ૧૨ ડિસેમ્બર પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે વધ્યા મથાળેથી ભાવ સાધારણ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭૦૬.૭૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને વાયદામાં પણ ભાવ ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં હાજર સોનાના ભાવમાં એક ટકા જેટલો ઉછાળો નોંધાયો હતો. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ પણ વધ્યા મથાળેથી ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૪૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકાના ફુગાવાના ડેટા જાહેર થયા બાદ રેટ કટના આશાવાદે ડૉલરમાં નરમાઈનું વલણ રહેતાં વૈશ્વિક સોનામાં સુધારાને ટેકો મળી રહ્યો હોવાનું કેડિયા કૉમૉડિટીઝનાં વિશ્લેષક અજય કેડિયાએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતાનુસાર આગામી ટૂંકા સમયગાળામાં સોનામાં ઔંસદીઠ ૨૬૯૪ ડૉલરની સપાટી મહત્ત્વની સપાટી અને ૨૭૨૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થશે અને જો આ પ્રતિકારક સપાટી કુદાવે તો ભાવ વધીને ૨૭૭૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય.

ગત બુધવારે અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત પશ્ચાત્ આ વર્ષે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ વખત કાપ મૂકે તેવી શક્યતા વધી હોવાનું ફેડ ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે જણાવતા કહ્યું હતું કે જો અમેરિકાના આર્થિક ડેટાઓ નબળા આવે તો ફેડરલ રિઝર્વ આ વર્ષે ત્રણથી ચાર વખત વ્યાજદરમાં કાપ મૂકી શકે છે. જોકે, એએનઝેડનાં વિશ્લેષકોનું માનવું છે કે વ્યાજદરમાં કપાતનો આધાર આર્થિક ડેટાઓ ઉપરાંત વૈશ્વિક રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાઓ પર હોવાથી એકંદરે વર્ષ ૨૦૨૫માં સોનાના ભાવની વધઘટનો આધાર પરંપરાગત માગ, વ્યાજદર અને ડૉલર ઈન્ડેક્સની વધઘટ પર રહેશે.

હવે બજારની નજર આગામી સપ્તાહથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ હોદ્દો અખત્યાર કર્યા બાદ કેવી નીતિઓ અપનાવે છે તેના પર સ્થિર થઈ છે.

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચીનનાં આર્થિક ડેટાઓ પ્રોત્સાહક આવ્યાના નિર્દેશો સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારો આવ્યો હતો. તેમ જ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે નિકલની આગોવાની હેઠળ કોપરની અમુક વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો સુધારો આવ્યો હતો, જ્યારે નિરસ માગે લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને બ્રાસ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ રહ્યું હતું. ગત વર્ષ ૨૦૨૪નાં ચોથા ત્રિમાસિકગાળામાં ધાતુના અગ્રણી વપરાશકાર દેશ ચીનનાં અર્થતંત્રમાં બજારની અપેક્ષા કરતાં વધુ ૫.૪ ટકાનો આર્થિક વૃદ્ધિદર જોવા મળ્યો હતો અને સમગ્ર વર્ષનો આર્થિક વૃદ્ધિદર પાંચ ટકાની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ હતા. તેમ જ ગત ડિસેમ્બર મહિનામાં ચીનની કોપરની આયાત ૧૩ મહિનાની ઊંચી સપાટીએ રહી હતી. આમ ચીનનાં પ્રોત્સાહક



અહેવાલે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ વધુ ૦.૨ ટકા વધીને ટનદીઠ ૯૨૬૮.૫૦ ડૉલરની સપાટીએ રહ્યા હતા.

દરમિયાન સ્થાનિક ધાતુ બજારમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ખાસ કરીને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટો સહિત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૦૪, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૯૪, રૂ. ૭૮૪, રૂ. ૮૪૮ અને રૂ. ૨૫૯ના મથાળે અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૭૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે લીડ ઈન્ગોટ્સ અને ટીનમાં સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૮૦ અને રૂ. ૨૬૩૪ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓ જેમ કે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૩૫, રૂ. ૫૭૫, રૂ. ૫૩૩ અને રૂ. ૧૯૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# સિંગતેલ સિવાયના અન્ય તેલોમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના માર્ચ વાયદામાં ગઈકાલે ૧૨૪ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના માર્ચ વાયદામાં ૧૭ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ હતા. આમ આજે વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલ ઉપરાંત ભાવઘટાડાના માહોલમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી શરતે અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં એકમાત્ર સિંગતેલના ભાવમાં જોવા મળેલા ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના સુધારાને બાદ કરતાં અન્ય તમામ તેલના ભાવમાં રૂ. પાંચથી ૨૫નો ઘટાડો આવ્યો હતો, જેમાં આરબીડી પામોલિનમાં રૂ. ૨૫, સોયા રિફાઈન્ડ, સન રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સરસવના ભાવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલના સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, રૂચી અને અલાનાના આરબીડી પામોલિનના રૂ.



૧૩૧૦ અને ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૨૦ અને રૂ. ૧૩૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો અને માત્ર છૂટાછવાયા રવાનગીના કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ ગૂણી સોયાસીડની આવક થઈ હતી. તેમ જ આજે રાજસ્થાન ખાતે સરસવની અંદાજે ૭૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૪૨૫થી ૬૪૫૦માં થયા હતા. આ સિવાય સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૧૫ અને રૂ. ૧૩૨૫માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૨૮૫થી ૨૨૯૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્વામિત્વ યોજના હેઠળ સવાયા કચ્છી વડા પ્રધાન, કચ્છના ત્રણ તાલુકાના ૧૨ ગામના મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ૮૬૩ જેટલા ગ્રામ્ય પંથકોમાં આવેલી મિલકતોના આધાર પ્રોપર્ટી કાર્ડ માટેની 'સ્વામિત્વ યોજના' હેઠળ કામગીરી ચાલી રહી છે અને આ રણપ્રદેશનાં ત્રણ તાલુકાનાં ૧૨ ગામના પ્રોપર્ટી કાર્ડ બની જતાં ૧૮મી જાન્યુઆરી ૨૦૨૫, શનિવારના રોજ ભુજના સ્મૃતિવન ઓડિટોરીયમમાં વડા પ્રધાન મોદીના હસ્તે ઇ-વિતરણનો કાર્યક્રમ યોજાશે.

કચ્છમાં ૮૬૩ ગામો પૈકી ૬૨૬ ગામોમાં સરવે ઑફ ઇન્ડિયા દ્વારા ડ્રોન કૅમેરા મારફતે માપણીની કામગીરી પૂર્ણ કરી લેવાઈ છે. ૩૦૩ ગામના નકશા સરવે ઑફ ઇન્ડિયા તરફથી મળ્યા છે. ૨૨૪ ગામોનું સર્વેયર, તલાટી મારફતે ગ્રાઉન્ડ ટુ થિંગ કામગીરી સંપન્ન કરાઇ છે. ૨૧૮ ગામોમાં હક્કચોક્કસીની કામગીરી પણ પૂર્ણ થઇ છે અને ૧૮૨ જેટલા ગામોનું પ્રમોલગેશન પૂર્ણ થયું છે.

અત્યાર સુધી ૧૫,૭૦૩ લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડનો લાભ મળ્યો છે ત્યારે કચ્છના તમામ ૧૦ તાલુકાના ૨ લાખથી વધુ મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ અપાશે.

નખત્રાણા તાલુકાના કાદિયા મોટા, ખાંભલા, ખારડિયા, દેવસર, રામપર રોહા, લક્ષ્મીપુર-તરા, વિગોડી, સાંગનારા, ભચાઉ તાલુકાના કરમરિયા, રાજણસર, લખપત તાલુકાના કોરિયાણી, મા આશાપુરાના સ્થાનક માતાના મઢ મળી કુલ ૧૨ ગામોમાં ગ્રામ્ય સ્તરે સંબંધિત મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરાશે. શનિવારના બપોરે ૧૨.૩૦ કલાકે ભુજના સ્મૃતિવન ઑડિટોરિયમ ખાતે યોજાનારા કાર્યક્રમમાં સવાયા કચ્છી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રોપર્ટીકાર્ડનું ઇ-વિતરણ કરવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારના દરેક મિલકત ધારકોને માલિકી હક્ક દર્શાવતો એક કાયદાકીય દસ્તાવેજ મળવાથી લોન લેવામાં સરળતા, મિલકતના જીઆઇએસ આધારિત નકશા, ગામના વિકાસ આયોજન માટે સચોટ જમીન રેકર્ડ તૈયાર થશે તેમ જ કરની ચોક્કસ વસૂલાત ઉપરાંત મિલકત સંબંધી વિવાદ અને કાયદાકીય કેસની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે તેમ ભુજ-મોરબી વિસ્તારના સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું. ■

# કચ્છના વેકરિયાના રણમાં યોજાઈ છ કિલોમીટર લાંબી ૧૫૦ અશ્વોની દિલધડક રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના વેકરિયા ગામના વિશાળ રણ વિસ્તારમાં ભુજ અશ્વ પાલક ગ્રુપ દ્વારા આયોજિત અશ્વ દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કુલ ૧૫૦ માન્યતા પ્રાપ્ત અશ્વોએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ નંબરે મહારાષ્ટ્રના હાજી શોએબનો અશ્વ વિજેતા બન્યો હતો.

છ કિલોમીટર લાંબી આ દોડ સ્પર્ધામાં ભાગ લેવા ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર અને રાજસ્થાનથી આવેલા ઘોડેસવારો માટે ૨૫ દિવસની ખાસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું,

સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવનાર મહારાષ્ટ્રના હાજી શોએબને ઈનામ સ્વરૂપે નવી મોટરસાઈકલ આપવામાં આવી હતી.

બીજા ક્રમાંકે આવનાર વિજેતાને રૂ. ૨૫,૦૦૦ અને ત્રીજા ક્રમાંકે આવનાર વિજેતાને રૂ. ૧૫,૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

આ અશ્વ દોડમાં હિન્દુ, મુસ્લિમ અને શીખ સમાજના લોકોએ સાથે મળીને સહયોગ આપ્યો હતો. દેશમાં માન્યતા પ્રાપ્ત સાત નસલના ઘોડાઓમાં કચ્છી-સિંધી ઘોડાનો પણ સમાવેશ થાય છે.

રણોત્સવ માણવા આવેલા હજારો પ્રવાસીઓએ પણ આ અદ્ભુત નજારો નિહાળ્યો હોવાનું આયોજક ગ્રુપના સભ્ય અબ્દુલ જતે જણાવ્યું હતું. ■

# બેટ દ્વારકામાં ડિમોલિશન ઓપરેશન સાતમા દિવસે યથાવત્: આઠ રહેણાક મકાનો તોડી, ૩.૬૧ કરોડની જમીન મુક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બેટ દ્વારકામાં ચાલી રહેલું ઓપરેશન ડિમોલિશન સાતમા દિવસે પણ ચાલું રહ્યું હતું. શુક્રવારે વધુ આઠ સ્થળે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. હનુમાન દાંડી રોડ પર આવેલા અનધિકૃત બાંધકામો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું.

સત્તાવાર માહિતી મુજબ, કુલ ૭,૬૧૪ ચોરસ મીટરની જમીન પર બનાવવામાં આવેલા ૮ રહેણાંક મકાનોને તોડી પાડવામાં આવ્યા છે. આ જમીનની સરકારી કિંમત રૂ. ૩.૬૧ કરોડ આંકવામાં આવી છે. અત્યાર સુધીમાં આ અભિયાન હેઠળ કુલ ૧.૨૨ લાખ ચોરસ મીટર જમીન પરના ૪૦૬ દબાણો દૂર કરવામાં આવ્યા છે, જેની કિંમત રૂ. ૬૨.૭૩ કરોડ થવા જાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૨માં ઓપરેશન ડિમોલિશનના પ્રથમ તબક્કામાં સાડા ત્રણ લાખ ચોરસ ફૂટ જમીન પરના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. હવે બીજા તબક્કામાં રૂ. ૬૩ કરોડની કિંમતની સરકારી જમીન મુક્ત કરવામાં આવી હતી. આગામી દિવસોમાં જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ દબાણ હટાવ અભિયાન શરૂ થવાની શક્યતા છે, જેના કારણે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો છે. વિશેષ કરીને દરિયાઈ પટ્ટી વિસ્તારમાં આ અભિયાન આગળ વધી શકે છે.

મેગા ડિમોલીશનની ડ્રાઇવ દરમ્યાન કોઇપણ સ્થળે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો, તંત્ર તેમજ એસપી નીતેશ પાંડેયની દેખરેખ હેઠળ તમામ પ્રકારની તકેદારી રાખવામાં આવી હતી. સરકારી જમીનો પરના દબાણો દૂર થતાં હવે વિકાસના કાર્યોને વેગ મળશે. ■

# બજરંગદાસ બાપાની પુણ્યતિથિ મહોત્સવ બગદાણામાં દોઢ લાખ ભક્તો ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સંત શિરોમણી પરમ પૂજ્ય બજરંગદાસ બાપાની પુણ્યતિથિ નિમિત્તે માત્ર બગદાણા જ નહીં પરંતુ ભાવનગર શહેર અને સમગ્ર ગોહિલવાડ પંથકમાં બાપા સીતારામનો ગગનભેદી નારો ગુંજી ઊઠ્યો હતો. ગુરુ આશ્રમ બગદાણા ખાતે દોઢ લાખ જેટલા ભક્તજનો ઊમટી પડ્યા હતા. આબાલવૃદ્ધ સહિત સૌ કોઈએ બાપાના ચરણે શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

બગદાણામાં સવારે બાપાની આરતી, ધ્વજ પૂજન, ગુરુ પૂજન બાદ પરંપરાગત નગરયાત્રા યોજાઇ હતી જેને ભાવિકો અને ગ્રામજનો એ પુષ્પ વર્ષા સાથે હૃદયના ભાવથી વધાવી હતી અને બાપા સીતારામનો જયઘોષ ગુંજ્યો હતો. બગદાણા ઉપરાંત ભાવનગર શહેર અને જિલ્લામાં બાપાની મઢુલીઓ શણગારી પૂજા, આરતી અને ઠેરઠેર પ્રસાદ વિતરણ કરાયું હતું. બગદાણા-ભાવનગરથી વધારાની એસટી બસો દોડાવાઈ હતી. પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. ■

# ક્રિપ્ટો કરન્સીમાં ત્રણ ગણું વળતર મેળવવાની લાલચમાં ૮૦૦૦ જેટલા રોકાણકારોના ૩૫૦ કરોડ ડૂબ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના લગભગ ૮ હજારથી વધુ લોકોને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી ત્રણ ગણું વળતર આપવાની લાલચમાં આવી રૂપિયા ૩૫૦ કરોડ ગુમાવ્યા હોવાનું કૌભાંડ બહાર આવ્યું હતું. સમગ્ર મામલે નાણાં ગુમાવનાર અરજદારોએ રાજકોટ પોલીસ કમિશ્નરથી માંડી ડીજીપી અને ગૃહ રાજ્ય પ્રધાનને પાંચ કૌભાંડીઓ વિરુદ્ધ લેખિત અરજી કરી ન્યાય અપાવવા ગુહાર લગાવી હતી.

કૌભાંડ અંગે મળતી વિગત મુજબ, બ્લોક ઓરા નામની કંપની ૨૦૨૦માં શરૂ થઈ હતી. તે કંપનીના માલિકો અને મેનેજર સહિતના ૬ શખસોએ રાજકોટ સહિત ગુજરાતભરમાં રોકાણકારોને રૂપિયા ૪.૨૫ લાખનું રોકાણ કરી તેની સામે દરરોજના ચાર હજાર રૂપિયાના વળતરની લાલચ આપી આશરે છેલ્લા બે વર્ષમાં ૩૫૦ કરોડ રૂપિયા ઉસેટી ફરાર થઈ જતાં રાજકોટ સહિતના ગુજરાતભરના રોકાણકારોને રાતાપાણીએ રોવાનો વારો આવ્યો હતો.

આ મામલે રાજકોટના કોઠારીયા વિસ્તારના શક્તિ સોસાયટીમાં રહેતા અને સાબુ-કપડાં ધોવાના પાવડરની એજન્સી ધરાવતા વેપારી મોહસીન રસીદભાઈ મુલતાની સહિતના રાજકોટના રોકાણકારોએ પોલીસ કમિશનર સમક્ષ કરેલી અરજીમાં બ્લોક ઓરા કંપનીના સ્થાપક ફિરોઝ દિલાવર મુલતાની(રહે. અંકલેશ્વર, ભરૂચ), ભાગીદાર નીતિન જગત્યાની, સૌરાષ્ટ્ર હેડ અમિત મુલતાની( લીંબડી), માર્કેટીંગ હેડ અઝરૂદ્દીન સતારભાઈ મુલતાની અને ગુજરાત હેડ મકસુદ સૈયદનું નામ આપ્યું હતું. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. ■

# રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય એસઓજીએ બે નકલી ડોક્ટરને ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જીલ્લામાં ગ્રામ્ય એસઓજીએ ગોંડલના સડકપીપળીયા અને શાપર વેરાવળના ઢોલરા ગામેથી બે નકલી તબીબને ઝડપી લીધા હતા. બન્ને નકલી તબીબ સામે મેડિકલ પ્રેક્ટી એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી. લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા બન્ને છેલ્લા ઘણા સમયથી ડીગ્રી વિના લોકોની સારવાર કરતા હતા.રાજકોટ ગ્રામ્ય એસઓજીના પી.આઈ એફ.એ. પારગી અને તેમની ટીમે જિલ્લામાં બે નકલી ડોક્ટરને ઝડપી લીધા હતા.

આ ગોંડલના સડકપીપળીયા ગામે બીએચએમએસની ડીગ્રી ધરાવતાં મૂળ ભાવનગરના તળાજાના રાજપરા વતની અને હાલ ગોંડલના ભરૂડીમાં રહેતા ડો.રાજુભાઈ રાણાભાઈ ચૌહાણની ધરપકડ કરી હતી.પકડાયેલા ડો.રાજુ ડીગ્રી વિના એલોપથીની પ્રેકિટસ કરતાં હોવાનું જાણવા મળ્યું હતું. ડો.રાજુભાઈએ રાજસ્થાનના ગંગાનગર ખાતેથી ડીગ્રી મેળવી છે. હેલ્થ ઑફિસરે જણાવ્યા અનુસાર આ પ્રકારની ડીગ્રી ધરાવનાર એલોપથીની પ્રેકટીસ કરી શકે તેમ ન હોય કાર્યવાહી કરવામાં આવી છે.

બીજા દરોડામાં એસઓજીએ લોધીકાના ઢોલરા ગામેથી ધો.૧૦ પાસ નકલી ડોક્ટર રાજકોટના મવડી ચોકડી, આર.કે. એમ્પાયરની પાછળ, જલારામ સોસાયટી-૧માં રહેતા રાજેશ ભીખાભાઈ મારડીયા (ઉ.વ.૩૭)ને પણ ઝડપી લીધો હતો. એસઓજી પાસેથી મળેલી વિગતો અનુસાર, આરોપી રાજેશ અગાઉ રાજકોટની એક ખાનગી હૉસ્પિટલમાં નોકરી કરતો હતો. અગાઉની નોકરીના અનુભવના આધારે તેણે ઢોલેરામાં તબીબ તરીકેની પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. તે છેલ્લા ૫ વર્ષથી પ્રેક્ટિસ કરે છે.

એસઓજીએ બંને ડોકટરોને ત્યાંથી જુદા-જુદા પ્રકારની એલોપથીની દવાઓ, ઈન્જેકશનો અને બાટલાઓ વગેરે મળી કુલ રુ.૩૨,૩૩૩નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# ઈફ્કોએ એનપીકે ખાતરમાં ૫૦ કિલોની બેગ દીઠ ૨૫૦ રૂપિયાનો વધારો કરતાં ખેડૂત સંગઠનોનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ખેડૂતોને નવા વર્ષમાં જ આર્થિક ફટકાનો સામનો કરવો પડ્યો છે. ઈફકોએ રાસાયણિક ખાતરની ૫૦ કિલોની પ્રતિ બેગ દીઠ ૨૫૦ રૂપિયાનો ભાવવધારો કર્યો હતો. આ ભાવ વધારા બાદ અગાઉ ૧,૪૭૦ રૂપિયામાં મળતું એનપીકે ખાતર હવે ખેડૂતોએ ૧૭૨૦ રૂપિયામાં ખરીદવું પડશે.

આ ભાવ વધારાથી રવિ સીઝનમાં ખેતી કરતા ખેડૂતોને સૌથી વધુ અસર થશે. ખેડૂત સંગઠનોએ આ ભાવવધારાનો વિરોધ કર્યો હતો. રાજ્યમાં અંદાજે ૭ લાખ મેટ્રિક ટન ખાતરનો વપરાશ થાય છે.

ઈફકોએ રાસાયણિક ખાતરમાં ભાવ વધારો કરતાં કિસાન સંઘના આગેવાનોએ કહ્યું હતું કે, ખેડૂતો માટે આ ભાવ વધારો કમરતોડ છે. ખેડૂતોની આવકમાં ઘટાડો થશે. ખાતર પરનો ભાવવધારો પોસાય તેમ નથી.

કૉંગ્રેસના નેતા મનહર પટેલે કહ્યું હતું કે ખાતરની જરૂર છે ત્યારે જ સરકારે ખેડૂતોને મોટો ઝટકો આપ્યો છે. ભાવ વધારાનું કારણ સરકારે જાહેર કરવું જોઇએ.

આ ઉપરાંત રાજ્યના ખેડૂતોનું કહેવું હતું કે, એક પણ પાકના ભાવ મળતા નથી. ઉત્પાદન પડતર કરતા પણ નીચા ભાવે ખેડૂતોને તેમનો પાક વેચવાની ફરજ પડે છે.

ખેડૂત આગેવાનોએ કહ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષમાં યુરિયા ખાતરના ભાવમાં કોઈ વધારો થયો નથી, પરંતુ એનપીકે ખાતરમાં કરવામાં આવેલો આ ભાવ વધારો ખેડૂતો માટે આર્થિક બોજ બની રહેશે. તેમણે કેન્દ્ર સરકારને આ ભાવ વધારો પાછો ખેંચવા અપીલ કરી હતી, જેથી સબસિડી મળવા છતાં ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીઓમાં વધારો ન થાય. ■

# આસારામ યૌનશોષણ કેસમાં સાક્ષીના હત્યારાને રિમાન્ડ પૂર્ણ થતાં જેલ હવાલે કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આસારામ યૌનશોષણ કેસના સાક્ષીના હત્યારાને રાજકોટ ક્રાઈમ બ્રાંચે ૧૦ વર્ષ બાદ કર્ણાટકથી ઝડપી પાડીને સીઆઈડી ક્રાઈમને સોંપ્યો હતો. ત્યાર બાદ તેને કોર્ટમાં રજૂ કરીને પાંચ દિવસના રિમાન્ડ પર મોકલાયો હતો. રિમાન્ડ દરમિયાન આરોપીએ સુરતમાં ૧૫ દિવસ મકાન ભાડે રાખી ત્યાં બેઠા બેઠા રાજકોટમાં હત્યાના પ્લાનને અંજામ આપ્યો હોવાનું પોલીસ સમક્ષ કબૂલ્યું હતું. આરોપીના રિમાન્ડ પૂર્ણ થતાં તેને જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

આસારામ યૌનશોષણ કેસના સાક્ષી અમૃત પ્રજાપતિના હત્યારાને ઝડપી તેને કોર્ટમાં રજૂ કરીને પાંચ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતાં. ત્યાર બાદ સીઆઈડી ક્રાઈમની એક ટીમ સુરત ખાતે તપાસ માટે દોડી ગઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં કિશોર હત્યાના પ્લાનમાં સામેલ હતો. વર્ષ ૨૦૧૪માં જ્યારે હત્યાને અંજામ આપ્યો ત્યારે તેણે સુરતમાં એક મકાન ભાડે રાખી ત્યાં ૧૫ દિવસ રોકાણ કરીને ત્યાં બેઠા બેઠા જ હત્યાને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. હત્યાના બનાવ બાદ તેણે અલગ અલગ આશ્રમોમાં આશરો લીધો હતો. આ કેસમાં હજી ફરાર થયેલા સાત આરોપીઓને પકડવા માટે પોલીસે સઘન તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટના પેડક રોડ પર ૨૩ મે, ૨૦૧૪ના રોજ ઓમ શાંતિ આરોગ્ય ધામમાં દર્દીના સ્વાંગમાં આવેલા શાર્પ શૂટરે આસારામ કેસના સાક્ષી અમૃત પ્રજાપતિ ઉપર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં પ્રજાપતિને ગળામાં ગોળી વાગતાં ગંભીર ઇજા પહોંચી હતી. તેમને સારવાર માટે અમદાવાદની હૉસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમનું મૃત્યુ નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આરોપી નાસતો ફરતો હોવાથી તેને પકડવા માટે પોલીસ મથી રહી હતી. પરંતું આખરે ૧૦ વર્ષના સમયગાળા બાદ રાજકોટ ક્રાઈમ બ્રાંચ દ્વારા તેને કર્ણાટકથી દબોચી લેવામાં આવ્યો હતો. ■

# જામનગરમાં યોજાયેલી કૉંગ્રેસની બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મુદ્દે રણનીતિ ઘડાઈ

અમદાવાદ: સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લા અને બે મહાનગરપાલિકામાં કૉંગ્રેસના સંગઠનને વધુ મજબૂત કરવા માટે શુક્રવારે જામનગરમાં બેઠક યોજાઈ હતી. જેમાં કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને ગુજરાતના પ્રભારી મુકુલ વાસનીક સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં આગામી નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓને લઈને પણ રણનીતિ ઘડવામાં આવી હતી.

આ બેઠક પહેલા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે મીડિયાને જણાવ્યું હતું કે, સરકાર ખેડૂતો અને માછીમારોના પ્રશ્નોનું નિરાકરણ લાવવાને બદલે માત્ર પોકળ વચનો આપે છે. તાજેતરના ડિમોલિશન અભિયાન અંગે તેમણે આરોપ મૂક્યો કે, ભાજપના સમર્થકોના મોટા દબાણો હટાવવામાં આવતા નથી, જ્યારે નાના લોકોના દબાણો તોડી પાડવામાં આવે છે.

આ બેઠકમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. પક્ષમાં વારંવાર ચર્ચામાં આવી રહેલા જૂથવાદ અંગે પણ ચર્ચાઓ થઈ હોવાનું કૉંગ્રેસના સૂત્રોએ જણાવ્યું હતું. સોરાષ્ટ્રમાં કૉંગ્રેસને વધુ મજબૂત કરવા માટે બૂથ લેવલથી જ કામ શરૂ કરવા કાર્યકરોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું હતું. પ્રદેશ પ્રમુખ અને પ્રભારીએ નેતાઓ અને કાર્યકરોને એક થઈને કૉંગ્રેસના સંગઠનને વધુ મજબૂત કરવા સૂચનાઓ આપી હતી. ■

# અંજારમાં ભેદી સંજોગોમાં બંધ ઘરમાંથી મા-દીકરાના કોહવાઈ ગયેલા મૃતદેહો મળી આવતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર શહેરની મકલેશ્વર-૧ સોસાયટીના એક રહેણાક મકાનમાંથી વૃદ્ધ માતા અને યુવાન પુત્રના ભેદી સંજોગોમાં ડી-કમ્પોઝ થઇ ગયેલા મૃતદેહો મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. બનાવ આપઘાતનો છે કે કુદરતી મૃત્યુનો તે સ્પષ્ટ ન થતાં પોલીસે મૃતકોના વિસેરા લઈને એફએસએલમાં મોકલી આપ્યાં છે.

બનાવની તપાસ કરી રહેલા પી.એસ.આઈ જી.ડી. ગઢવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, મરણ જનાર વૃધ્ધ મહિલા મુક્તાબેન દિલીપભાઈ જોશી (ઉ.વ. ૬૯)ના પતિ કોરોનામાં મૃત્યુ પામ્યા હતા. મૃતક ડાયાબિટીક હતા અને અત્યંત મેદસ્વી શરીર હોઈ પથારીવશ રહેતાં હતાં. અપરિણીત પુત્ર ભાવેશ અંજાર નગરપાલિકામાં વર્ષ ૨૦૧૩થી પંપ ઓપરેટર તરીકે અને રાત્રે હોમગાર્ડ તરીકે ફરજ બજાવીને બીમાર માની સેવાચાકરી કરતો હતો.

મુક્તાબેનનો મૃતદેહ કોહવાઈ ગયેલી હાલતમાં પલંગ પરથી મળી આવ્યો હતો જ્યારે ભાવેશના મૃત શરીર આસપાસ ઝેરનાં ટીપાં અને ઝેરની બોટલ પણ મળી આવી હતી, જેથી માતાના કુદરતી મૃત્યુ બાદ આઘાતમાં આવી જઈને આ કળિયુગના શ્રવણે ઝેર પી આપઘાત કરી લીધો હોવાનું પોલીસ માની રહી છે. ■

### જામનગર ડી.આર.આઇ.નું ઓપરેશન

# મુંદરા બંદરેથી માલગાડી મારફતે દિલ્હી તરફ જતો ૩૫ ટન સોપારીનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દુબઈથી મુંદરા અદાણી બંદર અને ત્યાંથી માલગાડી મારફતે દિલ્હી તરફ પ્રસ્થાન કરી ગયેલા ત્રણ કન્ટેનરોને પૂર્વ બાતમીના આધારે જામનગરની ડિરેક્ટોરેટ ઑફ રેવેન્યુ ઇન્ટેલીજન્સની ટુકડીએ રોકીને તેમાંથી અઢી કરોડની કિંમતનો સોપારીનો જથ્થો ઝડપી પાડયો હતો.

આ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, દુબઇથી ત્રણ કન્ટેનર મુંદરા બંદર પર આવ્યાં હતાં જ્યાંથી ત્રણ કન્ટેનર દિલ્હીની પેઢીને રવાના કરવામાં આવ્યાં હતાં. જોકે ત્રણ કન્ટેનરમાં મિસડિકલેરેશન થકી ઘુસાડવામાં આવેલી સોપારી છે તેવી બાતમી જામનગર ડી.આર.આઈની ટુકડીને મળતા તુગલખાબાદના આઇસીડી (ઇન્લેન્ડ કન્ટેનર ડેપો) પાસે પહોંચેલી માલગાડીને અટકાવીને આ કન્ટેનરની તલાશી લેવાતાં અંદરથી અઢી કરોડની કિંમતની ૩૫ ટન પ્રતિબંધિત સોપારીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

દિલ્હીની જે પેઢીએ જથ્થો મંગાવ્યો છે તેની પૂછપરછ હાથ ધરવામાં આવશે. હાલ આ કેસમાં તમામ પાસા તપાસવામાં આવી રહ્યાં છે. ■

# શિયાળાએ અસલી મિજાજ બતાવ્યો નલિયા ૬ ડિગ્રી ન્યૂનતમ તાપમાને ઠંડુંગાર બન્યું

ભુજ: કચ્છમાં છેલ્લા એક સપ્તાહથી ન્યૂનતમ તાપમાન સાથે રાજ્યભરમાં અવ્વલ ક્રમે ઠરી રહેલાં અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં શિયાળાએ અસલી મિજાજ બતાવતા લઘુતમ તાપમાન ૬ ડિગ્રી પર સ્થિર થયું હતું. તીવ્ર ઠારથી જનજીવનને વ્યાપક અસર થતા વહેલી સવારે લોકો ઠેર ઠેર તાપણાં કરતા જોવા મળ્યા હતા.

દિવસનું ઉષ્ણતામાન પણ ઘટીને ૨૬ ડિગ્રી આસપાસ રહેવા લાગતાં ભરબપોરે પણ ઠંડક અનુભવાઇ રહી છે. ઠંડીના તીવ્ર મોજાને પગલે સૂર્યાસ્ત થતાં જ બજારો સૂમસામ જોવા મળી હતી. ભુજમાં લઘુતમ તાપમાનનો સત્તાવાર આંક ૧૧.૪ ડિગ્રી નોંધાયો હતો.

દરમ્યાન, કચ્છ પર ફરી વળેલા ઠંડીના તીવ્ર મોજાંને કારણે ધોરડો ખાતે રણોત્સવ માણવા આવેલા સહેલાણીઓ ખુલ્લા રણમાં વેગીલા વાયરા સાથે પડી રહેલી કાતિલ ઠંડીના મારથી મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ■

# ભાવનગરમાં તલવાર અને છરીના ઘા ઝીંકી યુવાનની હત્યા કરનાર ત્રણ શખસ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના પથિક આશ્રમ નજીક તલવાર અને છરીના ઘા ઝીંકી યુવાનની હત્યા કરનાર ત્રણ શખસની પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. ભાવનગરના કાજીવાડ, લોહાણા જ્ઞાતિની વાડી સામે આવેલ ગંડાળાના ચોકમાં રહેતા ખાલીદખાન રજાકખાન પઠાણના ભાણેજ આમિરખાનના ઘર પાસે અરમાન ઉર્ફે ભોલુ સલીમભાઈ લાખાણી ( રહે. શિશુવિહાર ) અવારનવાર ગાળો બોલતો હોવાથી ખાલીદખાન પઠાણ અને તેના સંબંધી સાહિલ રાજા તથા મિત્ર મુસ્તુફા ઉર્ફે કાળુભાઈ કાચવાલા અરમાનના પિતા સલીમભાઈ લાખાણીની દુકાને ગયા હતા અને તેમનો દીકરો અવારનવાર ગાળો બોલતો હોઇ તેને સમજાવવા માટે જણાવ્યું હતું. ત્યાર બાદ તેઓ પથીકાશ્રમ પાસે આવેલા અજવા ચાઈનીઝ પોઇન્ટ વાળા ખાચામાં ઊભા હતા તે દરમિયાન એક્સેસ સ્કૂટરમાં અરમાન ઉર્ફે ભોલુ સલીમભાઈ લાખાણી (રહે. શિશુવિહાર), રહેમાન ઉર્ફે દિલીપ ઈરફાનભાઇ ફરિયાણી (રહે. બાપેસરા) અને અરમાનનો કારીગર આફતાબ તલવાર અને છરી લઈને આવ્યા હતા અને 'તમે મારા પિતાને કેમ ફરિયાદ કરી' તેમ કહી ગાળો આપતાં, તેને ગાળો આપવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા શખસોએ ખાલીદખાનના મિત્ર મુસ્તુફા ઉર્ફે કાળુભાઈ કાચવાલા ઉપર તલવાર અને છરી વડે હુમલો કરતાં મુસ્તુફાભાઈને ગંભીર ઇજા થતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે ગંગાજળિયા પોલીસે અરમાન ઉર્ફે ભોલુ સલીમભાઈ લાખાણી (રહે. શિશુવિહાર ) રહેમાન ઉર્ફે દિલીપ ઈરફાનભાઇ ફરિયાણી (રહે. બાપેસરા) અને અરમાનના કારીગર આફતાબ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી હત્યામાં સામેલ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી તેમને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. ■